

પેજ-08

'લોકો મને આઈટમ ગર્લ સમજતા હતા...' અભિનેત્રીનું દર્દ છલકાયું

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09

Ab De Villiers વિરાટનો ખાસ દોસ્ત મેદાનમાં કરશે વાપસી !





હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 26.00 | 16.00 |
| વડોદરા | 28.00 | 16.00 |
| સુરત | 29.00 | 17.00 |

પેજ 5



'અમેરિકાને ફાયદો નહીં થાય પણ...' ટેરિફ અંગેની ધમકીઓ પર...

23 JANUARY-2025 THURSDAY

અમેરિકામાં ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓની બેઠક, જયશંકર અમેરિકી...



પેજ 10

શેરબજાર

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 76404.99 | ▲ | 566.63 |
| નિફ્ટી | 23155.35 | ▲ | 130.70 |
| સોનું | 79590.00 | ▲ | 366.00 |
| ચાંદી | 91805.00 | ▼ | 286.00 |

વર્ષ-14 । અંક-066 । વિક્રમ સંવત-2081 । પોષ વદ-09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


■ મહારાષ્ટ્રના જલગાંવમાં પુષ્પક ટ્રેનને મોટો અકસ્માત ■ 40 મુસાફરો અકસ્માતમાં ઘાયલ થયાં ■ મુસાફરો સામે એકબાજુ 'ખાઈ' બીજી તરફ 'કૂવા' જેવો ઘાટ

# ટ્રેનમાં આગની અફવાથી મુસાફરો કૂદ્યા, બીજી ટ્રેને 12ને કચડ્યાં

## જલગાંવમાં સર્જાયું ભયાનક દ્રશ્ય... પાટા પર મૃતદેહો વિખેરાયેલા, ચારેબાજુ ચીસો...

(એજન્સી) જલગાંવ, તા. 22 | મહારાષ્ટ્રના જલગાંવમાં બુધવારે સાંજે 4:42 વાગ્યે એક મોટો ટ્રેન અકસ્માત થયો. અહીં, માહેજી અને પરધાડે વચ્ચે પુષ્પક એક્સપ્રેસમાં આગ લાગવાની અફવા ફેલાઈ. આ દરમિયાન એક મુસાફરે ચેઈન ખેંચી. ટ્રેન ઉભી રહી ગઈ અને ગભરાયેલા મુસાફરો બહાર કૂદી પડ્યા. બીજા ટ્રેક પર આવી રહેલી કર્ણાટક એક્સપ્રેસે ઘણા મુસાફરોને કચડી નાખ્યા. જલગાંવ એસપીએ 12 લોકોનાં મોતની પુષ્ટિ કરી છે. 40 મુસાફરો ઘાયલ થયાના અહેવાલ છે. મધ્ય રેલવેના ભુસાવલ ડિવિઝનના સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે જે જગ્યાએ ઘટના બની ત્યાં એક તીવ્ર વળાંક હતો. આ કારણે, બીજા ટ્રેક પર બેઠેલા મુસાફરોને ટ્રેનના આગમનનો ખ્યાલ આવ્યો નહીં. આ જ કારણ હતું કે કર્ણાટક એક્સપ્રેસ નીચે આટલી મોટી સંખ્યામાં લોકો કચડાઈ ગયા. સેન્ટ્રલ રેલ્વેના સીપીઆરઓ સ્વપ્નિલ નીલાએ જણાવ્યું હતું કે, ભુસાવલથી મેડિકલ રિલીફ ટ્રેન રવાના થઈ ગઈ છે.

### ગભરાટમાં મુસાફરો બહાર કૂદી પડ્યા

એક રેલવે અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું કે પુષ્પક એક્સપ્રેસના એક કોચમાં 'ગરમ એક્સલ' અથવા 'બ્રેક-બાઈન્ડિંગ' (જામ) થવાને કારણે તણખા પડ્યા હતા, જેના કારણે કેટલાક મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. તેમણે સાંકળ ખેંચી અને તેમાંથી કેટલાક પાટા પર કૂદી પડ્યા.



### એક તરફ પુલ અને બીજી તરફ કર્ણાટક એક્સપ્રેસ...

એવું કહેવામાં આવી રહ્યું છે કે ટ્રેનમાં આગની અફવા પછી લોકોએ ટ્રેનની ચેઈન ખેંચી લીધી. એક બાજૂ પુલ અને બીજી તરફ રેલ્વે ટ્રેક હતો, જેની ઉપર કણાર્ટક એક્સપ્રેસ આવી રહી હતી. લોકો બોગીમાંથી ટ્રેક પર કૂદવાનું શરૂ કરી દીધું. દરમિયાન, કર્ણાટક એક્સપ્રેસ સાથે લોકો અથડાયા હતા.



### ટ્રેનમાં સ્પાર્કિંગ પછી અફવાઓ ફેલાઈ

એક વરિષ્ઠ રેલવે અધિકારીએ જણાવ્યું હતું કે પુષ્પક એક્સપ્રેસના એક કોચની અંદર 'ગરમ એક્સલ' અથવા 'બ્રેક-બાઈન્ડિંગ' (જામ) થવાથી તણખા પડ્યા હતા, જેના કારણે કેટલાક મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. તેમણે સાંકળ ખેંચી અને તેમાંથી કેટલાક પાટા પરથી કૂદી પડ્યા. તે જ સમયે, બીજી ટ્રેન બાજુના ટ્રેક પરથી પસાર થઈ રહી હતી.



### મૃત્યુઆંક વધી શકે છે

નાસિક ડિવિઝનલ કમિશનર પ્રવીણ ગેડામે જણાવ્યું હતું કે 'અકસ્માત બાદ એસપી, કલેક્ટર અને અન્ય અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી રહ્યા છે. ડીઆરએમ અને રેલવે અધિકારીઓનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે. 8 એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. તેમણે કહ્યું, 'બચાવ વાન અને વધારાની એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી રહી છે.' અત્યાર સુધીમાં 8 લોકોના મોત થયાના અહેવાલ છે, પરંતુ આ આંકડો વધુ વધી શકે છે.



### ગૃહ મંત્રી અમિત શાહ અને સીએમ ફડણવીસે શોક વ્યક્ત કર્યો

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે લખ્યું, 'મહારાષ્ટ્રના જલગાંવમાં થયેલો ટ્રેન અકસ્માત અત્યંત દુઃખદ છે. આ સંદર્ભે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે વાત કરી અને અકસ્માતની માહિતી મેળવી. સ્થાનિક વહીવટીતંત્ર ઘાયલોને શક્ય તમામ મદદ પૂરી પાડી રહ્યું છે. આ અકસ્માતમાં જીવ ગુમાવનારાઓના પરિવારો પ્રત્યે હું ઊંડી સંવેદના વ્યક્ત કરું છું અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરું છું.બીજી તરફ, મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે રાજ્ય સરકાર સમગ્ર પરિસ્થિતિ પર નજર રાખી રહી છે અને તાત્કાલિક તમામ જરૂરી સહાય પૂરી પાડવામાં આવી રહી છે. ફડણવીસે એક પોસ્ટમાં લખ્યું, 'જલગાંવ જિલ્લાના પાચોરા નજીક બનેલી દુર્ભાગ્યપૂર્ણ ઘટના જેમાં કેટલાક લોકોએ જીવ ગુમાવ્યા તે ખૂબ જ પીડાદાયક છે. હું તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. મારા સાથી મંત્રી ગિરીશ મહાજન અને પોલીસ અધિક્ષક ઘટનાસ્થળે પહોંચી ગયા છે.



# બાહુબલી નેતા અનંત સિંહ પર 60 રાઉન્ડ ફાયરિંગ

## જવાબમાં સમર્થકોએ ગોળીબાર કર્યો; કુખ્યાત ગેંગસ્ટર સોનુ-મોનુ પર હુમલાનો આરોપ

(એજન્સી) પટના | તા. 22

બુધવારે મોડી સાંજે પૂર્વ ધારાસભ્ય અને કદાવર નેતા અનંત સિંહ પર જીવલેણ હુમલો થયો હતો. ગેંગસ્ટર સોનુ-મોનુએ 60થી 70 રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જવાબમાં અનંત સિંહના સમર્થકોએ પણ ગોળીબાર કર્યો હતો. જો કે હુમલામાં કોઈને ઈજા થઈ હોવાના અહેવાલ નથી. અનંત સિંહ મોકામા વિધાનસભા ક્ષેત્રના નૌરંગા ગામની મુલાકાતે હતા. ત્યારબાદ હુમલો થયો હતો. બે દિવસ પહેલા ગેંગના સભ્યોએ ગામના જ એક વ્યક્તિને તેના બાકી પૈસા માગવા પર માર માર્યો હતો. તેના ઘરની બહાર તાળું મારી દેવામાં આવ્યું હતું.

અનંતસિંહ સોમવારે આ બાબતે પંચાયત કરાવવા ગયા હતા. આ દરમિયાન અનંત સિંહે સોનુ-મોનુએ જે વ્યક્તિની મારપીટ કરી હતી તેના ઘરનું તાળું ખોલવાનું કહ્યું હતું. પરંતુ તેઓ રાજી ન થયા. આ પછી અનંત સિંહ વિવાદ ઉકેલવા બુધવારે મોડી સાંજે ફરીથી તેમના સમર્થકો સાથે નૌરંગા ગામ પહોંચ્યા. તેમને જોતાં જ ગેંગસ્ટર ભાઈઓ સોનુ-મોનુએ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. અનંત સિંહ ગોળીબારમાં બચી ગયા હતા. ઘટના બાદ બંને ફરાર થઈ ગયા છે. વિસ્તારમાં તણાવનો માહોલ છે. નૌરંગા ગામ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું છે. ગ્રામ્ય એસપી વિક્રમ સિહાગ ઘટનાસ્થળે છે.

**સોનુ-મોનુ સામે હત્યા સહિતના 12થી વધુ કેસ :** જલાલપોર ગામના રહેવાસી સોનુ-મોનુ આ વિસ્તારના કુખ્યાત ગુનેગારો છે. તેમની સામે હત્યા, અપહરણ અને ખંડણી સહિતના 12થી વધુ ગંભીર કેસ નોંધાયેલા છે. તે યુપીના બાહુબલી મુખ્તાર અંસારીની ટીમનો ભાગ રહી ચૂક્યા છે.

### હુમલા બાદ અનંત સિંહને દૂર મોકલી દેવાયા

ફાયરિંગની ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. સમગ્ર વિસ્તારમાં જ નહીં પરંતુ પોલીસ અને વહીવટીતંત્ર વચ્ચે પણ તણાવની સ્થિતિ સર્જાઈ ગઈ. ઉતાવળમાં, બારહના એએસપી રાજધાનીથી મોટી પોલીસ ફોર્સ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા. આ પછી, અનંત સિંહને તેમના કાફલા સાથે ત્યાંથી દૂર મોકલી દેવામાં આવ્યા. પોલીસે ઘટનાસ્થળે તપાસ શરૂ કરી દીધી છે. એએસપી રાકેશ કુમારના જણાવ્યા અનુસાર, ઘટનાસ્થળેથી ઘણા બધા ગોળા મળી આવ્યા છે.



### અનંત સિંહ પાંચ મહિના પહેલા જેલમાંથી બહાર આવ્યો હતો...

તેમણે કહ્યું કે આ મામલે કેસ નોંધવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે અત્યાર સુધી એ વાતની પુષ્ટિ થઈ નથી કે આ ઘટનામાં કોઈ ઘાયલ થયું છે કે માર્યું ગયું છે. તમને જણાવી દઈએ કે 14 ઓગસ્ટના રોજ પટના હાઈકોર્ટે તેમને તેમના નિવાસસ્થાનમાંથી AK-47 અને બુલેટ પ્રૂફ જેકેટ મળવાના કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા. આ પછી, પોલીસમાં તેમની સામે કોઈ કેસ પેન્ડિંગ નહોતો. આવી સ્થિતિમાં, ગયા વર્ષે 16 ઓગસ્ટે તેને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો અને તે બહાર આવ્યો.

# રહસ્યમય બીમારીથી 17નાં મોત

## જમ્મુ-કાશ્મીરના બધાલમાં રહસ્યમય બીમારી, 3 નવા દર્દીઓ મળ્યા, ગામ હવે કન્ટેઈનમેન્ટ ઝોન; ભીડ પર પ્રતિબંધ, તંત્ર દ્વારા ખાવા-પીવાની વ્યવસ્થા

(એજન્સી) રાજૌરી | તા. 22

જમ્મુ-કાશ્મીરના રાજૌરીના બધાલ ગામને કન્ટેઈનમેન્ટ ઝોન બનાવવામાં આવ્યું છે. અહીં 44 દિવસમાં એક રહસ્યમય બીમારીને કારણે 3 પરિવારોના 17 લોકોના મોત થયા બાદ બુધવારે આ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે અહીં ભીડ ભેગી કરવા પર પણ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. મંગળવારે વધુ એક અને બુધવારે વધુ બે દર્દી મળ્યા હતા. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મંગળવારે 25 વર્ષના યુવક એજાઝ અહેમદની તબિયત લથડી હતી. અગાઉ તેને જીએમસી જમ્મુ લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ પીજીઆઈ ચંદીગઢ રીફર કરવામાં આવ્યા. ગામમાં મોતનું કારણ હજુ સુધી સામે આવ્યું નથી.

ગામમાં 7 ડિસેમ્બરથી 19 જાન્યુઆરીની વચ્ચે શંકાસ્પદ સંજોગોમાં આ મૃત્યુ થયા હતા. મંગળવારે મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા ગામનું નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા. આ પછી તંત્રએ ગામને કન્ટેઈનમેન્ટ ઝોન બનાવવાનો નિર્ણય લીધો હતો.



**મૃતકોના સેમ્પલમાં ન્યુરોટોક્સિન મળી આવ્યું છે :** કેટલાક આરોગ્ય નિષ્ણાતોએ કહ્યું છે કે મૃતકના સેમ્પલમાં 'ન્યુરોટોક્સિન' મળી આવ્યું છે. આરોગ્ય મંત્રીએ કહ્યું કે સરકાર રાષ્ટ્રીય સ્તરની આરોગ્ય સંસ્થાઓની મદદ લઈ રહી છે. આમાં પૂણેની ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ (ICMR), દિલ્હીનું નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (NCDC), ગ્વાલિયરનું સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) અને PGI ચંદીગઢનો સામેલ છે.

# કેન્દ્ર સરકાર દેશભરમાં ખોલશે 100 નવી સૈનિક શાળા : રક્ષામંત્રી



(એજન્સી) નવી દિલ્હી | તા. 22

કેન્દ્ર સરકારે દેશમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે મોટી જાહેરાત કરી છે. સરકારે દેશભરમાં 100 નવી સૈનિક શાળાઓ ખોલવાની છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કેરળના અલપ્પુઝામાં એક શાળાના કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, દેશમાં 100 નવી સૈનિક શાળાઓ ખોલવામાં આવશે.

તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકારે દેશમાં શૈક્ષણિક ગુણવત્તા સુધારવા માટે તેમજ સમગ્ર વિકાસમાં યોગદાન આપવાના હેતુસર આ નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારે સૈનિક શાળાઓમાં દિકરીઓના પ્રવેશનો પણ રસ્તો સ્પષ્ટ કરી દીધો છે. તેમણે કહ્યું કે, સરકારે દેશના દૂરના ક્ષેત્રો અને વિવિધ સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિના કર્મચારીઓને સામેલ કરવા માટે દેશના તમામ જિલ્લામાં સૈનિક શાળાઓ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

### દિકરીઓ પણ મેળવી શકશે પ્રવેશ

કેન્દ્ર સરકારના આ નિર્ણયથી દેશમાં સૈનિક શાળાઓની સંખ્યા વધશે. આ ઉપરાંત ઘણા હોનહાર વિદ્યાર્થીઓનો વિકાસ થશે. હવે દિકરીઓ માટે પણ સૈનિક સ્કૂલમાં પ્રવેશ લેવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. હવે તેઓ પણ અહીં પ્રવેશ મેળવી શકશે.

# મણિપુરમાં JDUએ ભાજપ સાથે ગઠબંધન તોડવાનો નિર્ણય પરત ખેંચ્યો, પ્રદેશ અધ્યક્ષને હાંકી કઢાયા

(એજન્સી) પટના | તા. 22

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારના નેતૃત્વવાળી જેડીયુએ બુધવારે (22 જાન્યુઆરી) મણિપુરની ભાજપ સરકારમાંથી ટેકો પાછો ખેંચી લીધો હોવાના સમાચાર સામે આવ્યા હતાં. જોકે, હાલ આ વાતને લઈને સ્પષ્ટતા કરવામાં આવી છે. જેડીયુના મણિપુર પ્રદેશ અધ્યક્ષ દ્વારા રાજ્યપાલને આ વિશે પત્ર લખવામાં આવ્યો હતો. જોકે, હાલ પાર્ટી હાઇ કમાન્ડે તેને પદ પરથી દૂર કરી દીધા છે.

આ સિવાય પાર્ટી તરફથી સ્પષ્ટતા કરવામાં આવી કે, જેડીયુએ હજુ પણ મણિપુરમાં ભાજપ સરકારને ટેકો આપ્યો છે. મણિપુર સાથે બિહાર અને કેન્દ્રમાં પણ સંપૂર્ણ મજબૂતી સાથે જેડીયુ ભાજપના સમર્થનમાં છે.

પાર્ટી હાઇ કમાન્ડે મણિપુરના પ્રદેશ અધ્યક્ષ વીરેન્દ્ર સિંહને અધ્યક્ષ પદ પરથી હટાવી દીધા છે.



### ■ વીરેન્દ્ર સિંહને કરાયા પદમુક્ત

વીરેન્દ્ર સિંહને અધ્યક્ષ પદેથી દૂર કરવાની જાણકારી આપતાં, જેડીયુએ કહ્યું કે, પાર્ટીએ મણિપુર અધ્યક્ષ વીરેન્દ્ર સિંહને પદ પરથી દૂર કરવાનો નિર્ણય લીધો છે. કારણકે, તેઓએ રાજ્યપાલને પાર્ટીની સંમતિ વિના પત્ર લખ્યો હતો. શિસ્તભંગના આરોપમાં વીરેન્દ્ર સિંહ સામે આ કાર્યવાહી કરવામાં આવી છે.

કારણકે, વીરેન્દ્ર સિંહે રાજ્યપાલને પત્ર લખ્યો હતો. જેમાં, બીરેન સિંહના નેતૃત્વવાળી ભાજપ સરકાર પાસેથી જેડીયુનો ટેકો પાછો ખેંચવાની વાત કરવામાં આવી હતી.

## દિલ્હી | સાંસ્કૃતિક નૃત્ય સ્પર્ધામાં ગુજરાતનું 'મણિયારા રાસ નૃત્ય' ત્રીજા ક્રમે વિજેતા

ગાંધીનગર |સંવાદદાતા વિજયવીર યાદવ

૭૬ મા ગણતંત્ર દિનની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી નવી દિલ્હી ખાતે થનાર છે. જેમાં વિવિધ રાજ્યો દ્વારા અલગ અલગ થીમ આધારિત ટેબ્લો રજૂ થશે. આ ટેબ્લોમાં રજૂ થનાર સાંસ્કૃતિક કાર્યક્રમોની સ્પર્ધા ૨૧મી જાન્યુઆરીએ દિલ્હી ખાતે યોજાઈ હતી જેમાં ગુજરાત ટેબ્લો સાથે આવેલા કલાકારો દ્વારા રજૂ કરવામાં આવેલા સાંસ્કૃતિક પરફોર્મન્સ ત્રીજા ક્રમે વિજેતા બન્યું છે જે સૌ ગુજરાતીઓ માટે ગૌરવ સમાન છે. જેમાં ચાર ઈનામોની જાહેરાત કરાઈ હતી. જેમાં ગુજરાતના પ્રચલિત 'મણિયારા રાસ નૃત્ય'ને ત્રીજો ક્રમ મળ્યો હતો.





# UPSC સિવિલ સેવા પરીક્ષાનું નોટિફિકેશન આજે જાહેર કર્યું





(એજન્સી) નવી દિલ્હી | તા. 22

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)એ બુધવારે સિવિલ સર્વિસ એક્ઝામિનેશન (CSE) 2025 નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ વર્ષે 979 જગ્યાઓ પર ભરતી થવાની છે. આયોગે વન સેવા માટે 150 જગ્યાઓની જાહેરાત કરી છે. પ્રીલિમ્સ માટે એક વખતનું રજીસ્ટ્રેશન કરાવવું પડશે UPSC CSE ઉમેદવારો પ્રીલિમ માટે પ્રથમ વન ટાઈમ રજીસ્ટ્રેશન (OTR) કરવાનું રહેશે. ઉમેદવારો 7 દિવસ સુધી જે પણ ડેટા છે તે જોઈ શકશે. આ પ્રોફાઈલમાં કોઈપણ ફેરફાર 18 ફેબ્રુઆરી 2025 સુધી કોઈપણ ફી વગર કરી શકાશે. 12 ફેબ્રુઆરીથી 18 ફેબ્રુઆરી 2025 સુધી UPSC CSE ફોર્મમાં કોઈપણ પ્રકારના સુધારા માટે વિન્ડો ખુલ્લી રહેશે. સુધારણા માટે ઉમેદવારોને 7 દિવસનો સમય આપવામાં આવશે.

### કમિશને હેલ્પલાઈન નંબર પણ જાહેર કર્યો

જો માર્ગદર્શિકા અંગે કોઈ મૂંઝવણ અથવા સમસ્યા હોય, તો ઉમેદવારો UPSC કેમ્પસના ફેસિલિટી કાઉન્ટર 'C'ની મુલાકાત લઈને મદદ લઈ શકે છે. આ ઉપરાંત, તમે ટેલિફોન નંબર 011-23385271 / 011-23381125 પર પણ કૉલ કરી શકો છો.

## રોડ સેફ્ટી માસ

# લુણાવાડા મોટા સોનેલા પ્રાથમિક શાળા ખાતે રોડ સેફ્ટી થીમ પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું

જગદીશ ત્રિવેદી | લુણાવાડા



દેશમાં દિવસે ને દિવસે રોડ અકસ્માતની ઘટના વધી રહી છે. અકસ્માતના કારણે દર વર્ષે હજારો લોકો જીવ પણ ગુમાવે છે. ત્યારે મહીસાગરની એ. આર.ટી.ઓ. શાખા દ્વારા રોડ સેફ્ટી માસ અંતર્ગત ટ્રાફિક નિયમોનું મહ્ત્વ લોકો સુધી પહોંચાડી તેમને જાગૃત કરવાનો પ્રયાસ કરી રહી છે. જેથી ભવિષ્યમાં અકસ્માતની ઘટનાઓને અટકાવી શકાય અને લોકોનો જીવ બચી શકે. જે અંતર્ગત આજરોજ એઆરટીઓ લુણાવાડા દ્વારા નેશનલ રોડ સેફટીમાં ૨૦૨૫ અંતર્ગત મોટા સોનેલા પ્રાથમિક શાળા ખાતે રોડ સેફટી થીમ પર ચિત્ર સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું અને બાળકોને રોડ સેફટી અંગે સમજ આપવામાં આવી. ચિત્રસ્પર્ધામાં એક થી ત્રણ નંબર આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું અને ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બાળકોને પેન નો સેટ આપી પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

# રાજપીપળા પોલીસ દ્વારા માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ભરત શાહ | નર્મદા

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ૨૦૨૫ અંતર્ગત તા.૧ થી ૩૧ જાન્યુઆરી સુધી ચાલનાર 'માર્ગ સુરક્ષા અભિયાન - કાળજી' ના ભાગરૂપે નર્મદા જિલ્લાની શાળા-કોલેજો અને વિવિધ સ્થળોએ રોડ સેફ્ટીના સરકાર દ્વારા વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેમાં રાજપીપળા ખાતે પણ ટાઉન પોલીસ દ્વારા ટાઉન પીઆઈ વી.કે.ગઢવી ની અધ્યક્ષતા માં રાજપીપળા ખાતે આ કાર્યક્રમ કરવામાં આવ્યો. નર્મદા જિલ્લાના વાહન ચાલકો રોડ સેફ્ટી નિયમો જાણે, સમજે અને જીવનમાં નિયમોનું પાલન કરી શકે તેવા આશયથી તા.21 મી જાન્યુઆરી ના રોજ રાજપીપળા શહેર માં રાજપીપળા ટાઉન પોલીસ દ્વારા હેલ્મેટનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં હેલ્મેટ અને સીટબેલ્ટ પહેરીને આવનારને પ્રોત્સાહનરૂપે ગુલાબનું ફૂલ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતાં. અને માર્ગ સલામતીના પેમ્પલેટ આપી માહિતગાર કરવામાં આવ્યા હતાં.

## શાળા સલામતી સપ્તાહ

# 108 ટીમ દ્વારા પ્રાથમિક સારવાર અંગે શાળાઓમાં માહિતી આપવામાં આવી



દિપક રાવલ | દાહોદ લીમખેડા

શાળા સલામતી સપ્તાહ ૨૦૨૫ ની ઉજવણીના ભાગરૂપે દાહોદ જિલ્લાની લીમખેડા લોકેશનની ૧૦૮ ટીમ દ્વારા નવાવડીયા પ્રાથમિક શાળા તેમજ ઠકકરબાપા પ્રાથમિક શાળા, દાહોદ ખાતે ૧૦૮ એમ્બ્યુલન્સનું ડેમોસ્ટ્રેશન કરવામાં આવેલ હતું. જેમાં સ્કૂલના બાળકોને ૧૦૮ માં રહેલ વિવિધ ઉપકરણો તેમજ પ્રાથમિક સારવાર અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા, એ ઉપરાંત વિવિધ આપત્તિના પોસ્ટર બતાવી ૧૦૮ ટીમ થકી કઈ કઈ કામગીરી કરવામાં આવે છે તે બાબતે વિસ્તાર પૂર્વક સમજૂતી આપવામાં આવી હતી.

## ખેલ મહાકુંભ...3.0

# વોલીબોલ અને લોન ટેનિસની રમતમાં લીમખેડા તાલુકાની અગાર(ઉ) પ્રાથમિક શાળાનું જિલ્લા કક્ષાએ ગૌરવ



દિપક રાવલ | દાહોદ લીમખેડા

ખેલ મહાકુંભ 3.0 અંતર્ગત વોલીબોલ અને લોન ટેનિસ ની રમતમાં જિલ્લા કક્ષાએ યોજાઇ હતી.જેમાં લીમખેડા તાલુકામાં આવેલી અગારા(ઉ) પ્રાથમિક શાળા તથા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય(KGBV )ની બહેનોએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ હતું.જેમાં વોલીબોલ U-14 ભાઈઓ ત્રીજો નંબર,વોલીબોલ બહેનો U-14 પ્રથમ નંબર, વોલીબોલ U-14 બહેનો ત્રીજો નંબર,વોલીબોલ U-17 બહેનો પ્રથમ નંબર તથા લોન ટેનિસની રમતમાં પણ દિવ્યાબેન વહુનીયા ત્રીજો નંબર,દિવ્યાબેન બારીયા બીજો નંબર, લક્ષ્મીબેન રાવત પ્રથમ નંબર,તથા શાળાના શિક્ષકોએ ઓપન વિભાગમાં ભાગ લઈ શ્રી પ્રકાશભાઈ પ્રજાપતિ બીજો નંબર,શ્રી સુરેશભાઈ ડામોર ત્રીજો નંબર પ્રાપ્ત કરેલ છે.જે પૈકી શાળાના 60 જેટલા બાળકો રાજ્યકક્ષાએ પસંદગી પામેલ છે.જે-તે તમામ વિજેતા સ્પર્ધકોએ પોતાની શાળા અગારા(ઉ),લીમખેડા તાલુકાનું તથા દાહોદ જિલ્લાનું નામ રોશન કરેલ છે. જે બદલ ખેલાડીઓને તથા ઉત્સાહી કોચ શ્રી નરેશભાઈ બી પટેલ(ખેલસહાયક),શ્રી પ્રકાશભાઈ પ્રજાપતિ,શ્રી સુરેશભાઈ ડામોર, દશરથબેન ડાયરાને શાળાના આચાર્યશ્રી કલસિંગભાઈ એચ રાવત તથા પીન્કેશભાઈ પટેલ, વિજયભાઈ પટેલ અને શાળાનો તમામ સ્ટાફ ગણ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયનાં તમામ સ્ટાફગણ તરફથી ખૂબ-ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

### દેશભરની વિવિધ કોલેજોના વનસ્પતિ શાસ્ત્રના વિદ્યાર્થીઓનો...

# સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીકના જંગલમાં ટ્રેકિંગ સાથે જડીબુટ્ટી શોધી મુદ્દાઓ આધારિત અભ્યાસ કર્યો

ભરત શાહ | નર્મદા





બોટની ફેસ્ટમાં સહભાગી બનેલા વિદ્યાર્થીઓએ એકતાનગરના વેલી ઓફ ફ્લાવર્સ, મેઝ ગાર્ડન, જંગલ સફારીની મુલાકાત લઈ વિવિધ વનસ્પતિનો અભ્યાસ કર્યો

નર્મદા જિલ્લાના એકતાનગર સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાનિધ્યમાં રાષ્ટ્રીય વનસ્પતિ ઉત્સવ-૨૦૨૫ યોજાઈ રહ્યો છે. જેમાં દેશભરની વિવિધ કોલેજમાંથી બોટની(વનસ્પતિ શાસ્ત્ર)ના વિદ્યાર્થીઓ વનસ્પતિ ઓળખ-પરખનો પ્રત્યક્ષ અભ્યાસ કરી રહ્યા છે.

આ વિદ્યાર્થીઓએ મંગળવારે સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે આવેલા થવડિયા ગામના જંગલમાંથી જુદી જુદી વનસ્પતિઓનું નિરીક્ષણ કર્યું હતું. તેઓએ જંગલમાંથી વિવિધ વનસ્પતિમાંથી જડીબુટ્ટી, પાંદડા, ડાળીઓ શોધી તેમને અપાયેલા મુદ્દાઓ આધારિત અભ્યાસ કર્યો હતો.

તદઉપરાંત તેમણે વનસ્પતિના વિવિધ ભાગો એકત્ર કરી 'ખાના ખજાના સ્પર્ધા' માં ઉત્સાહભેર ભાગ લઈને પોતાના અનુભવો-પ્રતિભાવો રજૂ કર્યા હતા.

સાતપુડાની ગિરી કંદરાઓથી આચ્છાદિત એકતાનગરની આસપાસના જંગલો, પ્રકૃતિ અને વન પેદાશોને પ્રત્યક્ષ નિહાળી અત્યંત પ્રભાવિ થયેલી અને રાજસ્થાનના જયપુરની વિવેકાનંદ ગ્લોબલ યુનિવર્સિટીની વિદ્યાર્થીની સોમ્યા શર્માએ જણાવ્યું હતું કે, અહીં આવ્યા પછી શિક્ષણનું જ્ઞાન પુસ્તક પૂરતું જ નહીં પરંતુ સાચા અર્થમાં ફિલ્ડમાં જાત અનુભવથી ઘણું બધું શીખવા મળ્યું છે. વનમાં ઘણા પ્રકારના વૃક્ષો જોઈને આનંદ થવા સાથે કુદરતી વાતાવરણનો આજે પ્રત્યક્ષ અનુભવ કર્યો છે. અહીંના જંગલમાં જુદી જુદી વનસ્પતિઓની ઓળખ અને જાણકારી મેળવી કુદરતી સંસાધનનું મહત્વ સમજી શક્યા છીએ.

મધ્યપ્રદેશની APH યુનિવર્સિટી રીવમના વિદ્યાર્થી અનુજકુમારે જણાવ્યું કે, અહીં આવ્યા પછી અમને વિવિધ રાજ્યમાંથી આવેલા વિદ્યાર્થીઓ સાથે કામ કરી ઘણું બધું શીખવાનો મોકો પ્રાપ્ત થયો છે. સાથે જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લઈને એકતાનગરની મુલાકાત લઇ આનંદની અનુભૂતી કરી રહ્યા છીએ.

ઉત્તરકાશીની RCUPG યુનિવર્સિટીની વિદ્યાર્થીની આયુષી ચમોલીએ કહ્યું કે, અમે સ્ટેચ્યુ ઓફ યુનિટીની આસપાસના વિવિધ સ્થળોએ ટ્રેકિંગ કરી વન શોધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સાથેસાથે વેલી ઓફ ફ્લાવર, ભુલભુલૈયા મેઝ ગાર્ડન અને જંગલ સફારીની મુલાકાત લીધી હતી. ભૂલભૂલૈયામાં જુદી જુદી પઝલમાં વનસંપત્તિની ઓળખ થકી અમારા અનુભવને વધુ મજબૂત કરવાનો અવસર અહીંથી મળ્યો છે.

આ ટ્રેકિંગ અવસરે વિદ્યાર્થીઓ સાથે તેમની યુનિવર્સીટીના અધ્યાપકો અને વન વિભાગ-એકતાનગરના કર્મચારીઓ જોડાયા હતા.

# ઐતિહાસિક નગરી રાજપીપળા જીન કમ્પાઉન્ડ ખાતે 108 કૂંડી શક્તિ સંવર્ધન ગાયત્રી મહાયજ્ઞનું આયોજન



ભરત શાહ | નર્મદા

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાંતિકુંજ, હરિદ્વારના આશીર્વાદન અને માર્ગદર્શનમાં ૧૦૮ કુંડીય શક્તિ સંવર્ધન ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાજપીપળા નગરમાં કરવામાં આવ્યું છે. યુગઋષિ, વેદમૂર્તિ તપોનિષ્ઠ, પરમ આદરણીય પંડિત શ્રી રામ શર્મા આચાર્યજી દ્વારા સ્થાપિત અખિલ વિશ્વ ગાયત્રી પરિવારની રાજપીપળા શાખા દ્વારા ૧૦૮ કૂંડી શક્તિ સંવર્ધન ગાયત્રી યજ્ઞનું તા.૨૨ થી ૨૫ જાન્યુઆરી-૨૦૨૫ દરમ્યાન જીન કમ્પાઉન્ડ મેદાન શ્રી હરસિધ્ધિ માતાના મંદિર સામે રાજપીપળા ખાતે કરવામાં આવ્યું છે. આ યજ્ઞ દરમ્યાન યુવા સંમેલન, મહિલા સંમેલન, ગર્ભોત્સવ સંસ્કાર, દીક્ષા સંસ્કાર, વિદ્યાઆરંભ સંસ્કાર, મુંડન સંસ્કાર જેવા વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના ભાગરૂપે સાહિત્ય, સ્ટોલ અને વિવિધ પ્રદર્શનો પણ રાખવામાં આવ્યા છે. જેનો જાહેર જનતા ભાવિકોને લાભ લેવા અપિલ કરવામાં આવે છે. સ્થળ જીન કમ્પાઉન્ડ મેદનમાં શ્રી હરસિધ્ધિ માતાના મંદિર સામે રાજપીપળા, જિ.નર્મદા રાષ્ટ્ર નિર્માણની દિશામાં પ્રગતિ કરવા માટે નર્મદા જિલ્લાના તમામ ધર્મપ્રેમી, રાષ્ટ્રપ્રેમી, ભાઈઓ-બહેનોને ધર્મ, જાતિ, સંપ્રદાય, ઊંચનીચના ભેદભાવ વગર, ભેદભાવ છોડીને આધ્યાત્મિક ઉર્જાનો લાભ લેવા માટે જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

# આહવા BOB શાખા દ્વારા રાજવીની જમીન હરાજીમાં મૂકતા રાજ્યપાલને રજૂઆત

સુશીલ પવાર | ડાંગ

**ડાંગ જિલ્લાની 73AAની જમીન કોઈને વેંચી કે હરાજી કરી શકાતી નથી તેમ છતાંય બીઓબી બેંક સતાવાળાઓએ હરાજીમાં મુકતા લોકોમાં આશ્ચર્ય સર્જાયુ..**

ડાંગ જિલ્લામાં 73 AA નવી શરતવાળી જમીન કલેકટરની પરવાનગી વિના વેંચી કે હરાજી કરી શકાતી નથી.ત્યારે ડાંગ જિલ્લાના આહવા બરોડા બેંકના સત્તાધીશો દ્વારા વાસુર્ણા સ્ટેટનાં રાજવીની બોજાવાળી 73 AA વાળી જમીન હરાજીમાં મુક્તા અનેક પ્રશ્ન ઉભા થઇ રહ્યા છે.ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાના મોટીકસાડ ગામે આવેલ ખાતા નં.33 ના બાજુમાં બતાવેલા સર્વે નંબર વાળી ખેતીની જમીન વાસુર્ણા સ્ટેટના રાજવી ધનરાજસિંહ ચંદ્રસિંહ સૂર્યવંશીની પત્ની સ્વ.સુભદ્રાબેન ઉરમસિંગ પવાર ના સંયુક્ત નામે ચાલે છે.તેમને બેંક ઓફ બરોડા શાખા આહવામાંથી તા.31/08/2009 ના રોજ 10 લાખ રૂપિયાની એકરારનામાના આધારે લોન મળી હતી.પરંતુ અમો લોન ભરવા માટે નિષ્ફળ ગયા છે જે માન્ય છે.પરંતુ આ જમીન 73 AA નવી અને અવિભાજ્ય શરતથી નિયંત્રિત છે.તેમ છતાં આહવા બેન્ક ઓફ બરોડાનાં સત્તાધીશો દ્વારા આ 73AA વાળી જમીન હરાજીમાં મૂકી દેવામાં આવેલ છે. જેને લઈને રાજવી ધનરાજ સિંહ સૂર્યવંશી દ્વારા રાજ્યપાલને લેખિતમાં રજૂઆત કરવામાં આવેલ છે. તેમજ રાજવી ધનરાજસિંહ સૂર્યવંશી દ્વારા લેખિતમાં રજૂઆત કરવામાં આવેલ છે તેમાં જણાવ્યા અનુસાર, આ જમીન જો હરાજી થતી હોય તો ડાંગના અન્ય જમીન ખાતેદારો આવી રીતે જમીનો વેચવા માટે આ દાખલો લઈ અને સરકાર સામે રજૂઆત લઈને આવશે તેવા સંજોગોમાં સરકાર તરફથી તેઓની જમીન વેચવા માટેના અધિકારો આપોઆપ મળી જશે એવી ધારણા છે.કારણ કે 73 AA નવી શરત અવિભાજ્ય સત્તા પ્રકાર પુરા ડાંગ જિલ્લાને લાગુ પડે છે. અને બેન્ક ઓફ બરોડા આહવા શાખા મારફત ઋણ વસૂલી અધિકારી -1 વસૂલી અધિકરણ 2 અમદાવાદથી ઓક્શન ની વેચાણ નોટીસ બહાર પાડેલ છે. જોકે બેન્ક ઓફ બરોડાનાં ઓક્શન અધિકારી તરફથી 73 AA નવી શરત અવિભાજ્ય સત્તા પ્રકારની જમીન હરાજી માટે લાગતા વળગતા વિભાગની અનુમતી મેળવેલ છે કે કેમ ? એ બાબત પણ જાણવી જરૂરી છે. અને આ જમીન જે ખરીદશે તેના નામે નામ ફેર થઈ શકશે નહીં. તથા 73 AA નવી અને અવિભાજ્ય શરત મુજબ સંપૂર્ણ ડાંગ જિલ્લાના ખેડૂતોની જમીનને પણ લાગુ પડે છે. અને આ બાબત વિચારધિન છે

### પ્રતાપપુરા નેશનલ હાઈવે રોડ ઉપર આવેલું

# કષ્ટભંજન હનુમાનજીનું મંદિર નહીં હટાવવા ગ્રામજનોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું

દિપક રાવલ | દાહોદ લીમખેડા



લીમખેડા તાલુકાના પ્રતાપુરા ગામે દાહોદ- ગોધરા ઈન્દોર નેશનલ હાઈવે રોડને અડીને કષ્ટભંજન હનુમાનદાદા નું મંદિર આવેલું છે . જે મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા નો કાર્યક્રમ ગ્રામજનો તથા સાધુ સંતો દ્વારા એક વર્ષ પહેલા કરવામાં આવ્યો હતો જ્યારે આ મંદિરનું બાંધકામ કરવામાં આવ્યું ત્યારે નેશનલ હાઈવે ના કોઈ કર્મચારીઓ દ્વારા બાંધકામ અટકાવવામાં કે કોઈપણ પ્રકારની નોટિસ આપવામાં આવી નહોતી મૌખિક સૂચન કરવામાં આવ્યું હતું મંદિરના પગથિયાંથી આગળ બાંધકામ કરવું નહીં. આ કષ્ટભંજન હનુમાન દાદા મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા નું એક વર્ષ પૂર્ણ થતા વાર્ષિક કાર્યક્રમ યોજવાનો હોય નેશનલ હાઈવે ના લાગતા વળગતા અધિકારી દ્વારા લીમખેડા ના પરતાપૂરા કષ્ટભંજન હનુમાનદાદાનું મંદિર તોડવામાં આવે તો આસપાસનાગ્રામજનો સાધુ સંતો હિન્દુઓની લાગણી દુભાઈ તેમ છે આ કષ્ટભંજન હનુમાન દાદા નું મંદિર હિન્દુ ધર્મના આસ્થા નું પ્રતીક છે હિન્દુ ધર્મને ઠેસ પણ પહોંચી શકે તેમ છે. 2-2-2025 ના રોજ કષ્ટભંજન હનુમાન દાદા મંદિરની ધાર્મિક રીત મુજબ વાર્ષિક તિથિ યોજવાનો કાર્યક્રમ રાખવામાં આવેલો હોય કાર્યક્રમની કામગીરી કરી દેવાઈ છે.

# રાજપીપળામાં અન્ય જિલ્લાની ટીમો દ્વારા અચાનક ચેકીંગ કરતા ફફડાટ : કુલ 9 લાખનો દંડ ફટકાર્યો

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લામાં આવેલા રાજપીપળા સહિત ના કેટલાક ગામોમાં વીજ ચોરી થતી હોવાની વારંવાર બુમ સંભળાઈ છે અને વીજ કંપની ની બહાર ની ટીમો ગમે ત્યારે વહેલી સવારે આકસ્મિક ચેકીંગ કરે જ છે ત્યારે હાલ માં રાજપીપળા માં આવેલી બહાર ની ટીમો એ વહેલી સવારે અચાનક ચેકીંગ કરતા રાજપીપળા.૧ માં આવતા વિસ્તારો માં કેટલીક જગ્યા પર વીજ ચોરી પકડાઈ હતી તથા રાજપીપળા.૨ માં આવતા નાંદોદ તાલુકાના કેટલાક ગામો માં પણ આ ટીમો એ અચાનક ચેકીંગ કરી આ બંને જગ્યા પર થતી વીજ ચોરી પકડી ચોરી કરનાર તત્વો ને કુલ નવ લાખ રૂપિયા જેવો દંડ ફટકાર્યો હોવાનું જાણવા મળ્યું હતું. જોકે અચાનક વહેલી સવારે લોકોના ઘરો માં વીજ લાઈન ચેક કરતા જે નિયમિત છે તેવા ગ્રાહકો ને કોઈ તકલીફ થઈ નથી પરંતુ કેટલાક વીજ ચોરી કરનાર લોકો માં જરૂર નાસભાગ જોવા મળી હતી. આમ સમયાંતરે વીજ ચેકીંગ જરૂરી છે.

# સ્વચ્છ સર્વેક્ષણ 2024ની તૈયારી માટે મહાનગરપાલિકાનાં શાખાધિકારીઓની મીટીંગ યોજાઇ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગૃહ અને શહેરી વિકાસ મંત્રાલયના કેબિનેટ મંત્રીશ્રી મનોહરલાલ ખટ્ટરની અધ્યક્ષતામાં તા. 17મી જાન્યુઆરીના રોજ સ્વચ્છ સર્વેક્ષણ 2024ની નવી ટૂલ કીટનું વિમોચન કરવામાં આવેલ. સ્વચ્છ સર્વેક્ષણ 2023માં કુલ 7000 ગુણ હતા. જેની સામે સ્વચ્છ સર્વેક્ષણ 2024માં 12500 ગુણ કરવામાં આવેલ છે. સ્વચ્છ સર્વેક્ષણ 2024માં 10 મુખ્ય માપદંડો અંતર્ગત મૂલ્યાંકન કરવામાં આવનાર છે. નવા માપદંડોમાં શહેરની સ્વચ્છતા, કચરાનું વર્ગીકરણ તથા એકત્રીકરણ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, ડ્રેનેજના પાણીનો પુનઃ વપરાશ, શહેરમાં સ્વચ્છતા માટેની માળખાકીય સુવિધાઓ, સફાઈ કામદારના કલ્યાણ માટેની કામગીરી તેમજ નાગરિકોના પ્રતિસાદ ઉમેરવામાં આવ્યા છે.જેમાં વિઝીબલ ક્લિનિનેસનાં 1500 ગુણ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ એટલે કે વેસ્ટ પ્રોસેસિંગનાં 1500 ગુણ અને ડ્રેનેજના પાણીના પુનઃ વપરાશના 1000 ગુણ રાખવામાં આવેલ છે. નવી માર્ગદર્શિકા અનુસાર ગાંધીનગર મહાનગરપાલિકામાં સર્વેક્ષણની કામગીરી હાથ ધરવા માટે મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં તા.20 જાન્યુઆરીના રોજ તમામ સંલગ્ન શાખાધિકારીઓની મિટિંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગાંધીનગરને સ્વચ્છ સર્વેક્ષણમાં ઉચ્ચ ક્રમાંક પ્રાપ્ત થાય તે માટે શાખાઓ સઘન કામગીરી તે બાબત ઉપર ભાર મૂકાયો.

# ગાંધીનગર જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લાના મહેસુલી અધિકારીઓ સાથે બેઠક યોજાઇ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



ગાંધીનગર જિલ્લા કલેકટર મેહુલ કે. દવેની અધ્યક્ષતામાં જિલ્લાના મહેસુલી અધિકારીઓની એક બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લાના મહેસૂલી અધિકારીઓ સાથે વિવિધ મહેસૂલી મુદ્દાઓ સંદર્ભે સમીક્ષા બેઠક યોજી CM ડેશબોર્ડ, iRCMS, ORA, E-dhara, વિવિધ ઓનલાઈન પોર્ટલ તથા મહેસુલી મુદ્દાઓ સંબંધે વિગતવાર સમીક્ષા કરી તેના નિકાલ અંગે કલેકટર દ્વારા જરૂરી સૂચના આપવામાં આવી હતી. તથા જિલ્લા મધ્યાહન ભોજન અને જમીન સંપાદન ને લગતા પ્રશ્નો અંગે અને આગામી સમયમાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે પણ આ બેઠક અંતર્ગત ચર્ચા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, 25 જાન્યુઆરીના રોજ, રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી તથા 26 જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક પર્વની ઉજવણી જિલ્લામાં થવા જઈ રહી છે. ત્યાર ઉપસ્થિત તમામ અધિકારીઓ સાથે કલેકટરએ ગાંધીનગર રામકથા મેદાનમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત પૂર્વ તૈયારીના ભાગરૂપે વિશેષ આયોજન અંગે ચર્ચા કરી હતી.

# કેબિનેટે 2025-26 સીઝન માટે કાચા શણ માટે લઘુત્તમ ટેકાનાં ભાવ (MSP) મંજૂરી આપી

ગાંધીનગર | તા.22

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (CCEA)એ માર્કેટિંગ સીઝન 2025-26 માટે કાચા શણનાં લઘુત્તમ ટેકાનાં ભાવ (MSP)ને મંજૂરી આપી છે. કાચા શણની MSP 2025-26 સીઝન માટે પ્રતિ ક્વિન્ટલ રૂ. 5,650/- નક્કી કરવામાં આવી છે. આનાથી અખિલ ભારતીય ભારિત સરેરાશ ઉત્પાદન ખર્ચ કરતાં 66.8 ટકા વળતર મળશે. માર્કેટિંગ સીઝન 2025-26 માટે કાચા શણનો મંજૂર MSP 2018-19નાં બજેટમાં સરકારે જાહેર કરેલા અખિલ ભારતીય ભારિત સરેરાશ ઉત્પાદન ખર્ચના ઓછામાં ઓછા 1.5 ગણા MSP નક્કી કરવાનાં સિદ્ધાંત સાથે સુસંગત છે. 2025-26નાં માર્કેટિંગ સીઝન માટે કાચા શણનો MSP અગાઉનાં માર્કેટિંગ સીઝન 2024-25 કરતા રૂ. 315/-નો વધારો થયો છે. ભારત સરકારે કાચા શણનો MSP 2014-15માં રૂ. 2400/- પ્રતિ ક્વિન્ટલથી વધારીને રૂ. 5650/- પ્રતિ ક્વિન્ટલ કર્યો છે. જે રૂ. 3250/- પ્રતિ ક્વિન્ટલ (2.35 ગણો)નો વધારો દર્શાવે છે. 2014-15થી 2024-25નાં સમયગાળા દરમિયાન શણ ઉગાડતા ખેડૂતોને ચૂકવવામાં આવેલ MSP રકમ રૂ. 1300 કરોડ હતી. જ્યારે 2004-05થી 2013-14નાં સમયગાળા દરમિયાન ચૂકવવામાં આવેલ રકમ રૂ. 441 કરોડ હતી.

# રાજ્યપાલની ઉપસ્થિતિમાં કચ્છના ચાંદ્રાણી ખાતે સ્વામીનારાયણ વૈદિક ગુરુકુળનો શિલાન્યાસ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ગરિમામય ઉપસ્થિતિમાં કચ્છના અંજાર તાલુકાના ચાંદ્રાણી ખાતે સ્વામિનારાયણ મંદિર, ભુજ સંસ્થાપિત તેમજ રાપર મંદિર સંચાલિત સ્વામિનારાયણ વૈદિક ગુરૂકુળના શિલાન્યાસ અને ખાતમૂહુર્તની વિધિ યોજાઈ હતી. વૈદિક ગુરૂકુળના શિલાન્યાસ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ જણાવ્યું હતું કે, સંતોએ અથાગ તપસ્યા કરીને માનવ કલ્યાણ અને સમાજ ઉદ્ધારના કાર્યો કર્યા છે. અન્ય ગુરૂકુળોથી આ વૈદિક ગુરૂકુળને વિશિષ્ટ ગણાવીને રાજ્યપાલએ જણાવ્યું હતું કે, આ વૈદિક ગુરૂકુળમાંથી ભારતીય જીવનમૂલ્યો ધરાવતા સંસ્કારવાન વિદ્યાર્થીઓ તૈયાર થશે અને સમાજને પ્રેરણા આપશે. રાજ્યપાલએ સંસ્કૃતિને ટકાવી રાખવા ઉપર ભાર મૂકીને ઉમેર્યું હતું કે, આ ગુરૂકુળ વૈદિક સંસ્કૃતિ, સિદ્ધાંતો અને જીવનમૂલ્યોના ઘડતરનું મહત્વનું કેન્દ્ર બની રહેશે. સંસ્કૃતિના મુખ્ય આધાર જ વેદો છે અને તેના લીધે જ વેદોનું શિક્ષણ જરૂરી છે. વૈદિક ગુરૂકુળોને દેશની મહત્વની સંપદા ગણાવીને ચાંદ્રાણી વૈદિક ગુરૂકુળ શ્રેષ્ઠ નાગરિકોના નિર્માણમાં ઉપયોગી બનશે એવો રાજ્યપાલશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામીના સદવિચાર અને સદવિદ્યાના પ્રચાર પ્રસાર માટે વૈદિક ગુરૂકુળ પ્રતીક બનશે એમ રાજ્યપાલએ ઉમેર્યું હતું. પ્રાસંગિક પ્રવચન કરતાં ભુજ મંદિરના મહંત સદગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસએ જણાવ્યું હતું કે, સ્વામિનારાયણ ભગવાનની કૃપા અને સંતોની મહેનતથી કચ્છના ચાંદ્રાણી ખાતે સ્વામિનારાયણ વૈદિક ગુરૂકુળના નિર્માણનું સ્વપ્ન સાકાર થયું છે. મહંત સ્વામીએ ઉમેર્યું હતું કે, આ વૈદિક ગુરૂકુળમાં તૈયાર થનારા વિદ્યાર્થીઓ સંસ્કૃતિની જાળવણીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ વૈદિક ગુરૂકુળ પરિસરનું ઉત્તમ રીતે નિર્માણ થાય અને તેનો વહીવટ સુચારુ રીતે ચાલે તે માટે સૌ સંતોના માર્ગદર્શનમાં હરિભક્તોને સહયોગ આપવા મહંત સ્વામીએ અનુરોધ કર્યો હતો. દેશ દુનિયામાં તમામ નાગરિકો સુખી તેમજ સ્વસ્થ રહે એવા આશીર્વાદ મહંત સદગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસએ આપ્યા હતા. ચાંદ્રાણી ખાતે પધારેલા ગુજરાતના રાજ્યપાલનું ગાર્ડ ઓફ ઑનરથી સ્વાગત કરવામાં આવ્યું હતું. વૈદિક ગુરૂકુળના શિલાન્યાસ કાર્યક્રમના અંતે આભારવિધિ રાપર ગુરૂકુળના સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસએ કરી હતી. આ પ્રસંગે અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા, સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલ, અગ્રણી દેવજીભાઈ વરચંદ, ચાંદ્રાણીના સરપંચ ગોવિંદભાઈ હુંબલ, જિલ્લા કલેક્ટર અમિત અરોરા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી શૈલેષ પ્રજાપતિ, મદદનીશ કલેક્ટર સુનિલ, નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરી, ભુજ પ્રસાદી મંદિરના મહંત સદગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસ, સદગુરુ કોઠારી પાર્ષદ જાદવ ભગત, ઉપમહંત સદગુરુ સ્વામી ભગવદ્જીવનદાસ, સદગુરુ સ્વામી મુકુંદજીવનદાસ સહિત સ્વામીનારાયણની વિવિધ સંસ્થાઓ અને મંદિરોના મહંતઓઉપસ્થિત રહ્યા હતા.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ગાર્ડનમાં રમતી બાળકીને મનોવિકૃત શેડમાં ખેંચી ગયો; ટોળાએ જાહેરમાં બરાબરનો મેથીપાક ચખાડ્યો

# માસૂમ પીંખાતા બચી ગઇ: કુકર્મ કરે તે પહેલાં જ માતા પહોંચી

સુરત | સુરતમાં લિંબાયતના એક ગાર્ડનમાં ચાર વર્ષના મોટા ભાઈ સાથે રમી રહેલી બે વર્ષીય બાળકીને 21 વર્ષીય મનોવિકૃત યુવાન યૌનશોષણના ઈરાદે ઢસડીને શેડમાં લઇ ગયો હતો. બાળકી દુષ્કર્મનો ભોગ બને તે પહેલાં જ ત્યાં માતા પહોંચી જતાં બાળકી ઉગરી ગઇ હતી. જોકે ટોળાએ આ મનોવિકૃતને માર મારી અધમૂઓ કરી નાંખ્યો હતો. હાલ લિંબાયત પોલીસે છેડતીનો ગુનો દાખલ કરીને આરોપી યુવકની ધરપકડ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઘણા સમયથી મારા લગ્ન કરાવી દો સહિતનું રટણ કર્યા કરતો આ યુવક વિકૃતિની હદ પાર કરી ગયો હતો.

મળતી માહિતી પ્રમાણે લિંબાયત વિસ્તારમાં રહેતી 23 વર્ષીય યુવતી તેના ચાર વર્ષના પુત્ર અને બે વર્ષની પુત્રી સાથે આજે સવારે રાબેતા મુજબ જેઠના કારખાનામાં નોકરીએ ગઇ હતી. બંને બાળકો તથા જેઠના આઠ વર્ષીય પુત્ર કારખાના સામે આવેલા ગાર્ડનમાં રમી રહ્યા હતા. અગિયાર વાગ્યાના અરસામાં યુવતી બાળકોને લેવા માટે ગાર્ડનમાં લેવા પહોંચી ત્યારે ચાર વર્ષીય પુત્ર સામે જ મળ્યો હતો અને બહેનને એક યુવક ખેંચીને પતરાવાળી રૂમમાં લઇ ગયાનું જણાવતાં માતા ત્યાં દોડી ગઇ હતી. રૂમનું દૃશ્ય વિચલીત કરનારું હતું.

આ યુવક અર્ધનગ્ન જેવી અવસ્થામાં હતો અને દુષ્કર્મ કરવાના ઈરાદે બાળકીને પણ આ શખ્સે બેન્ચ પર સૂવડાવી દીકરીના કપડાં અડધા કાઢી નાંખ્યા હતા. સદભાગ્યે સમયસર પહોંચી ગયેલી માતાને કારણે બાળકી પીંખાતી બચી ગઈ હતી. માતાએ હિંમત દાખવી આ યુવકને પકડી લેવાની સાથે બૂમાબૂમ કરતાં ટોળું ભેગું કર્યું હતું. જ્યારે યુવકની હરકત જાણીને ઉશ્કેરાયેલા ટોળાએ તેની ધોલાઈ કરી નાંખી હતી. દરમિયાન લિંબાયત પોલીસ પણ ત્યાં પહોંચી ગઇ હતી અને બાળકી તથા આરોપી પીકેશ ભીખુ રાઠોડ (ઉ.વ. 21)ને લઈ આવી હતી. પોલીસે માતાની ફરિયાદને આધારે આરોપી વિરુદ્ધ અપહરણ, છેડતી અને પોક્સોની કલમ અંતર્ગત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મનોવિકૃત યુવક ગાર્ડનની નજીકના વિસ્તારમાં જ રહે છે. હવસના આગમાં શેકાતા યુવકે પહેલાં બાળકીના ચાર વર્ષના મોટા ભાઈને પોતાની સાથે લઈ જવાની કોશિશ કરી હતી, પરંતુ તે નહિ આવતા તેની નાની બહેનને પકડી લીધી હતી અને બગીચામાં જ આવેલા શેડમાં લઈ ગયો હતો. જોકે બાળક માતાને બોલાવવા દોડ્યું હતું અને સામેથી જ માતા આવતી દેખાતા બાળકી ઉગરી ગઈ હતી.



**પહેલા બાળકીના મોટા ભાઈને લઈ જવાનો પ્રયત્ન કર્યો:** મનોવિકૃત યુવક ગાર્ડનની નજીકના વિસ્તારમાં જ રહે છે. હવસના આગમાં શેકાતા યુવકે પહેલાં બાળકીના ચાર વર્ષના મોટા ભાઈને પોતાની સાથે લઈ જવાની કોશિશ કરી હતી, પરંતુ તે નહિ આવતા તેની નાની બહેનને પકડી લીધી હતી અને બગીચામાં જ આવેલા શેડમાં લઈ ગયો હતો. જોકે બાળક માતાને બોલાવવા દોડ્યું હતું અને સામેથી જ માતા આવતી દેખાતા બાળકી ઉગરી ગઇ હતી.

પોલીસ ઈન્સ્પેક્ટર વી.એ. જોગરાણાએ જણાવ્યું હતું કે, આરોપીના માતા-પિતા પોલીસ મથકે દોડી આવ્યા હતા અને તેની માનસિક સ્થિતિ સારી નહિ હોવાનું જણાવતા હતા. જોકે તે વારંવાર લગ્ન કરાવી આપો તેમ કહી તેમની સાથે ઝઘડો કરતો હોવાનું જણાવતો હતો. યુવાનીમાં પ્રવેશેલા આ યુવક સેક્સ મેનિયાક છે કે કેમ તેને લઈને પણ તપાસ હાથ ધરવામાં આવશે. જ્યારે વી.એ.જાડેજા (એસીપી સુરત પોલીસ)એ જણાવ્યું હતું કે, આ બાળકીનું અપહરણ કરીને લઈ ગયા બાદ તેની સાથે છેડતી કરવામાં આવી હતી અને ત્યારબાદ આ પકડાઈ જતા તેને માર પણ મારવામાં આવ્યો હતો. યુવક વિરુદ્ધ છેડતીનો ગુનો નોંધવામાં આવ્યો છે. આ સાથે જ આ યુવકને માર મારનાર વિરુદ્ધ પણ ગુનો નોંધવામાં આવ્યો છે. વધુ તપાસ લિંબાયત પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.

# સુરતમાં પોલીસ ભરતીમાં દોડતા યુવકનું હાર્ટ-એટેકથી મોત થયું

## SRPમાં કોન્સ્ટેબલે PSI બનવા 5 કિલોમીટરની દોડ લગાવી, 12મા રાઉન્ડમાં ઢળી પડ્યો

બારડોલી | સુરત જિલ્લાના વાવ ખાતે આજે સવારે એક કરુણ ઘટના સામે આવી છે. પોલીસ સબ-ઈન્સ્પેક્ટર અને લોકરક્ષક કેડરની ભરતી પરીક્ષા દરમિયાન એક ઉમેદવારનું હાર્ટ-એટેકથી મૃત્યુ થયું છે.

વાલિયા SRP દળ જૂથ-10માં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા 36 વર્ષીય સંજયકુમાર રસીકભાઈ ગામીત PSIની ભરતી પરીક્ષામાં ઉપસ્થિત થયા હતા. સવારે પ્રથમ બેચમાં 5 કિલોમીટર દોડ દરમિયાન સવારે 4:45 વાગ્યે તેઓ 12મા રાઉન્ડમાં દોડતા અચાનક બેભાન થઈને પડી ગયા હતા.

ફરજ પરના ડૉ. ચિરાગ કટારિયાએ તાત્કાલિક CPR, ઓક્સિજન અને દવાની પ્રાથમિક સારવાર આપી, પરંતુ સ્થિતિ ગંભીર જણાતાં 108 એમ્બ્યુલન્સ મારફત સવારે 5:05 વાગ્યે દીનબંધુ હોસ્પિટલ, ખોલવડ ખસેડવામાં આવ્યા. જ્યાં ડૉક્ટરોએ સવારે 5:30 વાગ્યે તેમને મૃત જાહેર કર્યા.

તાપી જિલ્લાના વ્યારા તાલુકાના ચીખલવાવ ગામના વતની સંજયકુમારનાં પરિવારજનોને ઘટનાની જાણ કરવામાં આવી છે. મૃતદેહને વધુ કાર્યવાહી માટે સીએચસી હોસ્પિટલ કામરેજ ખાતે ખસેડવામાં આવ્યો છે. આ કરુણ ઘટનાએ પોલીસ વિભાગમાં શોકની લાગણી ફેલાવી છે. ઉલ્લેખનીય છે કે રાજ્યના પોલીસ વિભાગમાં ભરતી કરવા માટે ગુજરાત પોલીસ ભરતી



બોર્ડની રચના કરવામાં આવી હતી. ત્યારબાદ બોર્ડ પોલીસની 12,472 જગ્યાઓની ભરતી માટે 16 લાખ ઉમેદવારોએ અરજી કરી હતી. જોકે, બિન-હથિયારી પોલીસ સબ-ઈન્સ્પેક્ટર અને લોકરક્ષક કેડરમાં 10,73,786 ઉમેદવાર કન્ફર્મ થયા છે. તેઓ રાજ્યના નિર્ધારિત 15 પરીક્ષા કેન્દ્રો (ગ્રાઉન્ડ) ખાતે શારીરિક ક્ષમતા કસોટી (ફિઝિકલ એફિશિયન્સી ટેસ્ટ-PET) અને શારીરિક માપ કસોટી (ફિઝિકલ સ્ટાન્ડર્ડ ટેસ્ટ- PST) માટે બોલાવાયા છે. તમામ ગ્રાઉન્ડના મોનિટરિંગ માટે ગાંધીનગર ખાતે ભરતી બોર્ડનો સેન્ટ્રલ કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવ્યો છે.

**16 લાખ ઉમેદવારે અરજી કરી:** ઉલ્લેખનીય છે કે રાજ્યના પોલીસ વિભાગમાં ભરતી કરવા માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડની રચના કરવામાં આવી હતી. ત્યારબાદ બોર્ડ પોલીસની 12,472 જગ્યાઓની ભરતી માટે 16 લાખ ઉમેદવારોએ અરજી કરી હતી. જોકે, બિન-હથિયારી પોલીસ સબ-ઈન્સ્પેક્ટર અને લોકરક્ષક કેડરમાં 10,73,786 ઉમેદવાર કન્ફર્મ થયા છે. તેઓ રાજ્યના નિર્ધારિત 15 પરીક્ષા કેન્દ્રો (ગ્રાઉન્ડ) ખાતે શારીરિક ક્ષમતા કસોટી (ફિઝિકલ એફિશિયન્સી ટેસ્ટ-PET) અને શારીરિક માપ કસોટી (ફિઝિકલ સ્ટાન્ડર્ડ ટેસ્ટ- PST) માટે બોલાવાયા છે.

# ગેસ ગળતરમાં 2ના મોત મુદ્દે અમદાવાદના કોન્ટ્રાક્ટરની ધરપકડ: પરિવારની માગ સ્વીકારાઈ

(એજન્સી) સુરેન્દ્રનગર | તા. 22

પાટડીમાં મંગળવારે સવારે એક દુઃખદ ઘટના સામે આવી, જેમાં ભૂગર્ભ ગટરની સફાઈ દરમિયાન બે યુવાનોના મોત નિપજ્યા. વેલનાથનગર પાસે આવેલા પાણીના સમ્પમાં સફાઈ માટે ઉતરેલા 24 વર્ષના જયેશ પાટડીયા અને 17 વર્ષના ચિરાગ પાટડીયાને કોઈપણ સુરક્ષા સાધનો આપવામાં આવ્યા ન હતા. બંને યુવાનો ગટરમાંથી નીકળતા ઝેરી ગેસને કારણે ગૂંગળાઈને મૃત્યુ પામ્યા હતા.

પોલીસે આ ઘટના અંગે કંપનીના કોન્ટ્રાક્ટર સંજય પટેલની ધરપકડ કરી છે. આ ઘટનાએ એકવાર ફરી સફાઈ કર્મચારીઓની સુરક્ષાનો મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. સામાજિક સંગઠનો અને એનજીઓએ સફાઈ કર્મચારીઓને યોગ્ય સુરક્ષા સાધનો પૂરા પાડવા અને તેમના જીવનની સલામતી સુનિશ્ચિત કરવાની માગ કરી છે.અમદાવાદની અંબિકા કોર્પોરેશન કંપનીને પાટડી નગરપાલિકા દ્વારા ગટર સફાઈનું કામ સોંપવામાં આવ્યું હતું. ઘટના બાદ મૃતકોના પરિવારજનોએ લાશ સ્વીકારવાનો ઈનકાર કર્યો અને પાંચ માગણીઓ રજૂ કરી, જેમાં પરિવારના એક સભ્યને સરકારી નોકરી અને આર્થિક સહાયનો સમાવેશ થાય છે. મોડી રાત્રે તંત્ર દ્વારા માગણીઓ સ્વીકારાતા પરિવારજનોએ મૃતદેહનો સ્વીકાર કર્યો.

પાટડીમાં બે યુવકોના સફાઈ કામ કરતી વખતે મોત થયા છે. પાણીના સંપ અંદર ઉતરીને કામ કરવા જતા ગૂંગળાઈને મોત થયા છે. હું સરકાર પાસે માંગણી કરૂ છું કે, મૃતકોને રૂ.10-10 લાખની સહાય કરવામાં આવે અને એના પરિવારના એક વ્યક્તિને સરકારી નોકરી આપવામાં આવે. સરકારે અનેક વખત કહ્યું છે કે, ગુજરાતમાં મેન્યુલ સ્કેવેન્જંગ બંધ થઈ ગયુ છે. પરંતુ એ વાત ખોટી છે.

# ખાણ વિભાગે JCB અને 3 ટ્રક સાથે 60 લાખનો મુદ્દામાલ કર્યો જપ્ત, 4 શખ્સોની અટકાયત કરી

(એજન્સી) પંચમહાલ (ગોધરા) | તા.22

પંચમહાલ જિલ્લાની ખાણ ખનીજ વિભાગની ટીમે ગઈકાલે મોડી સાંજે ગોધરા અને હાલોલ વિસ્તારમાં મોટી કાર્યવાહી કરી હતી. વિભાગને મળેલી ચોક્કસ બાતમીના આધારે હાલોલ તાલુકાના રામેશરા ગામે અને ગોધરા બાયપાસ રોડ પર દરોડા પાડવામાં આવ્યા હતા.

બાતમી મુજબ, હાલોલના રામેશરા ગામે એક JCB મશીન દ્વારા ગેરકાયદેસર રીતે બે ટ્રકમાં માટીનું ખનન કરી ભરવામાં આવી રહ્યું હતું. જ્યારે ગોધરા બાયપાસ રોડ પરથી એક ટ્રક બિનઅધિકૃત રીતે ક્વાર્ટઝ ખનીજ ભરીને પસાર થઈ રહ્યું હતું.

ખાણ વિભાગની ટીમે બંને સ્થળોએ તપાસ દરમિયાન એક JCB મશીન અને ત્રણ ટ્રક જપ્ત કર્યા હતા. આ કાર્યવાહીમાં અંદાજે રૂ. 60 લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. સાથે જ



ગેરકાયદે ખનન સાથે સંકળાયેલા ચાર શખ્સોની પણ અટકાયત કરવામાં આવી હતી. જપ્ત કરાયેલો તમામ મુદ્દામાલ ગોધરા કલેક્ટર કચેરી અને હાલોલ ખાતે રાખવામાં આવ્યો છે. વિભાગ દ્વારા આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ધો.8 વિદ્યાર્થિનીના આપઘાત કેસમાં નવો વળાંક

# એક વર્ષની 15,000 ફી ભરી નહોતી, પરિવારે સ્કૂલે મોકલવાનું બંધ કરાવ્યું; સાથીમિત્રોની પૂછપરછમાં પ્રેમસંબંધનો એંગલ સામે આવ્યો

(એજન્સી) સુરત | તા. 22

સુરત |સુરતના ગોડાદરા વિસ્તારમાં ગતરોજ ધોરણ 8માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની દ્વારા ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી પ્રસરી ગઈ હતી. દીકરીના મોતને પગલે પરિવારજનોએ હૈયાફાટ રુદન કરતાં શાળાના સંચાલકો દ્વારા ફી ન ભરી હોવાને કારણે વિદ્યાર્થિનીને સજાના ભાગ રૂપે વર્ગખંડમાં ન બેસવા દેતા આ પગલું ભર્યું હોવાનું જણાવ્યું હતું. જોકે, ગોડાદરા પોલીસ દ્વારા પરિવારના આક્ષેપો પગલે તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં મૃતક વિદ્યાર્થિનીના ક્લાસના વિદ્યાર્થીઓની પૂછપરછ કરવામાં આવતા પ્રેમ સંબંધનો એંગલ સામે આવ્યો હતો. આ વાતને પરિવાર દ્વારા છુપાવવામાં આવી હોવાનું પણ સામે આવ્યું છે.

**પાંચ સભ્યોની કમિટી બનાવી તપાસ શરૂ: DEO**

આ મામલે જિલ્લા શિક્ષણ અધિકારી ભગીરથસિંહ પરમારે આજે(22 જાન્યુઆરી, 2025) કહ્યું કે,આદર્શ પબ્લિક સ્કૂલની ઘટના મારા ધ્યાન પર આવી છે. ધો. 8ની વિદ્યાર્થિનીએ આપઘાત કર્યો છે. આ મામલે અમે પાંચ સભ્યોની કમિટી બનાવી તપાસ શરૂ કરી છે અને વિદ્યાર્થિનીના મિત્રો અને પરિવારજનોના નિવેદન લેવાનું શરૂ કર્યું છે અને રિપોર્ટ બાદ જો શાળા સામે કોઈ વાંધો જણાશે તો તેના વિરુદ્ધ કાર્યવાહી કરાશે, આ સાથે પોલીસ પણ કાર્યવાહી કરી રહી છે.

**'શાળા સંચાલક, આચાર્ય અને સહપાઠીઓના નિવેદન લીધા':** અમારા વર્ગ-2 અને વર્ગ-3 ના અધિકારીઓની તપાસ ટીમ આ મામલે કામગીરી કરી રહી છે. તેમણે શાળા સંચાલકના, આચાર્યના, શિક્ષકોના અને વિદ્યાર્થીનીની સાથે ભણતા અન્ય વિદ્યાર્થીઓના નિવેદનો લીધા છે. આ ઉપરાંત સીસીટીવી ફૂટેજના આધાર પર પોતાનો રિપોર્ટ જમા કરાવશે અને રિપોર્ટના આધાર પર સાચી હકીકત શું છે એ પછી શાળા સંચાલક મંડળમાં જવાબદાર છે તો સારા સંચાલક મંડળ સામે કાર્યવાહી કરવામાં આવશે. આદર્શ શાળામાં વિદ્યાર્થિનીનો પ્રવેશ આ વર્ષે જ લેવામાં આવ્યો છે. વિદ્યાર્થિની અગાઉ અન્ય શાળમાં ભણતી હતી અને અભ્યાસ દોઢ વર્ષે છોડી દીધો હતો. આ શાળામાં પ્રવેશ મેળવી ફરી અભ્યાસ શરૂ કરેલો છે.

# ફાધરે વિદ્યાર્થીને પાંચ ફડાકા ઝીંકી દીધા...

## રાજકોટના જેતપુરની સેન્ટ ફ્રાન્સીસ સ્કૂલનો વીડિયો વાઈરલ, શિક્ષણ વિભાગે તપાસનો આદેશ આપ્યો...

રાજકોટ | રાજકોટના જેતપુરની સેન્ટ ફ્રાન્સીસ સ્કૂલમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીને ફાધર માર મારતા હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. સ્કૂલની લોબીમાં આવી રહેલા વિદ્યાર્થીને કોઈ કારણોસર ફાધરે પાંચ ફડાકા ઝીંકી દીધા હતા. જેતપુરની ગ્રાન્ટેડ સેન્ટ ફ્રાન્સિસ સ્કૂલમાં સ્કૂલના જ ફાધર દ્વારા એક વિદ્યાર્થીને માર મારવામાં આવતો હોવાના સીસીટીવી સામે આવ્યા છે આ સીસીટીવી માં દેખાઈ રહ્યું છે કે સ્કૂલનો સમય શરૂ થયા બાદ સવારે તમામ વિદ્યાર્થીઓ ક્લાસ માં જતાં હોય છે તેવામાં લોબીમાં જતા વિદ્યાર્થી ઉપર આ જ સ્કૂલના ફાધર તૂટી પડે છે અને એક વિદ્યાર્થીને 5 થી 6 લાફા મારી દે છે. જેને કારણે આસપાસના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ ત્યાં એકઠા થઈ જાય છે જોકે વિદ્યાર્થીને કયા કારણોથી લાફા મારવામાં આવ્યા તે હજુ સુધી સામે આવ્યું નથી.





**DEOએ તપાસનો આદેશ આપ્યો**

આ અંગે રાજકોટના ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી કિરીટસિંહ પરમારનો સંપર્ક કરવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે, જેતપુરની સેન્ટ ફ્રાન્સીસ ગ્રાન્ટેડ સ્કૂલમાં ફાધર દ્વારા કોઈ વિદ્યાર્થીને માર મારવામાં આવતો હોવાના સીસીટીવી મને મીડિયાના માધ્યમથી મળ્યા છે. જેથી આ ઘટના અંગે એજ્યુકેશન ઈન્સ્પેક્ટરને તપાસ આપવામાં આવી છે. જોકે આ ઘટના એક અઠવાડિયા પહેલાંની એટલે કે 16 જાન્યુઆરીની હોવાનું જાણવા મળ્યું છે. આ વિદ્યાર્થી કોણ હતો? ક્યા ધોરણમાં અભ્યાસ કરતા હતો ? અને ફાધર દ્વારા શા માટે માર મારવામાં આવ્યો તે અંગે તપાસ બાદ જ ખ્યાલ આવશે. એક અઠવાડિયા બાદ પણ આ ઘટનામાં હજુ સુધી મને વાલીની ફરિયાદ મળી નથી.

**વિદ્યાર્થિનીએ આપઘાત કરતા શાળા પર આક્ષેપ**

સુરતના ગોડાદરા વિસ્તારમાં ગતરોજ ધોરણ 8માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની દ્વારા ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી પ્રસરી ગઈ હતી. દીકરીના મોતને પગલે પરિવારજનોએ હૈયાફાટ રુદન કરતાં શાળાના સંચાલકો દ્વારા ફી ન ભરી હોવાને કારણે વિદ્યાર્થિનીને સજાના ભાગ રૂપે વર્ગખંડમાં ન બેસવા દેતા આ પગલું ભર્યું હોવાનો આક્ષેપ કર્યો હતો. આ મામલે જિલ્લા શિક્ષણ અધિકારી ભગીરથસિંહ પરમારે આજે(22 જાન્યુઆરી, 2025) કહ્યું કે,આદર્શ પબ્લિક સ્કૂલની ઘટના મારા ધ્યાન પર આવી છે.

ધો. 8ની વિદ્યાર્થિનીએ આપઘાત કર્યો છે. આ મામલે અમે પાંચ સભ્યોની કમિટી બનાવી તપાસ શરૂ કરી છે અને વિદ્યાર્થિનીના મિત્રો અને પરિવારજનોના નિવેદન લેવાનું શરૂ કર્યું છે અને રિપોર્ટ બાદ જો શાળા સામે કોઈ વાંધો જણાશે તો તેના વિરુદ્ધ કાર્યવાહી કરાશે, આ સાથે પોલીસ પણ કાર્યવાહી કરી રહી છે.

# કડીમાંથી ઝડપાયેલા ઘી ના નમૂના ફેલ

## લેબ રિપોર્ટમાં અખાદ્ય સાબિત થતાં પેઢી માલિક સામે કાર્યવાહી, 13.79 લાખનો જથ્થો જપ્ત કરાયો હતો...

(એજન્સી) મહેસાણા | તા. 22

મહેસાણા જિલ્લાના કડી નજીક છત્રાલ માર્ગ પર આવેલી એક પેઢીમાંથી નકલી ઘી બનાવવાનું કૌભાંડ બહાર આવ્યું છે. ગત ઓક્ટોબર મહિનામાં તંત્રની ટીમે એક પેઢી પર દરોડા પાડી શંકાસ્પદ ઘીનો જથ્થો સીઝ કર્યો હતો. જે ના નમૂના પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યાં હતા. જેનો રિપોર્ટ અઢી મહિના બાદ આવ્યો છે. જે લેબ રિપોર્ટમાં આ જથ્થો અખાદ્ય સાબિત થતાં પેઢી માલિક સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે તે સમયે 13.79 લાખનો જથ્થો જપ્ત કરાયો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓએ ગત 23 ઓક્ટોબરે મે. હંસાબેન દીપકભાઈ પટેલના ગોડાઉન પર દરોડો પાડ્યો હતો, જ્યાંથી દાવત બ્રાન્ડનું તથા ગાયનું ઘી અને લેબલ વગરના ડબ્બામાં ભરેલા શંકાસ્પદ ઘી સહિતના ખાદ્ય પદાર્થો મળી આવ્યાં હતા.

તંત્રએ કુલ રૂ. 13,79,260ની કિંમતનો 20.37 કિલો અને 644 લીટર જેટલો શંકાસ્પદ ખાદ્ય પદાર્થોનો જથ્થો સીઝ કર્યો હતો. આ જથ્થામાંથી લેવાયેલા નમૂનાઓને પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યાં હતા. અઢી મહિના બાદ આવેલા લેબ રિપોર્ટમાં તમામ નમૂનાઓ નાપાસ થયા છે અને તે અખાદ્ય હોવાનું સાબિત થયું છે.

આ ગંભીર પ્રકરણમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા પેઢી માલિક સામે કોર્ટમાં કાનૂની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ કૌભાંડથી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં થતાં હોવાનું સામે આવ્યું છે.

**ઘી અસલી છે કે નકલી આ રીતે ઓળખો**

ઘી વિશે તો મોટેભાગે વૃદ્ધો કહે છે કે, અમે જૂના જમાનાનું ઘી ખાઈને મોટા થયા છીએ એટલે અમે મજબૂત છીએ. અમે તમારી જેમ ભેળસેળવાળું ઘી ખાધું નથી. સાચી વાત તો એ છે કે, જો પ્યોર ઘી ખાવામાં આવે તો તે સ્વાસ્થ્ય માટે અનેક રીતે ફાયદાકારક છે. તે શરીરને ડિટોક્સ કરી શકે છે. તેમાં કોલેસ્ટ્રોલ પણ સારા પ્રમાણમાં હોય છે તેમછતાં બજારમાં શુદ્ધ ઘી મળે છે કે, કેમ તે પ્રશ્ન ઊભો થાય છે? તમામ કંપનીઓ દાવા કરે છે પણ વાસ્તવિકતા શું છે? તે જાણવા માટે અમે તમને કેટલીક ટિપ્સ અને ટ્રિક્સ જણાવીશું.

# મોરબીમાં 21 વર્ષીય યુવાનનો આપઘાત

(એજન્સી) મોરબી | તા. 22

મોરબી-હળવદ હાઈવે પર ઉંચી માંડલ ગામની સીમમાં આવેલા એકોર્ડ સિરામિક કારખાનામાં એક દુખદ ઘટના સામે આવી છે. કારખાનાના લેબર ક્વાર્ટરમાં રહેતા 21 વર્ષીય રીશી અંશલેન સીંગાડીયાએ ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે.



ઘટનાની જાણ થતાં તરત જ યુવકના મૃતદેહને મોરબીની સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના ડૉક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. હોસ્પિટલ દ્વારા મોરબી તાલુકા પોલીસને જાણ કરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, મૃતક યુવક કારખાનામાં મજૂરી કામ કરતો હતો અને લેબર ક્વાર્ટરમાં રહેતો હતો. આપઘાત પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના જીલુભાઈ ગોગરા આ કેસની તપાસ કરી રહ્યા છે. પોલીસે આપઘાતના બનાવની નોંધ કરીને આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# નાળિયેર-શ્રીફળમાં મોંઘવારીની અસરઃ ચાર માસથી પ્રતિ નંગ ભાવ રૂા. 35 એ પહોંચ્યા

## ભાવવધારો... આગામી માસથી નવા માલની આવક વધતાં ભાવમાં ઘટાડાની શક્યતા

(એજન્સી) ભાવનગર । તા. 22

શારીરિક તંદુરસ્તી માટે ટોનિક ગણાતાં લીલા નાળિયેર તથા સુકા નાળિયેર(શ્રીફળ) નું ઉત્પાદન ઘટતાં છેલ્લા ચાર માસમાં પ્રતિ નંગમાં અંદાજે રૂા. પાંચના વધારા સાથે ભાવન રૂા. ૩૫ સુધી પહોંચ્યા છે. નાળિયેરના ઉત્પાદનમાં મોખરે જિલ્લાના મહુવામાં પણ આ વર્ષે માંગ સાથે ઉત્પાદન ઓછું રહેતાં ભાવમાં ઉછાળો આવ્યો છે જો કે, આગામી ફેબ્રૂરઆરી બાદ નવા માલની આવકના પગલે ભાવમાં ઘટાડો થવાની ખેડૂતો આશા સેવી રહ્યા છે. દેશમાં કેરળ તેમજ આંધ્ર પ્રદેશની સાથોસાથ ગુજરાતમાં પોરબંદર તથા ભાવનગર જિલ્લાના મહુવામાં લીલા નાળિયેરનું મબલખ ઉત્પાદન થાય છે. તેમાંય મહુવામાં ઉત્પાદિત થતાં નાળિયેરની ગુણવત્તાને લઈ તેની ભાવનગર ઉપરાંત આંતર જિલ્લા અને આંતર રાજય માંગ વધુ હોય છે. જો કે, આ વર્ષે મહુવા સહિતના સ્થળોએ નાળિયેરના પાકનું ધાર્યા કરતા ઉત્પાદન ઘટી જતા પાછલા ચારેક મહિનાથી લીલા નાળિયેર અને સુકા નાળિયેર (શ્રીફળ) ના ભાવમાં તેજીનો પવન ફૂંકાઈ રહ્યો છે. આ વર્ષે સર્વત્ર નીચા ઉત્પાદન સામે માંગ વધતાં રાજયના પોરબંદર,માંગરોળથી લઈને મહુવા પટ્ટીના વિસ્તારોમાં પાકતા નાળિયેર અને શ્રીફળના ભાવમાં છેલ્લાં ચાર માસથી એકાએક વધારો નોંધાયો હોવાનું ખેડૂતોએ વિગતો આપતાં જણાવ્યું હતું. ખેડૂતોના જણાવ્યાનુંસાર, હાલ ભાવનગર સહિત સૌરાષ્ટ્રના છુટક બજારમાં સુકા નાળિયેર આજની તારીખે પણ નંગદીઠ રૂા.૨૫ થી લઈને રૂા.૩૫માં વેચાઈ રહ્યા છે. જેના કારણે વિવિધ બિમારીના દર્દીઓ દર્દીઓ અને ખાસ કરીને કારણે કોપરા, નાળિયેર અને શ્રીફળ આધારિત ખાણી પીણીના એકમોને પણ આ ભાવવધારો ડંખી રહ્યો છે.હજુ આગામી એક માસ એટલે કે, ફેબ્રુરઆરી સુધી આ ભાવમાં ઘટાડો થવાની ખેડૂતોએ શક્યતા નકારી હતી.અને જેમ-જેમ સ્થાનિક કક્ષાએ થતાં ઉત્પાદનની સાથોસાથ તામિલનાડુ, કેરળ અને આંધ્રપ્રદેશમાંથી નવા પાકના આગમનની સાથે ભાવમાં ઘટાડો આવે તેમ ખેડૂતોએ મત વ્યક્ત કર્યો હતો.

મહુવા પંથકના ખેડૂતોના જણાવ્યાનુંસાર, મહુવા સહિત સૌરાષ્ટ્રમાં તેનું છેલ્લા કટીંગની કામગીરી શરૂ છે. હવે નવા માલ આવતા સોદા વધી જશે. મહુવા માર્કેટીંગ યાર્ડમાં ગત સોમવારે ૫૭૫૦ નંગ નાળિયેરનું વેચાણ થયુ હતુ. અને તેના ઉંચા ભાવ પ્રતિ ૧૦૦ નંગ રૂા.૨૧૦૨ બોલાયા હતા. જયારે ગત મંગળવારે ૧૨,૨૫૦ નંગ નાળિયેરનું વેચાણ થયુ હતુ. અને તેના ઉંચા પ્રતિ ૧૦૦ નંગ રૂા.૨૧૦૭ નો ભાવ બોલાયો હતો.

### મહુવામાં નાળિયેરનુ બમ્પર ઉત્પાદન :



સૌરાષ્ટ્રના કાશ્મીર ગણાતા મહુવામાં આ વર્ષે નાળિયેરનું બમ્પર ઉત્પાદન થયુ છે.આથી મહુવા માર્કેટીંગ યાર્ડમાં નાળિયેરની ધૂમ આવક થતા હરરાજી થાય છે અને ઉંચો ભાવ મળે છે. બાદ મહુવામાંથી દરરોજ ૭૦થી ૮૦ ટ્રક નાળિયેરની નિકાસ થાય છે આથી મહુવા ગુજરાત રાજયનું એકમાત્ર નાળિયેરીનું અક્સપોર્ટ યાર્ડ ગણાય છે.

---

તાત્કાલિક રિપેરીંગ કામ નહીં થાય તો ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરાશે

# બુધેલ-વરતેજ રોડ અતિ બિસ્માર, 10 કિ.મી.નું અંતર કાપવા પોણો કલાક જેટલા સમયનો વેડફાટ

(એજન્સી) ભાવનગર । તા. 22

બુધેલ-વરતેજ રોડ ૨૪ કલાક મોટા વાહનોથી ધમધમતો રહે છે. આ રસ્તો એટલી હદે બિસ્માર થઈ ગયો છે કે, વાહનચાલકોનો ૧૦ કિ.મી.નો રૂટ કાપવા માટે પોણો કલાક જેટલો સમયનો વેડફાટ થઈ રહ્યો છે. આ ઉપરાંત લાખણકા ડેમના પુલ ઉપર ચાલી રહેલા રિપેરીંગ કામના કારણે જે ડાયવર્ઝન અપાયું છે, તે કોઝ-વે સાંકળો હોવાના કારણે ટ્રાફિકની કાયમી સમસ્યા રહે છે.

ઉના, રાજુલા, પીપાવાવ, મહુવા, તળાજા, અલંગ તરફથી આવતા વાહનો માટે બુધેલ-વરતેજ રોડ ભાવનગર જવા બાયપાસ હોવાથી આ રસ્તો અત્યંત વ્યસ્ત રહે છે. સતત ટ્રાફિકથી ધમધમતા આ રસ્તાની છેલ્લા કેટલાક સમયથી



હાલત બિસ્માર બની ગઈ હોવાથી વાહનચાલકો તોબા પોકારી જાય છે. રસ્તો અતિ બિસ્માર હોવાથી ઘણી વખત ટ્રાફિકજામની સમસ્યા પણ સર્જાઈ છે. તેમજ બુધેલ-વરેજ રોડ પર લાખણકા ડેમના પુલનું હાલ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા રિપેરીંગ કામ કરવામાં આવી રહ્યું છે. જેના કારણે બાજુમાં રહેલા જૂના કોઝ-વે પર વાહનો માટે ડાયવર્ઝન અપાયું છે. જે-તે સમયે ડાયવર્ઝન અપાઈ રહ્યું હતું. ત્યારે કોઝ-વેને પહોળો કરવા નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધિકારીઓને જાણ કરાઈ હતી. પરંતુ તેમ છતાં સાંકડા કોઝ-વે ઉપર જ ડાયવર્ઝન આપી વાહન વ્યવહાર શરૂ કરી દેવાયો હતો. જેના કારણે અવાર-નવાર ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ છે અને એક-બે કિલોમીટર જેટલી વાહનોની લાંબી લાઈનો પણ લાગે છે. આ કારણે ઈંધણ, સમયનો વેડફાટ થતો હોય, લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. લાખણકા ડેમનો પુલ જર્જરીત હોય, તેને રિપેરીંગ કરવાના બદલે નવો અને પહોળો બનાવવો અત્યંત જરૂરી છે. રસ્તાની બિસ્માર હાલત અને પુલ બાબતે બુધેલના પૂર્વ સરપંચે જિલ્લા કલેક્ટરને લેખિતમાં રજૂઆત કરી જો માંગણી નહીં સ્વીકારવામાં આવે તો ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા ચિમકી ઉચ્ચારી હતી.

---

ગોધરા તરફના રોડ પરના બ્રિજ ઉપર લોખંડની પ્લેટ, સળિયા, ખિલ્લા બહાર આવવા સાથે મોટા ખાડાં

# મહીસાગર નદીના પુલ પર ગાબડાં વાહન ચાલકોના જીવને જોખમ



(એજન્સી) સેવાલિયા । તા. 22

ગળતેશ્વર તાલુકાના સેવાલિયા પાસે મહીસાગર નદીના પુલ ઉપર ગાબડાં પડી જવાના લીધે અકસ્માતનો ભય રહ્યા કરે છે. ત્યારે સત્વરે બ્રિજનું સમારકામ કરાય તેવી માંગણી ઉઠી છે.ગળતેશ્વર તાલુકામાં સેવાલિયા ગોધરા રોડ ઉપર મહીસાગર નદીના પુલ પર દિવસ દરમિયાન હજારો વાહનો પસાર થાય છે. પુલ ઉપર મોટાં ગાબડા પડી ગયા છે. લોખંડની પ્લેટ, સળિયા અને મોટા ખીલ્લા પણ બહાર આવવા સાથે મોટો ખાડો પડી ગયો છે. ત્યારે ગાબડાં પરથી પસાર થતા વાહન ચાલક કાબુ ગુમાવે તો બ્રિજ ઉપરથી નદીમાં ખબકવાનો ભય છે. ઘણીવાર ખાડાંમાં પડવાના બનાવ બન્યા છે પરંતુ, રેલિંગના લીધે ચાલકનો બચાવ થઈ જાય છે. મરામતના અભાવે હાલ તો વાહન ચાલકો હાલાકી ભોગવી રહ્યા છે.

આ અંગે આરએન્ડબી સ્ટેટના નાયબ કાર્યપાલક ઈજનેરે ફોન રિસિવ નહીં કરતા નાયબ મુખ્ય કાર્યપાલક ઈજનેર સુનિલ કિશોરી સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, મારે ચાર્જ સંભાળે ૧૦ દિવસ થયા છે. માટે પુલ કેટલો જૂનો છે તે અંગે મને જાણ નથી. પણ રોડ પરના ખાડા એક બે દિવસમાં હું રિપેર કરાવી લેવડાવીશ. રોડ મંજૂર થયેલો છે પરંતુ ટેન્ડરિંગ પ્રક્રિયાની તપાસ કરી જાણી લઈશ.

---

પાલિકા વેપારીઓને હેરાન કરતી હોવાનો આક્ષેપ

# ઉમરેઠ પાલિકાએ પ્લાસ્ટિકનું ચેકિંગ કરતા વેપારીઓનો ઉગ્ર વિરોધ

(એજન્સી) આણંદ । તા. 22

ઉમરેઠ નગરપાલિકાની ટીમ દ્વારા ગાંધી શેરીમાં હલકી ગુણવત્તાનું પ્લાસ્ટિક વાપરતા વેપારીઓને ત્યાં તપાસ હાથ ધરી હતી. પાલિકાની ટીમ અચાનક એક દુકાનમાં ઘૂસી જતાં વેપારીઓએ વિરોધ કર્યો હતો. વેપારીઓ એકત્ર થઈ જતાં પાલિકાની ટીમે પોલીસને બોલાવી કામગીરી શરૂ કરી હતી. વેપારીઓએ આ અંગે પાલિકામાં આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

વેપારીઓએ નગરપાલિકામાં આવેદનપત્ર આપતા જણાવ્યું હતું કે, પાલિકાની ટીમ દ્વારા દર પંદર દિવસે ચેકિંગ હાથ ધરવામાં આવે છે. ગ્રાહકોને હેરાનગતિ ન થાય તે માટે



કરિયાણા બેગ-ઝભલા આપવામાં આવે છે. ટીમ પેકિંગના ઝભલા લઈને જતી રહે છે પરંતુ દંડ વસુલતી નથી. આવું વારંવાર થતું હોવાથી વેપારીઓને મુશ્કેલી વેઠવી પડતી હોવાના આક્ષેપ લગાવ્યા હતા. તેમજ વિસ્તારમાં દૈનિક સફાઈ કરવવા તેમજ સાંજે સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા કરવાની માંગ કરી હતી. તેમજ પાલિકાની ટીમ દ્વારા વારંવાર ચેકિંગના બહાને ગાંધી શેરીના વેપારીઓને હેરાન કરાશે તો ગાંધી ચિંધ્યા માર્ગે જવાની વેપારીઓને ફરજ પડશે તેવી વેપારીઓએ ચિમકી ઉચ્ચારી હતી. ઉમરેઠ નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર ધર્મેશ પંચાલે જણાવ્યું હતું કે, સરકારની ગાઈડલાઈન અને પોલ્યુશન કંટ્રોલ બોર્ડના નિયમો મુજબ ૧૨૦થી ઓછું માઈક્રોન ધરાવતું પ્લાસ્ટિક વેચવું ગુનો છે. જેથી અમે દર પંદર દિવસે કામગીરી કરીએ છીએ. વેપારીઓ પાસેથી એક કિલોથી ઓછું પ્લાસ્ટિક પકડતા હોય ત્યારે દંડની રકમ વધુ થતી હોવાથી દંડ કરતા નથી. અમારો આશય હલકા પ્લાસ્ટિકને જપ્ત કરી નાશ કરવાનો છે. બે કિલોથી ઉપરનું હલકું પ્લાસ્ટિક પકડાય તો દંડ કરીને પાવતી આપીએ છીએ.

### જે. એન. એન્ટરપ્રાઈઝમાંથી 17 હજાર કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત : જીપીસીબીની નોટિસ

આણંદ : બોરસદ તાલુકાની વાસણા જીઆઈડીસીમાં આવેલી જે.એન. એન્ટરપ્રાઈઝમાંથી ૧૭ હજાર કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો બોરસદ પાલિકાએ ઝડપી પાડયો હતો. ૧૨૦ માઈક્રોનથી ઓછા પ્લાસ્ટિકનું રો-મટિરિયલ, તૈયાર ઝભલા બનાવવાની મશીનરી સહિત રૂા. ૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી જીપીસીબીને જાણ કરાઈ હતી. ત્યારે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે કંપનીને નોટિસ ફટકારી ત્રણ દિવસમાં ખૂલાસો નહીં કરાય તો ફેક્ટરીના ક્લોઝર કરવા સુધીની કાર્યવાહી કરાશે.બોરસદ પાલિકાનો સ્ટાફ ૧૨૦ માઈક્રોનથી નીચા પ્લાસ્ટિક શોધવાની ઝૂંબેશમાં ચેકિંગમાં હતું. દરમિયાન વાસણા જીઆઈડીસીમાં આવેલી જે.એન. એન્ટરપ્રાઈઝમાં ફેક્ટરીની અંદર હલકી ગુણવત્તાવાળા પ્લાસ્ટિકની થેલી- ઝભલાં બનાવવાનું કામ ચાલી રહ્યું હતું. જ્યાં પાલિકાની ટીમે દરોડો પાડયો હતો.

---

50 કામદારોની મદદથી પાકાં બાંધકામ દૂર કરાયા

# વિદ્યાનગરના પોશ ગણાતા મહાદેવ વિસ્તારમાંથી 50 દબાણો હટાવાયા



(એજન્સી) આણંદ । તા. 22

આણંદ મહાનગરપાલિકાની દબાણ હટાવ ટીમ દ્વારા વિદ્યાનગરના પોશ ગણાતા મહાદેવ વિસ્તારમાંથી ૫૦ જેટલા ગેરકાયદે પાકાં દબાણો દૂર કરવામાં આવ્યા હતા. આણંદ મહાનગરપાલિકા દ્વારા ટ્રાફિકને અડચણરૂપ અને જાહેર માર્ગો ઉપરના દબાણ દૂર કરવાની કામગીરી પૂરઝડપે ચાલી રહી છે. જેના સંદર્ભે હવે વિદ્યાનગરના ભરચક ગણાતા મહાદેવ વિસ્તારમાં ૫૦ જેટલા ગેરકાયદેસર દબાણોનો મહા પાલિકાની ટીમે સફાયો બોલાવી દીધો હતો. કાચા પાકા બાંધકામો તેમજ લારી ગલ્લાઓ અને છજાઓ જેસીબી અને કામદારોની મદદ દૂર કરી સરકારી જગ્યા ખૂલ્લી કરાઈ હતી. દબાણો દૂર કરવા સંદર્ભે નાયબ કમિશનરે જણાવ્યું હતું કે, તંત્ર દ્વારા દબાણકર્તાઓને અગાઉ નોટિસ અને જાણ કરવા છતાં દબાણો દૂર નહીં કરતા પોલીસ બંદોબસ્ત સાથે રાખી સરકારના નિયમો મુજબ જ દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે. મહાપાલિકાની ખાસ ટીમ દ્વારા ગેરકાયદે દબાણો શોધવામાં પણ આવી રહ્યા છે. તમામ દબાણો ઝડપથી તબક્કાવાર દૂર કરવાની કામગીરી કરવામાં આવશે. આજે મનાપાના ૫૦ જેટલા કામદારો, જેસીબી સહિતની મશીનરીનો ઉપયોગ કરી અને પોલીસને સાથે રાખીને વિદ્યાનગરમાંથી ૫૦ દબાણો હટાવાયા છે.

---

બોટાદ નગરપાલિકની મધ્યસત્ર ચૂંટણી યોજાશે

# 11 વોર્ડની 44 બેઠક માટે 27 મીથી ફોર્મ ભરાશે

(એજન્સી) બોટાદ । તા. 22

રાજ્ય ચૂંટણી આયોગે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરતા બોટાદ નગરપાલિકાની મધ્યસત્ર ચૂંટણી યોજાશે. આ અંગેની પ્રાપ્ય વિગત અનુસાર બોટાદ જિલ્લામાં નગરપાલિકાઓ/જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય, મધ્યસત્ર, પેટા ચૂંટણીઓનો કાર્યક્રમ રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી નક્કી કરવામાં આવ્યો છે. જે મુજબ ફેબ્રુરઆરી-૨૦૨૫માં મધ્યસત્ર ચૂંટણી હેઠળની નગરપાલિકાની વિગતો જોઈએ તો, બોટાદ જિલ્લામાં બોટાદ નગરપાલિકાનો સમાવેશ થાય છે. બોટાદ નગરપાલિકા બે વર્ષ અગાઉ સુપરસીડ થતા હાલ વહીવટદારનું શાસન છે. હવે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ચૂંટણી કાર્યક્રમ જાહેર થતા બોટાદ નગરપાલિકાની મધ્યસત્ર ચૂંટણી યોજાશે. જેમાં પાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે તા.૨૭ જાન્યુઆરીએ જાહેરનામું પ્રસિદ્ધ થવા સાથે ઉમેદવારી પત્રો ભરવાનો પ્રારંભ થશે. ફેબ્રુરઆરી-૨૦૨૫માં સામાન્ય ચૂંટણી હેઠળની નગરપાલિકાની વિગતો જોઈએ તો, ગઢડા નગરપાલિકાની ચૂંટણી યોજાશે.

ફેબ્રુરઆરી-૨૦૨૫માં પેટા ચૂંટણી હેઠળની જિલ્લા પંચાયતની વિગતોમાં બોટાદ જિલ્લા પંચાયતની ૧૪-પાળીયાદ બિન અનામત સામાન્ય તેમજ બોટાદ તાલુકા પંચાયતની ૨૧-તુરખા બિન અનામત સામાન્ય બેઠક અને રાણપુર તાલુકા પંચાયતની ૧૦- માલણપુર બિન અનામત સામાન્ય બેઠકનો સમાવેશ થાય છે.

---

ધોરડો ટેન્ટ સીટીમાં મુંબઈવાસી વૃધ્ધનું હૃદય રોગના હુમલાથી મોત

# લાખોંદમાં માનસિક વિચલિત આધેડનો ઝેરી દવા પી આપઘાત

(એજન્સી) ભુજ । તા. 22

ભુજ તાલુકાના લાખોંદ ગામે રહેતા માનસિક અસ્થિર આધેડએ ઝેરી દવા પી લેતાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. તો, મુંબઈથી પરિવાર સાથે કચ્છ ધોરડો ફરવા આવેલા વૃધ્ધનું ટેન્ટ સીટીમાં હૃદય રોગના હુમલાથી નિધન થયું હતું. જ્યારે પૂર્વ કચ્છના અંજાર ખાતે રહેતા વયસ્ક નોકરીની શોધમાં ભટકી રહ્યા હતા. ત્યારે ભારાપર ગામ પાસે છાતીમાં દુખાવો થતાં હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યાં સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધો હતો. પ્રાપ્ત વિગતો મુજબ લાખોંદ ગામે રહેતા ૪૫ વર્ષીય રવજીભાઈ વાલજીભાઈ મ્યાત્રા અપરણીત અને માનસિક અસ્વસ્થ હોઈ રવિવારે સાંજે તેમણે પોતાના ઘરમાં ઝેરી દવા પી લીધી હતી. હતભાગના ભાઈ બાબુભાઈએ સારવાર માટે જી.કે.જનરલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મંગળવારે બપોરે હાજર પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. પધ્ધર પોલીસે બનાવની નોંધ લઈ આગળની તપાસ કરી છે. તો, મુંબઈના ગોરેગાવ ખાતે રહેતા ૭૩ વર્ષીય અરૂણકુમાર અકલરાજ મહેતા નામના વૃધ્ધ તેમના સબંધી અને પરિવાર સાથે કચ્છ ધોરડો ફરવા આવ્યા હતા. તેમને સોમવારે રાત્રીના એક વાગ્યે ટેન્ટસીટીમાં છાતીમાં દુખાવો થતાં તેમના ગાંધીધામ ખાતે રહેતા સબંધી સંજયભાઈ તારાચંદભાઈ જૈન ભુજ જી.કે.જનરલ હોસ્પિટલમાં લઈ આવતાં જ્યાં હાજર પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. ખાવડા પોલીસે આગળની કાર્યવાહી કરી હતી. જ્યારે અંજાર ખાતે વાગડીયા ચોકમાં રહેતા સુરેશભાઈ પરષોતમભાઈ દાવડા નોકરીની શોધમાં ભુજ આવ્યા હતા. દરમિયાન શનિવારે સવારે નવ વાગ્યે તેમને ભારાપર પાસે છાતીમાં દુખાવો ઉપડતાં ભારાપર સરકારી હોસ્પિટલ બાદમાં ભુજ જી. કે.જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં જ્યાં સોમવારે મોડી રાત્રે અંતિમ શ્વાસ લીધો હતો.

---

કચ્છમાં પાંચ લાખ એકર ગૌચર જમીન ઉપર દબાણના આક્ષેપો, નાયબ કલેકટરને દોઢ વર્ષ પહેલા નોંધો રદ કરવાની માંગણી ધ્યાને ન લેવાતી હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

# અંજારની ગૌચરમાં નીમ થયેલી જમીન ખોટી રીતે ખાનગી પાર્ટીના નામે કરાઈ

(એજન્સી) ભુજ । તા. 22

અંજાર સીમની ૧૯૭૩માં નીમ થયેલી ગૌચર જમીનને ખોટી રીતે સક્ષમ અધિકારીના હુકમ વિના ખાનગી પાર્ટીના નામે કરી અપાતાં જાગૃત નાગરિક તરીકે ખોટી નોંધે રદ કરવા નાયબ કલેકટરને કરેલી અપીલ દોઢ વર્ષે દાખલ ન કરવાનું કારણ પૂછતાં 'તમે ત્રાહિત વ્યક્તિ છો' તેવો જવાબ અપાયો તે કેટલો વાજબી છે તેવો કોંગ્રેસ અગ્રણીએ આજે પત્રકાર પરિષદમાં મુદ્દો ઉઠાવતાં જણાવ્યું કે આ બાબત જિલ્લા કલેકટરને અપીલ કરાઈ હોવાનું જણાવ્યું હતું. તેમણે કચ્છમાં ૫ લાખ એકર જેટલી ગૌચર જમીનો પર ભાજપના નેતાઓ અને મળતીયાઓએ દબાણ કર્યું હોવાનો આક્ષેપ કર્યો હતો. અંજારની સીમની ગૌચર જમીન સર્વે નં. ૧૦૦૪ એકર ૨૨-૧૬ ગુંઠાવાળી જમીન ૧૯૭૩માં ગૌચર માટે નીમ થયેલી છે જે જમીન આજે પણ ગૌચર તરીકે ૭/૧૨ ૮અમાં બોલે છે. આ જમીનમાં ખોટી રીતે કોઈપણ સક્ષમ અધિકારીના હુકમ વિના નોંધ નંબર ૧૭૧૪ વાળી થી ૧૯૯૧માં આ ગૌચરવાળી જમીન કિશોર દાના પટેલ, ભોગીલાલ દાના પટેલ અને નીશાબેન ભોગીલાલ પટેલના નામે ૧૦૦૪/૧, ૧૦૦૪/૨, ૧૦૦૪/૩ તરીકે આ જમીન હાલની બજાર કિંમત ૨૦૦ કરોડ જેટલી થાય તેમ છે. નવાઈની વાત એ છે કે ૧૦૦૪ સર્વે નં. વાળી જમીન આજે પણ ગૌચર તરીકે ૭/૧૨ ઉપલબ્ધ છે અને એક જ જમીનના બીજા ૭/૧૨ કેમ બની શકે ? તેવો સવાલ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી વી.કે. હુંબલે ઉઠાવ્યો હતો. સરકાર અને વહીવટીતંત્રની જવાબદારી અને ફરજ હતી કે ગૌચર જમીનમાં દબાણ ધ્યાનમાં આવે અથવા કોઈ ગડબડ ધ્યાને આવે તો આવી જમીનોને સુઓમોટો અને ગૌચર જમીન મુક્ત કરાવવી જોઈએ જેના બદલે નાયબ કલેકટરન અંજાર દ્વારા કોઈપણ અભ્યાસ કર્યા વિના ખોટી નોંધો મંજૂર થઈ હતી તે રદ કરવાના બદલે કોઈપણ જાતની તપાસ કર્યા વિના એકતરફી અમારી ૬૫, ૬૬, ૬૮/૨૦૨૩ વાળી અપીલ જ દાખલ કરે નહીં એના પરથી જણાઈ રહ્યું છે કે કચ્છમાં ગૌચર જમીનોના દબાણ દૂર કરવા માટે સરકારના અધીકારીઓને જરાપણ રસ નથી.આ બાબતની ગંભીરતા એ છે કે દબાણકારોએ અંજાર સીમ સર્વે નં. ૧૦૦૪ ગૌચર જમીન પર દબાણ કર્યું છે સાથે સાથે મેઘપર સિમના સર્વે નં. ૧૬૦ સરકારી જમીન ઉપર પણ દબાણ કર્યું છે જે જમીનના દબાણ સામે અમે લેન્ડ ગ્રેબીંગ એક્ટ-૨૦૨૦ તળે અરજી કરી હતી. જમીનની સરકારી ખર્ચે માપણી ન કરાવાય તો અમે અમારા સ્વખર્ચે માપણી ફી ભરવાની સહમતી આપી તેમ છતાં ડીઆઈએલ મારફતે માપણી કરાવી નથી. દબાણકારોને ફાયદો અપાવવા એકતરફી રીતે તમે ત્રાહિત વ્યક્તિ છો એટલું કહી અપીલ જ દોઢ વર્ષ બાદ કાઢી નાખવામાં આવી. અમારી અપીલ નામંજુર કરતા નછૂટકે જીલ્લા કલેકટર કચ્છ પાસે ૧૦૮/૬ હેઠળ નાયબ કલેકટર-અંજારના હુકમ સામે અપીલ દાખલ કરવાની ફરજ પડી છે.

---

ચૂંટણી પંચની જાહેરાત સાથે ચૂંટણીનો ધમધમાટ શરૂ

# ધંધુકા નગરપાલિકાના 7 વોર્ડની 28 બેઠકો માટે ચૂંટણી યોજાશે





(એજન્સી) ધંધુકા તા. 22

ધંધુકા નગરપાલિકાના ૭ વોર્ડની ૨૮ બેઠકો માટેની ચૂંટણી યોજાશે. જે અંગેની સત્તાવાર જાહેરાત આજે ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી હતી. આ સાથે ચૂંટણીનો ધમધમાટ શરૂ થયો છે. ધંધુકા નગરપાલિકામાં કુલ ૭ વોર્ડની ૨૮ બેઠકો છે. જેમાં મહિલા અનામત અને વોર્ડ વાઈઝ અનામતનું જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું છે. જે મુજબ ૧૪ મહિલા અનામત બેઠકો રહેશે. અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકો ૨ પૈકી ૧ મહિલા અનામત, પછાત વર્ગ માટે અનામત બેઠક ૮ પૈકી ૪ બેઠકો મહિલા અનામત રહેશે. આમ, અનામત બેઠકોની સંખ્યા ૧૯ રહેશે. જ્યારે સામાન્ય બેઠકોની સંખ્યા ૯ રહેશે.

---

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
આનંદથી ભરેલો સારો દિવસ. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે.



**વૃષભ (બ,વ,ઉ)**
આજે ટેન્શનમુક્ત અને શાંત રહો. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમારા જીવનમાં જેમનું સૌથી વધુ મહત્વ છે એવા લોકોને તમારી વાત સમજાવવામાં તમને સૌથી વધુ મુશ્કેલી થશે. પ્રેમ હંમેશાં ઊંડી ભાવનાઓ ધરાવતું હોય છે અને આજે તમને એનો અનુભવ થશે.



**મિથુન (ક,છ,ઘ)**
તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.



**કર્ક (ડ,હ)**
તમે તમારી લાંબા ગાળાની બીમારી સામે લડી રહ્યા હો ત્યારે એ વાત સમજો કે પોતાની જાત પર વિશ્વાસ વીરત્વનો સાર છે. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો.



**સિંહ (મ,ટ)**
જીવનસાથીની તબિયત વિશે યોગ્ય દરકાર તથા ધ્યાન આપવું પડશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. ખોટા સમયે કશુંક ખોટું ન બાલોઈ જાય તેની તકેદારી રાખજો-તમે જેને ચાહો.



**કન્યા (પ,ઠ,ણ)**
આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો આજે તમે સારૂ એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે.



**તુલા (ર,ત)**
તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે.



**વૃશ્ચિક (ન,ય)**
સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂ એવું ધન કમાઈ શકશો. તમારા શોખ પોષવા તથા તમારા પરિવારના સભ્યોને મદદ કરવા માટે પણ તમે તમારો થોડો સમય ખર્ચી શકો છો.



**ધન (ભ,ધ,ફ)**
ગર્ભવતી મહિલાઓ માટે બહુ સારો દિવસ નથી. ચાલતી વખતે તમારે વધારે સાવચેતી રાખવી જોઈએ. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. આજે પ્રેમમાં તમારે ભાગ્યવંત દિવસ છે.



**મકર (ખ,જ)**
સાંજે થોડીક હળવાશ માણો. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.



**કુંભ (ગ,શ,સ)**
આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્ક્ષ રાખવી જોઈએ.



**મીન (દ,ચ,ઝ,થ)**
તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ.

### નવા રજૂ થયેલા ટ્રમ્પ તથા મેલનિયા ક્રિપ્ટોમાં પણ ૬૦ ટકા સુધીનો કડાકો બોલી ગયો

# ટ્રમ્પે ક્રિપ્ટોનો ઉલ્લેખ નહીં કરતાં બિટકોઈનમાં 8000 ડોલરની અફરાતફરી




(એજન્સી) મુંબઈ | તા 22

ઉદ્દઘાટન ભાષણમાં ડોનાલ્ડ ટ્રમ્પે ક્રિપ્ટોકરન્સીસ માર્કેટ માટે કોઈ ઉલ્લેખ નહીં કરતા છેલ્લા ચોવીસ કલાકમાં મુખ્ય ક્રિપ્ટો બિટકોઈનના ભાવમાં ૮૦૦૦ ડોલરની અફરાતફરી જોવા મળી હતી. છેલ્લા ચોવીસ કલાકમાં બિટકોઈન નીચામાં ૧૦૦૧૪૧.૭૪ ડોલર અને ઉપરમાં ૧૦૮૬૪૦ ડોલર થઈ મોડી સાંજે ૧,૦૨,૦૦૦ ડોલર મુકાતો હતો. સોમવારે ટ્રમ્પની શપથવિધિ પહેલા બિટકોઈન ૧,૦૯,૦૦૦ ડોલરની નવી ઊંચી સપાટીએ જોવાયો હતો. ડોનાલ્ડ ટ્રમ્પ તથા તેમના પત્ની મેલનિયાની માલિકીની ક્રિપ્ટોકરન્સીસમાં પણ ૬૦ ટકાથી વધુનો કડાકો બોલાઈ ગયો હતો. પોતાના ભાષણમાં ટ્રમ્પ બિટકોઈન રિઝર્વ ઊભું કરવા અંગે પ્રકાશ પાડશે તેવી ખેલાડીઓ અપેક્ષા રાખતા હતા. સોમવારના લોન્ચિંગ બાદ બીજા જ દિવસે પ્રોફિટ બુકિંગને પગલે ટ્રમ્પ તથા મેલનિયા કોઈન્સના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. ટ્રમ્પના પરિવારની માલિકીના મિમકોઈન્સ લોન્ચ થવાથી ક્રિપ્ટોકરન્સીસ સંદર્ભમાં ખેલાડીઓને આશા જાગી છે. જો કે લોન્ચિંગના બીજા દિવસે ટ્રમ્પ ક્રિપ્ટોનો ભાવ બિનાન્સ એકસચેન્જ પર ઊપરમાં ૫૬.૨૦ ડોલર અને નીચામાં ૩૦.૪૦ ડોલર થઈ મોડી સાંજે ૩૮.૭૭ ડોલર મુકાતો હતો. બીજી બાજુ મિલાનિયાનો ભાવ ૬૦ ટકા ગબડી ૪.૨૬ ડોલર કવોટ થતો હતો. મોટી અપેક્ષા રાખી બેઠેલા રોકાણકારોએ આ બન્ને ક્રિપ્ટોસમાં મોટું નુકસાન ખમવું પડયું છે.અન્ય ક્રિપ્ટો એથરમનો ભાવ ઘટી ૩૨૪૮ ડોલર બોલાતો હતો. આ ઉપરાંત સોલાના, બીએનબી, એકસઆરપીમાં પણ ઘસારો જોવા મળ્યો હતો. ક્રિપ્ટોકરન્સીસની વૈશ્વિક માર્કેટ કેપ ઘટી ૩.૫૧ ટ્રિલિયન ડોલર રહી હતી.

# 'અમેરિકાને ફાયદો નહીં થાય પણ...' ટેરિફ અંગેની ધમકીઓ પર પૂર્વ RBI ગવર્નર રઘુરામ રાજનનું નિવેદન

(એજન્સી) મુંબઈ | તા 22

પદના શપથ લીધા પછી તરત જ, 47માં યુએસ પ્રમુખ ટ્રમ્પે કહ્યું હતું કે, 'જો અમેરિકા ભારત સહિત વૈશ્વિક વેપારમાં ડૉલરનો ઉપયોગ ઘટાડવાની દિશામાં કોઈ પગલું લેશે તો અમે બ્રિક્સ દેશો પર 100 ટકા આયાત ટેરિફ લાદીશું.' દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) 2025 દરમિયાન મીડિયા સાથે વાત કરતી વખતે રઘુરામ રાજને કહ્યું, 'મને લાગે છે કે ટેરિફ વધારવાની ટ્રમ્પની ધમકી અનિશ્ચિતતાનો મોટો સ્ત્રોત છે અને બાકીના દેશો માટે અવરોધો ઊભા કરશે. મને નથી લાગતું કે ટ્રમ્પનો આ નિર્યણ અમેરિકાના વહીવટ માટે ફાયદાકારક હશે. અમુક સામાન યુ.એસ.ની બહાર બનાવવામાં આવે છે, કારણ કે તેને બહાર બનાવવું સસ્તુ છે.' RBIના ભૂતપૂર્વ ગવર્નરે ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'સામાન્ય રીતે ટેરિફ લાદીને તેમને યુ.એસ.માં પાછા લાવવાનો પ્રયાસ કરવો કામ કરતું નથી.' યુ.એસ. પર ટેરિફ વધારાની અસર સમજાવતા, રઘુરામ રાજને ચીન જેવી મોટી અર્થવ્યવસ્થાનો ઉલ્લેખ કર્યો કહ્યું કે ચીન ઉત્પાદન ખર્ચ ઘટાડવા માટે વિયેતનામ જેવા નાના દેશોમાંથી માલની આયાત કરે છે. ટેરિફ લાદીને અમેરિકા માલસામાનને યુએસમાં પાછા લાવવાનો પ્રયાસ કરવા માંગે છે તે સામાન્ય રીતે હેતુ મુજબ કામ કરતું નથી.' RBIના ભૂતપૂર્વ ગવર્નરે વધુમાં કહ્યું, 'જો સાર્વત્રિક ટેરિફ લાદવામાં આવે છે, તો તેઓ અન્ય દેશોમાંથી આયાત બંધ કરી શકે છે, પરંતુ આ તેમને યુએસમાં વધુ કિંમતે ઉત્પાદન કરવાની ફરજ પાડશે. ચીન આવું કેમ કરી રહ્યું છે? આનું એક કારણ છે - તે છે. અસરકારક ખર્ચ.' વાતચીતમાં વધુમાં, તેમણે એ પણ નિર્દેશ કર્યો કે જો ટેરિફ રાતોરાત બદલાશે, તો વિદેશી રોકાણમાં અનિશ્ચિતતા રહેશે. તેમણે વધુમાં કહ્યું, 'જો ટેરિફ રાતોરાત બદલાઈ શકે છે, તો ક્યાં રોકાણ કરવું તે અંગે ઘણી અનિશ્ચિતતા હશે. હું માનું છું કે રાષ્ટ્રપતિના ધ્યાનમાં ત્રણ ફાયદા છે - તે રમતના ક્ષેત્રને સમાન બનાવશે, તે આવકનો સ્ત્રોત બનશે અને તે નોકરીઓનું સર્જન કરવાનો સ્ત્રોત હશે.'



### ટેરિફ અંગેની ધમકીઓ પર રઘુરામ રાજનની ચિંતા

આ અંગે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ના ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજને મંગળવારે ટ્રમ્પ દ્વારા ટેરિફ વધારવાની ધમકીઓ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ટેરિફ વધારાની યોજનાઓને 'અનિશ્ચિતતાના વિશાળ સ્ત્રોત' કહ્યું હતું જે વૈશ્વિક આર્થિક સ્થિરતાને વિક્ષેપિત કરી શકે છે.

# એક્સિસ મ્યુચ્યુઅલ ફંડે એક્સિસ નિફ્ટી 500 મોમેન્ટમ 50 ઈન્ડેક્સ ફંડ લોન્ચ કર્યું

AXIS MUTUAL FUND

(એજન્સી) મુંબઈ | તા 22

ભારતના સૌથી ઝડપથી વિકસતા ફંડ હાઉસીસ પૈકીના એક એક્સિસ મ્યુચ્યુઅલ ફંડે નિફ્ટી500 મોમેન્ટમ 50 ટીઆરઆઈને ટ્રેક કરતું ઓપન એન્ડેડ ઈન્ડેક્સ ફંડ એક્સિસ નિફ્ટી500 મોમેન્ટમ 50 ઈન્ડેક્સ ફંડ લોન્ચ કર્યું છે. ન્યૂ ફંડ ઓફર (એનએફઓ) 24 જાન્યુઆરીથી 7 ફેબ્રુઆરી, 2025 સુધી રહેશે અને ફંડને નિફ્ટી500 મોમેન્ટમ 50 ટીઆરઆઈ સામે બેન્ચમાર્ક કરવામાં આવી છે. આ નવી ઓફરિંગ ભારતના રોકાણ ક્ષેત્રે પેસિવ સ્ટ્રેટેજીમાં ભારતીય રોકાણકારોના વધી રહેલા રસને દર્શાવે છે કારણ કે રોકાણકારો વધુ સરળ અને કિફાયતી સોલ્યુશન્સ સાથે મોમેન્ટમમાં હોય તેવા સ્ટોક્સનો લાભ લેવા માંગે છે. આ સ્કીમના રોકાણનો હેતુ રોકાણકારોને ટ્રેકિંગ ભૂલોને આધીન રહીને નિફ્ટી500 મોમેન્ટમ 50 ટીઆરઆઈમાં તથા ખર્ચ પૂર્વે વળતર પૂરા પાડવાનું છે. જોકે, સ્કીમના રોકાણના હેતુઓ હાંસલ થશે તેની કોઈ બાંયધરી નથી. આ લોન્ચ વિશે એક્સિસ મ્યુચ્યુઅલ ફંડના એમડી અને સીઈઓ શ્રી બી ગોપકુમારે જણાવ્યું હતું કે અમે રોકાણકારોને નવીનતમ ઈન્વેસ્ટમેન્ટ સોલ્યુશન પૂરા પાડવાની અમારી વર્તમાન પ્રતિબદ્ધતાના ભાગરૂપે એક્સિસ નિફ્ટી500 મોમેન્ટમ 50 ઈન્ડેક્સ ફંડ લોન્ચ કરતા ઉત્સાહિત છીએ. પેસિવ સ્ટ્રેટેજી સતત લોકપ્રિયતા મેળવી રહી છે ત્યારે અમે માનીએ છીએ કે આ ફંડ ભારતના સૌથી આશાસ્પદ મોમેન્ટમ-આધારિત શેરોમાં રોકાણ કરવાની અનન્ય તક આપશે અને ખર્ચ ઓછો રાખીને વ્યાપક ડાયવર્સિફિકેશન સુનિશ્ચિત કરશે. સ્ટોક પસંદ કરવાના નિર્ણયો લીધા વિના બજારના ટ્રેન્ડ્સમાંથી લાભ મેળવવા માંગતા રોકાણકારો માટે તે એક આદર્શ પ્રોડક્ટ છે. એક્સિસ નિફ્ટી500 મોમેન્ટમ 50 ઈન્ડેક્સ ફંડનું સંચાલન શ્રી કાર્તિક કુમાર (ઈક્વિટી ફંડ મેનેજર) અને શ્રી સચિન રેલેકર (વરિષ્ઠ ઈક્વિટી ફંડ મેનેજર) દ્વારા કરવામાં આવે છે. અરજી લઘુત્તમ રકમ રૂ. 100 અને ત્યારબાદ રૂ. 1 ના ગુણાંકમાં કરી શકાશે. આ સ્કીમ નિફ્ટી500 મોમેન્ટમ ઈન્ડેક્સ ધરાવતા શેરોમાં રોકાણ કરીને પેસિવ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજીનું પાલન કરે છે.

# પ્રિયા સરોજના પિતા કરોડોના માલિક

(એજન્સી) મુંબઈ | તા 22

રિંકુ સિંહ સમાજવાદી પાર્ટીના સાંસદ પ્રિયા સરોજ સાથે લગ્ન કરવા જઈ રહ્યા છે. હમણાં જ બંનેની સગાઈ થઈ ગઈ છે, જેનો અર્થ એ થયો કે એક રીતે લગ્નની પુષ્ટિ થઈ ગઈ છે. 26 વર્ષીય પ્રિયા સરોજ ઉત્તર પ્રદેશની મછલીશહર બેઠક પરથી સાંસદ છે. પ્રિયા સરોજના પિતા તૂફાની સરોજ સમાજવાદી પાર્ટીના મોટા નેતા છે. તેઓ ત્રણ વખત લોકસભા સાંસદ રહી ચૂક્યા છે, હાલમાં તેઓ કેરાકટ બેઠક પરથી સપાના ધારાસભ્ય છે. ભારતીય ટીમના અનુભવી ક્રિકેટર રિંકુ સિંહ લગ્ન કરવા જઈ રહ્યા છે. તે સમાજવાદી પાર્ટીના સાંસદ પ્રિયા સરોજ સાથે લગ્ન કરશે. હમણાં, બંનેની સગાઈ થઈ ગઈ છે, જેનો અર્થ એ થયો કે એક રીતે લગ્નની પુષ્ટિ થઈ ગઈ છે. 26 વર્ષીય પ્રિયા સરોજ ઉત્તર પ્રદેશની મછલીશહર બેઠક પરથી સાંસદ છે. 2024ની લોકસભા ચૂંટણીમાં તેણી પહેલી વાર ચૂંટાઈ આવી છે. પ્રિયા સરોજના પિતા તૂફાની સરોજ સમાજવાદી પાર્ટીના મોટા નેતા છે. તેઓ ત્રણ વખત લોકસભા સાંસદ રહી ચૂક્યા છે, હાલમાં તેઓ કેરાકટ બેઠક પરથી સપાના ધારાસભ્ય છે. જો કમાણીની વાત કરીએ તો પિતા કરોડોના માલિક છે, પરંતુ પુત્રી પ્રિયા સરોજ પાસે 11.25 લાખ રૂપિયા છે. ચૂંટણી સોગંદનામા મુજબ, તૂફાની સરોજની કુલ સંપત્તિ 6.55 કરોડ રૂપિયા છે. આ ઉપરાંત, તેમના પર 26.54 લાખ રૂપિયાનું દેવું છે. તેમણે 1977 માં ગોરખપુર યુનિવર્સિટીમાંથી સ્નાતકની પદવી મેળવી. તૂફાની સરોજ પાસે 80 હજાર રૂપિયા રોકડા છે.

### યુએસમાં ઉત્પાદન વધારવા ટ્રમ્પના સંકેત

# સોનું વધી રૂ.૮૨૦૦૦ પાર

(એજન્સી) મુંબઈ | તા 22

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવમાં તેજી આગળ વધી હતી જ્યારે ચાંદીના ભાવ આંચકા પચાવી ફરી વધી આવ્યા હતા. વિશ્વ બજારમાં ફંડોનું બાઈંગ વધ્યાના વાવડ હતા. વૈશ્વિક સોનાના ભાવ ઔંશના ૨૭૦૬થી ૨૭૦૭ વાળા વધી ૨૭૩૨ થઈ ૨૭૨૬થી ૨૭૨૭ ડોલર રહ્યાના નિર્દેશો હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે પણ ઈમ્પોર્ટ કોસ્ટ ઉંચકાતાં ભાવ ઉંચા બોલાતા થયા હતા. અમદાવાદ બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૩૦૦ વધી ૯૯.૫૦ના રૂ.૮૧૯૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૮૨૧૦૦ બોલાતા થયા હતા. અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૯૦૫૦૦ રહ્યા હતા. વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ઔંશના ૩૦.૨૩ વાળા ૩૦.૭૩ થઈ ૩૦.૬૧થી ૩૦.૬૨ ડોલર રહ્યા હતા. દરમિયાન, મુંબઈ બુલીયન બજારમાં સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૭૯૦૨૭ વાળા રૂ.૭૯૧૩૫ જ્યારે ૯૯.૯૦ના રૂ.૭૯૩૪૫ વાળા રૂ.૭૯૪૫૩ રહ્યા હતા મુંબઈ ચાંદીના



ભાવ જીએસટી વગર રૂ.૯૦૨૦૦ વાળા રૂ.૯૧૦૭૫ વાળા રૂ.૯૦૫૩૩ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ આજે જડપી તૂટયા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૮૦.૬૫ વાળા નીચામાં ૭૮.૫૫ થઈ ૭૮.૯૨ ડોલર રહ્યા હતા. જ્યારે યુએસ ક્રૂડના ભાવ ૭૮.૦૨ વાળા નીચામાં ૭૫.૮૬ થઈ ૭૫.૯૭ ડોલર રહ્યા હતા. ટ્રમ્પે અમેરિકામાં ક્રૂડનું ઉત્પાદન વધારવા તથા વ્યુહાત્મક સ્ટોક વધારવાના સંકેતો આપ્યા હતા. વેનેઝુએલાનું ક્રૂડ આયાત નહિં કરવાનું પણ અમેરિકાના પ્રમુખ નક્કી કર્યાના વાવડ મળ્યા હતા. ગાઝા યુદ્ધ વિરામની અસર પણ વૈશ્વિક ક્રૂડના ભાવ પર દેખાઈ હતી. દરમિયાન, વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ નીચામાં ૯૩૬ થઈ ૯૪૩થી ૯૪૪ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે ૧.૮૧ ટકા તૂટયા હતા. દરમિયાન, સોનાના ભાવ તાજેતરમાં સ્પોટ ભાવ કરતાં ફોરવર્ડ ભાવ ઉંચા રહેતાં હતા તે સ્થિતિ હવે પલટાતાં હાજર ભાવ ઉંચા તથા તેની સામે ફોરવર્ડ ભાવ નીચા જેવી સ્થિતિ દેખાતી થયાનું ઘરઆંગણાના બજારના સૂત્રોએ જણાવ્યું હતું.

# વિનિર એન્જિનિયરિંગ લિમિટેડે સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યું

A Green Forging Company
VINIR ENGINEERING

(એજન્સી) મુંબઈ | તા 22

વિવિધ ઉદ્યોગો અને એપ્લિકેશન્સ માટે સ્પેશિયલાઈઝ્ડ, ક્રિટિકલ અને હેવી, પ્રિસિઝન-ફોર્જ્ડ અને મશીન્ડ કમ્પોનેન્ટ્સના ઉત્પાદન સાથે સંકળાયેલી ઈન્ટિગ્રેટેડ એન્જિનિયરિંગ સોલ્યુશન્સ કંપની વિનિર એન્જિનિયરિંગ લિમિટેડે બજાર નિયામક સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ("SEBI")માં તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ("DRHP") દાખલ કર્યું છે. આઈપીઓમાં પ્રત્યેક રૂ. 2ની ફેસ વેલ્યુના 5,33,00,000 સુધીના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. વેચાણ માટેની ઓફરમાં નિતેશ ગુપ્તા (પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર) દ્વારા પ્રત્યેક રૂ. 2ની ફેસ વેલ્યુના 5,33,00,000 સુધીના ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે. વિનિર એન્જિનિયરિંગ લિમિટેડ એનર્જી, ડિફેન્સ, એરોસ્પેસ, રેલવે, એનર્જી ટર્બાઈન્સ, હાઈડ્રોલિક્સ, અર્થમૂવિંગ, હાઈ-એન્ડ એન્જિનિયરિંગ સહિતના વિવિધ ઉદ્યોગો અને એપ્લિકેશન્સ માટે સ્પેશિયલાઈઝ્ડ, ક્રિટિકલ અને હેવી, પ્રિસિઝન-ફોર્જ્ડ અને મશીન્ડ કમ્પોનેન્ટ્સના ઉત્પાદન સાથે સંકળાયેલી ઈન્ટિગ્રેટેડ એન્જિનિયરિંગ સોલ્યુશન્સ કંપની છે.

# ઈન્ડિયા ઈન્ફ્લેક્શન ઓપોર્ચ્યુનિટી ટ્રસ્ટના ભારત વેલ્યુ ફંડે રૂ. 1,250 કરોડમાં તેના સિરીઝ 3ના ફર્સ્ટ ક્લોઝની જાહેરાત કરી

The Wealth Company
MAXIMISES YOU

(એજન્સી) મુંબઈ | તા 22

ઈન્ડિયા ઈન્ફ્લેક્શન ઓપોર્ચ્યુનિટી ટ્રસ્ટના કેટેગરી 2 એઆઈએફ ભારત વેલ્યુ ફંડે રૂ. 1,250 કરોડમાં તેના ત્રીજા ફંડ ભારત વેલ્યુ ફંડ (બીવીએફ) સિરીઝ 3ના ફર્સ્ટ ક્લોઝની જાહેરાત કરી છે. આ ફંડ ધ વેલ્થ કંપની પ્રાઈવેટ લિમિટેડ દ્વારા મેનેજ કરવામાં આવે છે જે અગાઉ પેન્ટોમેથ કેપિટલ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતી હતી. આ સિદ્ધિ વિક્રમજનક 45 દિવસમાં હાંસલ કરવામાં આવી છે જે મીડ માર્કેટ અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ (એઆઈએફ) સેગમેન્ટમાં, ખાસ કરીને ક્લોઝ્ડ ઈક્વિટી સેગમેન્ટમાં કંપનીની લીડરશિપનો પુનરોચ્ચાર કરે છે. રૂ. 1,000 કરોડના ગ્રીન શૂ ઓપ્શન સહિત રૂ. 2,500 કરોડના ટાર્ગેટ કોર્પસ સાથે બીવીએફ સિરીઝ 3 ભારતની ઉદ્યોગસાહસિકતાની ઈકોસિસ્ટમમાં વિકાસને આગળ વધારવાની કંપનીની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ સિદ્ધિ ધ વેલ્થ કંપનીની ફંડ એકત્રિત કરવાની નોંધપાત્ર કામગીરી પર હાંસલ થઈ છે. છેલ્લા એક વર્ષમાં ભારત વેલ્યુ ફંડે સિરીઝ 2 અને સિરીઝ 3માં કુલ રૂ. 3,000 કરોડ એકત્રિત કર્યા છે જે તેને એઆઈએફ ઈક્વિટી સેગમેન્ટમાં સૌથી ઝડપથી વિકસતા ફંડ્સ પૈકીનું એક બનાવે છે. ધ વેલ્થ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર મધુ લુણાવતે બીવીએફ સિરીઝ 3 ફંડના ફર્સ્ટ ક્લોઝ અંગે જણાવ્યું હતું કે ધ વેલ્થ કંપની વ્યૂહાત્મક રોકાણો અને સક્રિય માલિકી દ્વારા ભારતના મીડ માર્કેટ ગ્રોથને વેગ આપવા માટે પ્રતિબદ્ધ છે. અમરા વિઝન અને અમલ કરવાની ક્ષમતાઓમાં અમારા રોકાણકારોએ જે વિશ્વાસ મૂક્યો છે તેનાથી અમે કૃતજ્ઞતા અનુભવીએ છીએ. અમે અમારા શેરધારકો માટે મૂલ્યસર્જન કરવા માટે તથા ભારતની ઉદ્યોગસાહસિકતા ઈકોસિસ્ટમમાં આગામી તબક્કાના વિકાસને આગળ લઈ જવા માટે પ્રતિબદ્ધ છીએ. ધ વેલ્થ કંપનીના કેન્દ્રમાં સ્થિતિસ્થાપક, એસેટ આધારિત બિઝનેસીસ પર કેન્દ્રિત સેક્ટર-એગ્નોસ્ટિક ઈન્વેસ્ટમેન્ટ થિસીસ રહેલો છે. ભારત વેલ્યુ ફંડ થકી ફંડ રૂ. 300 કરોડથી રૂ. 1,000 કરોડ વચ્ચે આવક મેળવતા મીડ-માર્કેટ, હાઈ-ગ્રોથ એન્ટરપ્રાઈઝીસને લક્ષ્ય બનાવે છે. મોટાભાગે ટિયર 2 અને ટિયર 3 શહેરોમાં મૂળિયા ધરાવતા આ વ્યવસાયો વૃદ્ધિ મેળવવા, નફાકરાકતા અને વેલ્યુ ક્રિએશન માટે વ્યૂહાત્મક સ્થિતિમાં હોય છે.

# RBIએ બ્લેક પેનથી ચેક ભરવા પર પ્રતિબંધ મૂક્યો છે?

(એજન્સી) મુંબઈ | તા 22

સોશિયલ મીડિયા પર એક સમાચાર વાયરલ થઈ રહ્યા છે, જેમાં કહેવામાં આવ્યું છે કે બ્લેક પેનથી ચેક ભરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ સમાચારે લોકો મૂંઝવણમાં મૂક્યા. પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો (PIB) એ આ વિશે માહિતી આપી, જેનાથી મામલો થોડો સ્પષ્ટ થયો. તાજેતરમાં, સોશિયલ મીડિયા પર એક પોસ્ટ વાયરલ થઈ રહી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે ભારતીય રિઝર્વ બેંક (RBI) એ ચેક પર કાળી શાહીના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે. આ સમાચારે લોકોને ઘણા મૂંઝવણમાં મૂકી દીધા છે. ઘણા લોકોએ આ વાતને સાચી પણ માની લીધી છે. ઘણા લોકો આ વિશે વાત કરવા લાગ્યા અને પ્રશ્નો પૂછવા લાગ્યા છે. પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો (PIB) એ આ સમાચારને સંપૂર્ણપણે ખોટા જાહેર કર્યા છે. તેમણે કહ્યું કે આરબીઆઈએ ચેક પર શાહીના રંગને લઈને કોઈ નવો નિયમ જારી કર્યો નથી. આ માત્ર એક અફવા છે જે સોશિયલ મીડિયા પર ફેલાઈ રહી છે. સોશિયલ મીડિયા પર એવો દાવો કરવામાં આવ્યો હતો કે હવે ચેક પર કાળી શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. પરંતુ પીઆઈબીના જણાવ્યા અનુસાર આ માહિતી સંપૂર્ણપણે ખોટી છે. આરબીઆઈએ આ અંગે કોઈ ગાઈડલાઈન આપી નથી. તેથી આ અફવા પર ધ્યાન આપશો નહીં. આ બધું કોઈ સત્તાવાર માહિતી વિના ફેલાવવામાં આવી રહ્યું છે. ચેકએ એક લેખિત દસ્તાવેજ છે, જેનો ઉપયોગ પૈસાની લેવડ-દેવડ માટે થાય છે. તેમાં પૈસા આપનાર વ્યક્તિનું નામ અને રકમ લખેલી હોય છે. ચેકને યોગ્ય રીતે ભરવું મહત્વપૂર્ણ છે જેથી કોઈ સમસ્યા ન થાય. તે સુનિશ્ચિત કરવું મહત્વપૂર્ણ છે કે ચેક સ્પષ્ટ રીતે અને કોઈપણ ભૂલ વિના ભરેલો છે. જેથી સ્કેનિંગ અને પ્રક્રિયામાં કોઈ સમસ્યા ન આવે.

### ગ્રાહકો માટે સલાહ

આરબીઆઈએ સ્પષ્ટ કર્યું છે કે ચેક પર શાહીના રંગને લઈને કોઈ ચોક્કસ નિયમ નથી. પણ હા, એવો રંગ પસંદ કરો જે સરળતાથી સ્કેન કરી શકાય. અફવાઓને અવગણો અને સાચી માહિતી માટે હંમેશા સત્તાવાર સ્ત્રોતો પર વિશ્વાસ કરો. તેથી, આ અફવા સંપૂર્ણપણે ખોટી છે. સાચી માહિતી માટે સરકારી સ્ત્રોતો પર વિશ્વાસ કરો, જેથી કોઈપણ પ્રકારની મૂંઝવણ ટાળી શકાય.



# JSW એમજી મોટર ઈન્ડિયા ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો 2025માં નેક્સ્ટ-જેન મોબિલિટી સોલ્યુશન્સનું પ્રદર્શન કર્યું




(એજન્સી) નવી દિલ્હી | તા 22

JSW એમજી મોટર ઈન્ડિયાએ, ડ્રાઈવ.ફ્યૂચરના તેના વિઝનને અનુરૂપ, ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો 2025ના બીજા દિવસે તેની ન્યૂએજ ટેક્નોલોજી અને દુરદેશી વિચારસરણીની પહેલો પ્રદર્શિત કરી. તેના ટેક્નોલોજી નેતૃત્વને મજબૂત કરીને, JSW MG મોટર ઈન્ડિયાએ તેની ક્ષમતાઓનું પ્રદર્શન કર્યું. CASE (કનેક્ટેડ, ઓટોનોમસ, શેયર્ડ અને ઈલેક્ટ્રિક) ટેકનોલોજીમાં તેમની ક્ષમતાનું પ્રદર્શન કર્યું. ઈનોવેશન, સ્થિરતા અને ગ્રાહક-કેન્દ્રિત પહેલ પર ધ્યાન કેન્દ્રિત કરીને, બ્રાન્ડે વ્યવહારિક ઉકેલો રજૂ કર્યા જે આધુનિક યુગ માટે ગતિશીલતાને વધારે છે. Drive.Futureના વિઝનને આગલા સ્તર પર લઈ જતા JSW MG મોટર ઈન્ડિયાએ પાવરટ્રેન વિકલ્પોની વિવિધ શ્રેણીનું પ્રદર્શન કર્યું, જેમાં હાઈબ્રિડ ઈલેક્ટ્રિક વ્હીકલ (HEVs), પ્લગ-ઈન હાઈબ્રિડ ઈલેક્ટ્રિક વ્હીકલ (PHEVs), બેટરી ઈલેક્ટ્રિક વાહનો (BEVs), અને આંતરિક કોમ્બિશન એન્જિન (ICE) મોડલ્સની વિવિધ રેન્જ પ્રદર્શિત કરી. જેમાં મજબૂત બેટરી મેનેજમેન્ટ, IM5 અને IM6, પ્રીમિયમ પ્લગ-ઈન હાઈબ્રિડ ઈલેક્ટ્રિક વાહન MG HS, ગ્રાન્ડ SUV મોડલ M, કોમેટ બ્લેકસ્ટોર્મ અને લક્ઝુરિયસ MG7 ટ્રોફી એડિશન તથા અન્યનો સમાવેશ થાય છે.JSW MG મોટર ઈન્ડિયાના CEO એમેરિટસ રાજીવ ચાબાએ જણાવ્યું હતું કે,"ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો 2025માં CASE (કનેક્ટેડ, ઓટોનોમસ, શેયર્ડ અને ઈલેક્ટ્રીક) ટેક્નોલોજીમાં અમારી અગ્રણી પહેલો પ્રદર્શિત કરવા માટે અમે ઉત્સાહિત છીએ, જે ભવિષ્યને આકાર આપવા માટેની અમારી પ્રતિબદ્ધતાને પુનઃ સમર્થન આપે છે. ગતિશીલતા ડ્રાઈવ.ફ્યુચરનું અમારું વિઝન મોબિલિટીને ટકાઉ, કનેક્ટેડ અને ગ્રાહક-કેન્દ્રિત અનુભવમાં રૂપાંતરિત કરવા માટે અદ્યતન ટેક્નોલોજીનો લાભ લેવા પર આધારિત છે. અમારા ટેકનોલોજી ઝોન અને વૈવિધ્યસભર પાવરટ્રેન શોકેસ દ્વારા, અમે વ્યવહારુ, ટકાઉ ઉકેલો પ્રદાન કરવા માટે અંત સુધી દબાણ કરી રહ્યા છીએ જે માત્ર ઈલેક્ટ્રિક ગતિશીલતાને વધુ સુલભ બનાવે છે પરંતુ બધા માટે ગ્રીન, સ્માર્ટ અને વધુ જોડાયેલા ભવિષ્ય સાથે એકંદર ડ્રાઈવિંગ અનુભવને પણ વધારે છે." IM5 - IM5 એક લક્ઝુરિયસ સેડાન છે, જેમાં સમકાલીન ટેકનોલોજી અને આકર્ષક ડિઝાઈન છે. IM5 ના હાર્દમાં તેની નવીન સોલિડ-સ્ટેટ બેટરી છે, જે કામગીરી સાથે સમાધાન કર્યા વિના નોંધપાત્ર શ્રેણી ઓફર કરે છે. IM5 માં ઈન્ટેલિજેન્ટ ડિજિટલ ચેસીસ અને એક હરિકેન મોટર પણ છે જે એક અસાધારણ શક્તિ પ્રદાન કરે છે. IM6 - IM6 ઓલ-ઈલેક્ટ્રિક SUV એડવાન્સ લિઝાર્ડ ડિજિટલ ચેસિસ અને ફોર-વ્હીલ સ્ટીયરિંગ સિસ્ટમથી સજ્જ છે, જે ગતિશિલતાને વધારે છે.

# પ્રવેગ એટોલના લક્ષદ્વીપે બાંગારામ આઈસલેન્ડ ખાતે સંચાલનની જાહેરાત

PRAVEG
Accelerating ideas

(એજન્સી) લક્ષદ્વીપ | તા 22

ભારતની અગ્રણી ઈકો-રિસ્પોન્સિબલ લક્ઝરી રિસોર્ટ કંપની, પ્રવેગ લિમિટેડ 18 જાન્યુઆરી, 2025થી લક્ષદ્વીપના બાંગારામ આઈસલેન્ડ ખાતે તેના લક્ઝરી રિસોર્ટ કામગીરી શરૂ કરવાની જાહેરાત કરી રોમાંચ અનુભવે છે. તેના અક્ષત કુદરતી સૌંદર્ય માટે જાણીતો, બાંગારામ આઈસલેન્ડ એક શાંતિમય અને વિશિષ્ટ હરવા-ફરવા માટેનું ડેસ્ટિનેશન છે, જ્યાં મહેમાનો આધુનિક વૈભવી સુવિધાઓનો આનંદ માણતી વખતે આઈસલેન્ડની શાંતિનો આનંદ માણી શકે છે.લક્ષદ્વીપના પ્રવાસનમાં અભૂતપૂર્વ ઉછાળો જોવા મળ્યો છે, ગયા વર્ષે મુલાકાતીઓની સંખ્યા બમણી થઈ ગઈ છે. આ મહત્વપૂર્ણ ઉછાળો ઘરેલૂ અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે મસ્ટ-વિઝિટ ડેસ્ટિનેશન તરીકે આ ટાપુઓના વધતા જતા આકર્ષણને ઉજાગર કરી રહ્યો છે. પ્રવેગ લિમિટેડનો બાંગારામ આઈસલેન્ડમાં વિસ્તરણ આ વધતા વલણ સાથે સંપૂર્ણ રીતે સુસંગત છે, જે આ સ્વર્ગમાં વૈભવી અને પર્યાવરણ પ્રત્યે જાગૃત રહેણાંક સગવડની વધતી માંગને સંતોષે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, પોષ વદ-09



# ડોનાલ્ડ ટ્રમ્પ... આઝાદીના દિવસો કે, વૈશ્વિક અનિશ્ચિતતાની શરૂઆત.....

એ વાત સાચી છે કે આંતરિક વ્યવસ્થાની દ્રષ્ટિએ વાતાવરણ એકદમ સંતુલિત હતું, પરંતુ બીજી વખત રાષ્ટ્રપતિ બન્યા પછી ડોનાલ્ડ ટ્રમ્પે આપેલું પ્રારંભિક ભાષણ પણ 2017 ના ભાષણ જેવું જ હતું. તેણે અમેરિકા-પ્રથમ એજન્ડાને પણ પ્રોત્સાહન આપ્યું અને યુનાઈટેડ સ્ટેટ્સ અને બાકીના વિશ્વને સંકેત આપ્યો કે 47મા રાષ્ટ્રપતિ તરીકેનો તેમનો કાર્યકાળ 45મા રાષ્ટ્રપતિ તરીકેના તેમના પાછલા કાર્યકાળ જેટલો જ તોફાની રહેશે. 6 જાન્યુઆરી, 2021 ના રોજ કેપિટોલમાંથી જ્યાં તેમના સમર્થકોએ હુમલો કર્યો હતો ત્યાં તેમનું ભૂલભરેલું ભાષણ મેક અમેરિકા ગ્રેટ અગેઈન (MAGA) ના દાવાઓ પર આધારિત હતું. તેમના સમર્થકો પણ વારંવાર ઉભા થયા અને તાળીઓ પાડીને તેમને પ્રોત્સાહન આપ્યું. ટ્રમ્પને તેમના ઈરાદા માટે સૌથી લાંબી અને સૌથી જોરથી તાળીઓ મળી. તેમણે દક્ષિણ સરહદ પર રાષ્ટ્રીય કટોકટી જાહેર કરતો એક કાર્યકારી આદેશ જારી કર્યો છે. ત્યાંથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પાછા મોકલવા માટે સૈનિકો તૈનાત કરવામાં આવી રહ્યા છે. તેની અસર પણ દેખાવા લાગી છે. ટ્રમ્પે પદ સંભાળ્યા પછી તરત જ અરજદારોના ઈન્ટરવ્યુ માટે તેમની સુનિશ્ચિત મુલાકાતો રદ થવા લાગી. ટ્રમ્પે 2020 કરતાં આ ચૂંટણીમાં વધુ સંખ્યામાં મતદાન કરવા બદલ કાળા અને હિસ્પેનિક સમુદાયોનો પણ આભાર માન્યો. ડેમોક્રેટિક પાર્ટી માટે આ તેમનો સંદેશ હતો. દરમિયાન, તેમના વહીવટીતંત્રે જાહેરાત કરી કે તે તેના વિવિધતા, સમાનતા અને સમાવેશ કાર્યક્રમને રદ કરશે. આ ટ્રમ્પની ઘોષણા સાથે સુસંગત છે કે તેમનું વહીવટ જાતિ-તટસ્થ અને યોગ્યતા-આધારિત હશે. જન્મ આધારિત નાગરિકતાનો અંત લાવવાનો તેમનો પ્રયાસ પણ આ એજન્ડાનો એક ભાગ છે. જોકે, નિષ્ણાતો કહે છે કે આ કાયદેસર રીતે સ્વીકાર્ય નથી. વિશ્વ તાપમાનમાં અસાધારણ વધારાનો સામનો કરી રહ્યું છે અને આવી સ્થિતિમાં, ગ્રીન ન્યૂ ડીલનો અંત લાવવા અને ઈલેક્ટ્રિક વાહનોના ફરજિયાત ઉપયોગને નાબૂદ કરવાનો ટ્રમ્પનો નિર્ણય ઓછો મહત્વપૂર્ણ નથી. જોકે આવો કોઈ આદેશ નથી, ફક્ત ઉત્સર્જન સંબંધિત નિયમો છે, અશ્મિભૂત ઇંધણ પર નવેસરથી ભાર મૂકવાને અવગણી શકાય નહીં. ફુગાવાને નિયંત્રિત કરવા માટે તેલ અને ગેસ ઉત્પાદન પરનો નિયંત્રણ દૂર કરવાની ટ્રમ્પની જાહેરાત પણ આ સાથે સંબંધિત છે. તેમણે 'ડ્રિલ બેબી ડ્રીલ' એટલે કે ઇંધણના ભાવ ઘટાડવા માટે વધુ ખોદકામ પર ભાર મૂક્યો. વૈશ્વિક સ્તરે ઇંધણના ભાવમાં ઘટાડો ભારત જેવા આયાતકારો માટે મદદરૂપ થશે. જોકે, બીજી બાજુ એ છે કે તેમણે ફરી એકવાર પેરિસ ક્લાઈમેટ ચેન્જ કરાર અને વિશ્વ વેપાર સંગઠનથી અલગ થઈને પોતાના માર્ગ પર ચાલવાની ઈચ્છા વ્યક્ત કરી છે. બંને પગલાં ભારત જેવા વિકાસશીલ દેશો પર પ્રતિકૂળ અસર કરશે. ટ્રમ્પે અન્ય દેશો પર ટેરિફ અને કર વધારવાના પોતાના ઈરાદાનો પણ પુનરોચ્ચાર કર્યો. તેમણે નવા ટેરિફ, ડ્યુટી અને મહેસૂલ એકત્રિત કરવા માટે બાહ્ય મહેસૂલ સેવા સ્થાપવાની પણ હાકલ કરી. આનાથી વેપાર યુદ્ધો વધુ વધશે. ભારતે પણ આ ક્ષેત્રમાં સાવધાની રાખવી પડશે. ટ્રમ્પ જાણે છે કે તેઓ રાષ્ટ્રપતિ તરીકે શપથ લેનારા પહેલા દોષિત વ્યક્તિ છે. ચાર વર્ષ પહેલાં કેપિટોલ પર હુમલો કરવાના આરોપીઓને માફીની જાહેરાત કરીને તેમણે તેમના વહીવટનું સ્વરૂપ જાહેર કર્યું છે. તેમણે સત્તામાં આવવાને 'સુવર્ણ યુગ'ની શરૂઆત તરીકે રજૂ કર્યો. તે એક ચોક્કસ પ્રકારના અમેરિકન નાગરિક દ્વારા અમેરિકન મહાનતાના દ્રષ્ટિકોણનું પુનર્કલ્પના હતું. જો તેમના ભાષણે સૂર નક્કી કર્યો હોય, તો ૧૯૮૫માં રોનાલ્ડ રીગનના બીજા ઉદ્ઘાટન પછી પહેલી વાર કેપિટોલમાં યોજાયેલા ઉદ્ઘાટન સમારોહમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા, જે ૪૭મા રાષ્ટ્રપતિના કાર્યકાળ વિશે વધુ સંકેતો આપે છે. આ કાર્યક્રમમાં ટેસ્લાના એલોન મસ્ક, એમેઝોનના જેફ બેઝોસ, આલ્ફાબેટના સુંદર પિચાઈ, મેટાના માર્ક ઝુકરબર્ગ અને ટિકટોકના સીઈઓ શુ જી ચૌ જેવા ટેક દિગ્ગજોને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું હતું. તેમને રાષ્ટ્રપતિના પરિવાર સાથે હળતા-મળતા જોવા મળ્યા. અંદાજ લગાવી શકાય છે કે ટ્રમ્પનું આવનારું શાસન કેવું હશે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે 20 જાન્યુઆરી, 2025 એ 'સ્વતંત્રતા દિવસ' છે, જ્યારે હકીકતમાં આ તારીખ એ ક્ષણને ચિહ્નિત કરે છે જ્યારે વિશ્વનો સૌથી શક્તિશાળી રાષ્ટ્ર ફરી એકવાર વિશ્વને મોટી અરાજકતા અને અનિશ્ચિતતા તરફ દોરી જશે.

# મતદાનનું પર્વ | ઉમરગામ-કપરાડામાં તાલુકા પંચાયતની ચૂંટણી યોજાશે...

(એજન્સી) વલસાડ | તા.22

રાજ્ય ચૂંટણી આયોગે મહાપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણીઓની જાહેરાત કરી છે,રાજ્ય ચૂંટણી પંચે વલસાડ, પારડી અને ધરમપુર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓની જાહેરાત કરી છે, જે છેલ્લા બે વર્ષથી ઝવેરી કમિશનના રિપોર્ટને કારણે મુલતવી રાખવામાં આવી હતી. વલસાડ નગરપાલિકામાં સૌથી વધુ 11 વોર્ડની 44 બેઠકો માટે ચૂંટણી યોજાશે,જેમાં 97,932 મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

આ વિસ્તારની કુલ વસ્તી 1.52 લાખ છે. પારડી નગરપાલિકામાં 7 વોર્ડની 28 બેઠકો અને ધરમપુર નગરપાલિકામાં 6 વોર્ડની 24 બેઠકો માટે મતદાન થશે.વલસાડમાં પણ અલગ-અલગ સમસ્યાઓ છે ત્યારે આ વખતે જનતા કોને મત આપે છે અને કોણ જીતે છે તે મહત્વનું રહેશે,ભાજપ બાજી મારશે કે કોંગ્રેસ બાજી મારશે તેની પર સૌ કોઈની મદાર છે.ઉમરગામ તાલુકા પંચાયતની બે બેઠકો અને કપરાડા તાલુકા પંચાયતની એક બેઠક માટે પેટા ચૂંટણી પણ યોજાશે.

### વલસાડમાં ભાજપનો દબદબો વધુ છે

વલસાડમાં વાત કરીએ તો ભજપનો દબદબો વધુ રહ્યો છે,વલસાડમાં વિકાસના કામોના કારણે પ્રજા ભાજપના ઉમેદવારને વધુ મત આપે છે તેવી માહિતી પણ છે,પણ નગરપાલિકામાં કયારેક ફંડ નહી હોવાના કારણે સ્થાનિકોને પ્રાથમિક સુવિધા જેવી કે રોડ અને વગેરે વગેરેની સમસ્યા રહેતી હોય છે.વર્ષ 2024માં વલસાડ લોકસભાની ચૂંટણીમાં ભાજપની જીત થઈ છે.

### કપરાડામાં પાણીની સમસ્યા વધુ છે

કપરાડામાં પાણીની સમસ્યા સૌથી વધુ છે,કેનાલોમાં પણ પાણી નથી અને ખાસ કરીને નાના આંતરિયાળ ગામડાઓમાં પણ પાણીની સમસ્યા સૌથી વધુ જોવા મળી છે.ત્યારે મહત્વનું એ પણ છે કે વારંવાર પાણીની સમસ્યાથી સ્થાનિકો કંટાળી ગયા છે સાથે સાથે ખેડૂતો પણ કંટાળી ગયા છે કેમ કે ખેડૂતોને ખેતરમાં પાણી મળતુ નથી.કપરાડા તાલુકામાં 35 જેટલા નાના ગામો છે અને તે ગામોમાં પણ પાણીની સમસ્યા છે,આ સમસ્યા કોઈ થોડા સમયથી નહી પણ લાંબા સમયથી હોવાની વાત સામે આવી છે.

# મહીસાગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં "શાળા સલામતી સપ્તાહ કાર્યક્રમ-૨૦૨૫" ની ઉજવણી કરાશે

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

ભૂકંપ, વાવાઝોડુ, પુર, ઔદ્યોગિક અકસ્માત, આગ જેવી બહુવિધ આપત્તિઓ સમયે શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં આપત્તિ વ્યવસ્થાપન અંગે જાગૃત્તિ કેળવાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા "શાળા સલામતી કાર્યક્રમ" અમલમાં મુકાયો છે. આપત્તિ સમયે સાવચેતી અને સલામતી વિશે વિશેષ માર્ગદર્શન મળી રહે તે માટે તા.૨૦ જાન્યુઆરી થી તા.૨૫ જાન્યુઆરી ૨૦૨૫ સુધી મહીસાગર જિલ્લાની ૪૨ પ્રાથમિક શાળામાં મેગા ઈવેન્ટ અને કુલ ૧૧૯૧ સરકારી પ્રાથમિક શાળામાં ''શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫''ની ઉજવણી કરાશે. જેમાં છ દિવસ દરમિયાન જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં ફાયર વિભાગ, ૧૦૮ એમ્બ્યુલન્સ, મુક્ત જીવન ડીઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ રેસ્ક્યુ એકેડમી તથા આપદા મિત્રની ઈવેન્ટ મળી કુલ ૪૫ મેગા ઈવેન્ટ/ડેમોન્સટ્રેશનનું આયોજન કરવામાં આવેલ છે.

જે અંતર્ગત મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાની ડૉ.પોલન સ્કુલ ખાતે જિલ્લા કક્ષાના શાળા સલામતી કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવ્યું. શાળા સલામતી



સપ્તાહના પ્રથમ દિવસે મુખ્યમંત્રીશ્રી દ્વારા શાળા સલામતી કાર્યક્રમનું બાયસેગ વંદે ગુજરાત ચેનલ નં.૧ ઉપર ઓનલાઈન ઉદઘાટન કરવામાં આવ્યું જે કાર્યક્રમ શાળાના તમામ બાળકો દ્વારા નિહાળવામાં આવ્યો. ત્યારબાદ દિપ પ્રાગ્ટય કરીને જિલ્લા કક્ષાએ ઉદઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે ડિ.પી.ઓ-ડિઝાસ્ટર મેનેજમેન્ટશ્રી જિગર મકવાણા દ્વારા શાળા સલામતી સપ્તાહ ઉજવણી સંબંધિત પ્રાસંગિક ઉદબોધન કરીને શાળા સલામતી સપ્તાહ વિશે સમજાવવામાં આવ્યું તથા આપત્તિ-જોખમની સમજ અને શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના વિશે વિદ્યાર્થીઓને તથા શિક્ષકોને સમજ આપવામાં આવી. ૧૦૮ જિલ્લા ઈમરજન્સી મેનેજમેન્ટ એક્ઝિક્યુટિવશ્રી દુષ્યંત પંડયા તથા તેમની ટીમ દ્વારા વિદ્યાર્થી અને શિક્ષકો ને પ્રાથમિક સારવાર અને CPRની તાલીમ આપવામાં આવી હતી.

લુણાવાડા નગરપાલિકા ફાયર વિભાગના ઓફિસર પાર્થ પટેલ, તેમની ફાયર ટીમ તથા મંજીત વિશ્વકર્મા ચીફ કોર્ડિનેટર MDMRTA દ્વારા કુદરતી અને માનવસર્જિત આપત્તિઓનાં સમયે શું કરવું શું ના કરવું તથા આગ સલામતી, વિવિધ ફાયર એક્સ્ટિંગ્યુશરનો ઉપયોગ, ફાયરમેન લિફ્ટસ, વિવિધ શોધ-બચાવના સાધનો જેવાકે લાઈફ રીંગ,લાઈફ જેકેટનો ઉપયોગ કેવી રીતે કરવો, ઘરમાં પડી રહેલ સામાન ખાલી પાણીના બોટલ, ખાલી તેલના ડબ્બા, ટયુબ-ટાયરના વાંસના તરાપા બનાવી ઉપયોગ કરીને ફલડ સેફટીના સાધનો કેવી રીતે બનાવીને ઉપયોગમાં લઈ શકાય તેના વિશે સમજાવવામાં આવ્યુ. તથા આગ સલામતી સંબંધિત પ્રેક્ટિકલ ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવેલ હતું.

# ભાયાવદર નજીક ઢાંક ગામ વિસ્તારમાંથી પોલીસે દેશી દારૂની ભઠ્ઠી ઝડપી પાડી

વિજય રાડીયા | ભાયાવદર

ભાયાવદર નજીક આવેલ ઢાંક ગામના વિસ્તારમાંથી પોલીસે દેશીદારૂની ભઠ્ઠી ઝડપી લીધી હતી, જો કે પોલીસ ત્રાટકવાની હોવાની બાતમી મળી જતાં આરોપીઓ નાસી છૂટ્યા હતા.

પોલીસે સ્થળ પરથી દારૂ અને સાધનો મળીને કુલ 3.45 લાખનો મુદામાલ કબજે લીધો હતો. સૂત્રોમાંથી જાણવા મળવા મુજબ કે પીઆઈ ડી. બી. મજીઠીયા તથા સ્ટાફના જવાનો ભાયાવદર પોલીસ સ્ટેશન નીચે આવતા ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોલિંગ દરમ્યાન હકકિત મળી હતી કે સ્થાનિક પોલીસે જીંજુડિયા નેસમાં ત્રાટકી આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી. દેશી દારૂના હાટડાં બંધ કરાવ્યા હતા અને ઢાંક ગામના ભાવિન ઉર્ફે ભાયો રબારી, મોહન ઉર્ફે દુદો બઢ, કમો રબારી, અને વિશાલ પરમાર નામના ચાર શખ્સો ભેગા મળીને જારગામની સિમ વિસ્તારમાં આવેલ જીંજુડીયા નેશ પાસે આવેલ વૉકળા કાંઠે મસમોટી દેશીદારૂની ભઠ્ઠી નાખીનેઆજુબાજુના



ગામડાઓમાં વેચાણ કરે છે આથી ખુદ પીઆઇ ડી.બી.મજીઠીયા તથા સ્ટાફના પોલીસ જવાનો એ તે બાતમી વાળી જગ્યા ઉપર જઈને દેશીદારૂની ભઠ્ઠી પર દરોડો પાડ્યો હતો ત્યારે દરોડા દરમ્યાન પોલીસને જોઈને તમામ આરોપી નાસી છૂટ્યા હતા અને પોલીસને મુદ્દામાલમાં દેશી દારૂ લિ. 1000 તથા દેશી દારૂ બનાવવાનો ગરમ આથો લિ.500 તેમજ ઠંડો આથો લિ.4400 અને ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂપિયા 3.45 લાખનો મુદ્દામાલ કબ્જે કરીને તમામ નાશી છુટેલા આરોપીઓને પકડવા માટે કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજપીપળા | કમલમ ખાતે નર્મદા દ્વારા સંવિધાન ગૌરવ અભિયાનની શરૂઆત

**બીજેપી સંવિધાનને વધુ મહત્વ આપે છે, કોંગ્રેસને જયારે જરૂર હતી ત્યારે સંવિધાનને નેવે મૂકીને રાજ ચલાવતી હતી તેઓ ભારતસિંહ પરમારે કર્યો કટાક્ષ**

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના મુખ્ય મથક રાજપીપળા ના કમલમ ખાતે આજે બીજેપી નર્મદા દ્વારા રાજ્યસભા ના પૂર્વ સાંસદ ભારતસિંહ પરમાર ની અધ્યક્ષતામાં સંવિધાન ગૌરવ અભિયાન ની શરૂઆત કરવામાં આવી.

આ સંમેલન માં ઉપસ્થિત પ્રબુદ્ધ નાગરિકો અને કાર્યકર્તાઓ ને સંવિધાન દિવસ અને સંવિધાન ની માહિતી આપતા જણાવ્યું કે બીજેપી સંવિધાન ના આધારે ચાલતી પાર્ટી છે, અટલ બિહારી વાજપેયી એ સૂચવેલા માર્ગદર્શન મુજબ બીજેપી સંવિધાન ને વધુ મહત્વ આપે છે કોંગ્રેસ ને જયારે જરૂર હતી ત્યારે સંવિધાન ને નેવે મૂકીને રાજ ચલાવતી હતી તેઓ કટાક્ષ પણ તેઓએ માર્યો હતો અને સંવિધાન ને વિશેષ મહત્વ આપવા તેમને



આગ્રહ રાખ્યો હતો. ઈન્દિરા સરકાર વખતે લદાયેલ કટોકટી ને તેઓ એ સંવિધાન નું ખૂન ગણાવ્યું હતું.આ સમ્મેલનમાં ધારાસભ્ય ડૉ .દર્શનાબેન દેશમુખ, જિલ્લા પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ સહીત મોટી સઁખ્યામા કાર્યકર્તાઓ અને પ્રબુદ્ધ નાગરિકોઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જાફરાબાદ | 71 વર્ષીય વૃદ્ધાએ ગોકુળ, મથુરાની પગપાળા યાત્રા પૂર્ણ કરી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ તાલુકાના બાબરકોટમા રહેતા એક 71 વર્ષીય માલધારી સમાજના વૃધ્ધાએ ગોકુળ મથુરાની પગપાળા યાત્રા પુર્ણ કરી પરત ફરતા તેમનુ બાબરકોટ ગામના લોકોએ ભવ્ય સામૈયુ કરાયુ હતુ.જિલ્લાના ભરવાડ સમાજના પ્રમુખ અને જિલ્લા બક્ષીપંચ મોરચાના પ્રમુખ કાનાભાઈ ભરવાડના માતૃશ્રી જશુમા 71 વર્ષે ગોકુળ મથુરા ઠાકોરજીના દર્શન કરવા પગપાળા જવાનો નિર્ણય કર્યો હતો. જશોમાં બાબરકોટથી પગપાળા 28 દિવસે ગોકુળ મથુરા પહોંચી ઠાકોરજીના દર્શન કર્યા અને ઠાકોરજી પર પૂરી શ્રદ્ધા હોવાથી રસ્તામાં ક્યાંય પણ બીમારી કે કોઈ મુશ્કેલી પડી ન હતી. તેઓ યાત્રા પુર્ણ કરી પરત આવતા ગ્રામજનોએ જસુમાનુ સામૈયું કર્યું હતુ. અહી ઠાકર જ્યોત દર્શનના અમૂલ્ય અવસરે સૌ સમાજના આગેવાનો તેમજ જિલ્લાના સહકારી અગ્રણીઓ દિલીપભાઈ સંઘાણી પણ ઉપસ્થિત રહી બહુમાન કર્યું હતું. જિલ્લા સંઘના પ્રમુખ જયંતી પાનસુરીયા, અશ્વિન સાવલિયા, દીપક



**બાબરકોટના તમામ ગામજનો દ્વારા ભાવ્ય સામૈયું કરાયું**

માલાણી, ધારાસભ્ય હીરા સોલંકી, પીઠા નકુમ, અલ્ટ્રાટેક કંપનીના યુનિટ હેડ અનિલ શુક્લા, કમિશનર અજય દાવડા તથા ડોક્ટર વિજય આજરા તથા જિલ્લા બેંકના ડિરેક્ટર યોગેશભાઈ બારીયા, નનકાદાદા પુરોહિત, કરસનભાઈ ભીલ, કનુભાઈ ધાખડા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.જશુમા પગપાળા યાત્રા પુર્ણ કરીને આવતા ગ્રામજનોએ સ્વયંભુ બંધ પાળીને તેમનુ ભવ્ય સામૈયુ કરી સ્વાગત કર્યું હતુ.

# નર્મદાના ICDS વિભાગ કુંભકર્ણ કરતા વધુ આળસુ..?!!

**સ્વાગત ફરિયાદ નિવારણમાં ખાતરી આપવાને એક વર્ષ થવા છતાં નવા આંગણવાડી મકાન બન્યું નથી**

ભરત શાહ | નર્મદા



0 થી 5 વર્ષ ના બાળકો અને સગર્ભા મહિલાઓ ના સ્વાસ્થ્ય ના શશક્તિકરણ માટે કાર્યરત એવા ICDS વિભાગ હેઠળ વર્ષ 2018 થી રાજપીપળા ના દક્ષિણી ફળિયા કાળકા માતા મંદિર પાસે આવેલી બાળ આંગણવાડીનું મકાન જર્જરિત અને 12 વર્ષથી પાણીના કનેક્શન વગર ચાલતું હતું. જે અંગે ICDS વિભાગને સ્થાનિકો દ્વારા પત્ર લખી નવા મકાનની માંગણી કરાઈ હતી. ત્યારે જુના મકાન ને જર્જરિત જાહેર કરી બાળકો ને અન્યત્ર ભાડા ના મકાનોમાં ખસેડી દેવાયા હતા, ત્યાર થી લઈ આજદિન સુધી હજી આ આંગણવાડી મકાન નવું બન્યું નથી.

ICDS વિભાગના અધિકારીઓ ની અણઆવડત અને બિનકાર્યક્ષમ અભિગમ થી થાકીને આ પ્રશ્ન પેહલા ગ્રામ્ય અને બાદમાં જાન્યુઆરી 2024 માં જિલ્લા કક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ મા તત્કાલીન જિલ્લા કલેક્ટર સ્વેતા તેવટિયા સમક્ષ લઈ જવાયો ત્યારે ICDS ના જવાબદાર અધિકારી દ્વારા ટેન્ડર પ્રક્રિયા ચાલુ છે, અને ટૂંક સમયમાં નવા મકાનની કામગીરી શરૂ કરવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી, પરંતુ એ ખાતરી ને પણ હવે એક વર્ષ વીતી જવા છતાં હજી પણ નવી આંગણવાડીના મકાનનું કામ શરૂ થયું નથી. છેલ્લાં 5 વર્ષ થી ICDS વિભાગના અધિકારીઓ અવાર નવાર કોઈને કોઈ બહાનાઓ આગળ ધરીને પોતાની જવાબદારી માંથી છટકી જવાનો પ્રયાસ કરી રહ્યા છે પરિણામે સ્થાનિક વિસ્તારથી દૂર આવેલ સાંકડાં વિસ્તાર મા ભાડા ના મકાન મા ચાલતી આંગણવાડીમાં વાલીઓ સલામતી ના કારણોસર બાળકોને મુકતા નથી, તેમજ લેવા અને મુકવા જવા માટે વાલીઓને ભારે મુશ્કેલી પડે છે અને બાળકો માટે સલામતીનો પણ પ્રશ્ન છે, ત્યારે મહિલા અને બાળ કલ્યાણ વિભાગના અધિકારીઓ કેટલા સંવેદનશીલ છે અને તેમના કાર્યમાં કેટલી ગતિ છે એની તપાસ નર્મદા જિલ્લા કલેક્ટર એ કરવી જોઈએ.

# અયોધ્યામાં શ્રી રામ મંદિરને વર્ષ પૂર્ણ થતા રાજપીપળામાં ધાર્મિક કાર્યક્રમ કરાયો



ભરત શાહ | નર્મદા

અયોધ્યામાં શ્રીરામ ના મૂળ જન્મ સ્થાન પર નિર્માણ થયેલા રામ મંદિર ને તારીખ 22 જાન્યુઆરી એ એક વર્ષ પૂરું થતાં રાજપીપળા ખાતે હિન્દુ સંઘટનો દ્વારા કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જોકે તારીખ પ્રમાણે આજે એક વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્ય માં હિન્દુ સંગઠનો એ એક કાર્યક્રમ નું આયોજન કર્યું હતું જેમાં મોટી સંખ્યા મા હિન્દુ આગેવાનો અને લોકો જોડાયા હતા. આ કાર્યક્રમ માં સવારે 6:00 કલાકે પ્રભાત ફેરી શ્રી વિઠ્ઠલનાથ જી મંદિર થી નીકળી સોનીવાડ વિસ્તારમાં માં ફરી ને શ્રી વિશ્વેસર મહાદેવ, નવદુર્ગા સ્કૂલ સામે રાજપીપળા સુધી રામ ધૂન સાથે ફરી હતી સાંજે 7:30 કલાકે શ્રી વિઠ્ઠલનાથ જી મંદિર ના પ્રાંગણમાં શ્રી રામ ભગવાન ની ધૂન, હનુમાન ચાલીસા આરતી અને મહા પ્રસાદી ના આ ધાર્મિક કાર્ય માં દરેક રામ ભક્તો તન મન ધન થી સહભાગી થયા હતા.

**હિન્દુ સંગઠનોએ એક કાર્યક્રમ નું આયોજન કર્યું હતું જેમાં મોટી સંખ્યામા હિન્દુ આગેવાનો અને લોકો જોડાયા હતા**

## રાજપીપળા જુની કોર્ટ બિલ્ડીગની યોગ્ય જાળવણી રાખવા બદલ

# નર્મદા બાર એસો.ની કલેક્ટરને રજૂઆત

ભરત શાહ | નર્મદા

રાજપીપળા ખાતે આવેલી જુની કોર્ટ બિલ્ડીગ બંધ કરી નવી બિલ્ડિંગ બનાવવામાં આવી અને જૂની બિલ્ડિંગ સાથે ઘણી યાદો જોડાયેલી હોય આં બિલ્ડિંગની યોગ્ય સાર સંભાળ, જાળવણી રાખવા નર્મદા બાર એસોસિયેશન દ્વારા કલેકટર નર્મદા, માર્ગ અને મકાન વિભાગ ને રજુઆત કરવામાં આવી છે.

નર્મદા જીલ્લા બાર એસોસીયેશન પ્રમુખ વંદના ભટ્ટે જણાવ્યું હતું કે રાજપીપળા ખાતે આવેલી જુની કોર્ટ બિલ્ડિંગ ની જગ્યા એવી છે કે જ્યા મોટા ભાગના વકીલોએ પોતાની કાર્યકીદીની શરૂઆત કરી છે.અને



ઘણા વર્ષો સુધી આં બીલ્ડીગમાં ઘણા તડકા છાયડા જોયા છે. ટુંકમાં કહીએ તો કોર્ટ બિલ્ડીગ સાથે અમારી લાગણીઓ જોડાયેલી છે.સને 2022 માં અમારી નવી કોર્ટ બીલ્ડીંગનું ઉદઘાટન થતા અમોએ 2022 ના નવેમ્બર માસમાં જૂની કોર્ટ બિલ્ડીંગ છોડી આ કોર્ટનો કબજો આર. એન.બી વિભાગને સોપી દેવામાં આવ્યો છે.

હાલમાં જુની કોર્ટ બિલ્ડીંગની હાલત ખુબજ દયનીય થવા પામેલ છે આ બિલ્ડીગમાં કોઈ પણ જાતની સાફ સફાઇ કે મેન્ટેન્સ થઇ રહ્યું નથી. આ બિલ્ડીંગ જ્યારે અમોએ છોડી ત્યારે સારી રીતે અને સુવ્યવસ્થીત હાલત માં હતી.અને હાલમાં જો કાળજી રાખવામાં આવે તો આ જૂની બિલ્ડીંગ ચાલુ અવસ્થામાં જ છે જેથી અમો નર્મદા જીલ્લા બાર એસોસીયેશનની દ્વારા આ બિલ્ડીંગની યોગ્ય જાળવણી થાય તે રીતની વ્યવસ્થા કરવામાં તેવી બાર એસસિયેશન દ્વારા રજુઆત કરવામાં આવી છે.

# તપુર ગામ પાસે પીર બાબા સ્થાને ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

પાટણ | તા.22



19/1/2025 રવિવારના રોજ પાટણ કતપુર ચોકડી રોડ ઉપર કતપુર ગામ પાસે પીર બાબા સ્થાને ત્રિવિધ કાયેકમ યોજાયો હતો તેમાં પાણીની પરબનુ ઉદ્ઘાટન શ્રી વિનોદભાઈ સોલંકી રવિધામ સંસ્થા પ્રમુખ,શ્રી અશોકભાઈ પરમાર રોહિત ધિરાણ મંડળી પાટણ પ્રમુખ, મહેન્દ્રભાઈ પુજારી ,અહમદભાઈ મુજાવર હસ્તે પાણીની પરબ નું ઉદઘાટન કરવામાં આવેલ.અને વૃક્ષારોપણ પર્યોવરણ સંરક્ષણ એવૉડ પાટણ જિલ્લા કન્વીનર શ્રી નિલેશભાઈ શ્રીમાળી હસ્તે કરવામાં આવે આને પ્લાસ્ટિક મુક્ત અભિયાન સૌ દર્શેનાથીની મદદથી કરવામાં આવેલ.

# જિલ્લામાં ગેરકાયદેસર ફરતાં ખાનગી પેસેન્જર વાહનો જોખમી...

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લામાં આડેધડ ફરતાં ખાનગી પેસેન્જર વાહનો મુસાફરો માટે જોખમી છે છતાં એસટી બસો ની ઓછી વ્યવસ્થા ના કારણે જીવ ના જોખમે લોકો ખાનગી વાહનો માં બેસવા મજબૂર બને છે જેમાં ગઈકાલે ગરુડેશ્વર માં છકડા માંથી બે મહિલાઓ પડી હતા એક એ જીવ ગુમાવ્યો હતો. ગીતાબેન વા/ઓ રમેશભાઈ મનસુખભાઈ તડવી, રહે. સમારીયા, નિશાળ ફળીયુ તા.ગરૂડેશ્વર જી.નર્મદા નાઓ એ પોલીસ ફરિયાદ માં જણાવ્યા મુજબ એક અજાણ્યા છકડાના ચાલકે પોતાના કબ્જા નો છકડો પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ગરૂડેશ્વર મેઈન બજારમાં આવેલ લક્ષ્મિ એલ્યુમિનિયમ એન્ડ ગ્લાસની દુકાન નજીક છકડામા બેઠેલ પેસેન્જર માં ગીતાબેન રમેશભાઈ મનસુખભાઈ તડવી તથા પાચીબેન કનુભાઈ મથુરભાઈ તડવી નાઓને છકડામાંથી રોડ ઉપર પાડી દેતા ગીતાબેન ને ડાબા પગમા તથા ડાબા હાથની કોણીમાં સામાન્ય ઈજા થઇ છે જ્યારે પાંચીબેન કનુભાઈ તડવી ને માથામાં અંદરના ભાગે તથા શરીર ઉપર ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવી છકડા વાળો નાશી જઇ ગુનો કરતા એકતાનગર પોલીસે અજાણ્યા છકડા ના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# મહીસાગર જિલ્લાના જાહેર સ્થળો અને સરકારી કચેરીઓની બહાર ૨૦૦ મીટરની ત્રિજયામાં ધરણા, પ્રતિક ધરણા જેવા કૃત્યો કરવા પર પ્રતિબંધ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

મહીસાગર જિલ્લામાં જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠાં ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતાં નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મહીસાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી સી વી લટાએ જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લા ના લુણાવાડા, ખાનપુર, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર તથા કડાણા તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યાકિતએ/વ્યકિતઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ચાર કે તેથી વધુ માણસો ભેગા થવા કે કોઇ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભૂખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે તા. ૦૫/૦૨/૨૦૨૫ સુધી મનાઈ ફરમાવી છે.

# અતિ પ્રાચીન, અખંડ ઘી ભંડાર અને જ્યોતિર્લિંગ સમાન...

# ખેડા જિલ્લાના ખેડા ધોળકા હાઈવે પર આવેલ શ્રી કામનાથ મહાદેવ








**રઢુ ગામ નથી પરંતુ એક ઐતિહાસિક ધરોહર પણ છે રૂડી રબારણ ઉપરથી ગામનું નામ રઢુ રાખવામાં આવેલ છે રડું સાણંદ સ્ટેટના વાઘેલા ભયાત ની ગરાસમાં મળેલું ગામ છે.**

**અંદાજે 575 વર્ષથી પણ વધુ સમયગાળાના 1300 થી પણ વધારે માટીના કાળા માટલામાં જોવા મળે છે શુદ્ધ ઘી. કે જેમાં આજ દિન સુધી નથી પડી જીવાત કીટાણુ કે તેમાં નથી આવી ફૂગ.**

ખેડા તાલુકાના ખેડા ધોળકા હાઈવે પર રઢુ ગામ આવેલું છે જે ગામની દક્ષિણ દિશા એ વાત્રક નદી આવેલી છે જે પાંચ નદીઓનો સંગમ સ્થાન છે અને તેની બિલકુલ પાસે જ શ્રી કામનાથ મહાદેવનો અતિ પ્રાચીન મંદિર આવેલું છે આ મહાદેવની ભારતના બીજા કાશી તરીકે ઓળખી શકાય છે સંવત 1445 થી આ મંદિરમાં અખંડ જ્યોત તકતી રહેલી જોવા મળે છે જ્યાં ઉગમણી નદી, ઉગમનું મહાદેવ અને ઉગમનું સ્મશાન આવેલું છે. નડિયાદના સંતરામ મહારાજની સાત ગાદીમાની એક ગાદી વાત્રક નદીના કિનારે આવેલ અને અમદાવાદથી 50 કિલોમીટરના અંતરે આવેલ ખેડા જિલ્લાના રઢુ ગામમાં આવેલી છે તેની બીજી ઓળખ ગુજરાતના મુક સેવક તરીકે જાણીતા સ્વતંત્ર સેનાની રવિશંકર મહારાજની જન્મભૂમિ અને ત્રીજી મહત્વની ઓળખ કામનાથ મહાદેવનું મંદિર કે જેમાં ખાસ 575 વર્ષથી સચવાયેલા ઘી થી ભરેલા 1300 જેટલા માટીના મોટા કાળા માટલામાં ઘી સચવાયેલું જોવા મળી રહે છે ચાર જેટલા કોઠારોમાં ઘી થી ભરેલા માટીના કાળા માટલા જોવા મળે છે. માટીના કાળા માટલામાં ભરી રાખવામાં આવેલ ઘી ની અંદર કોઈપણ પ્રકારની ગંધ આવતી નથી કે તેમનું કીટાણું કે ફૂગ પણ જણાતી નથી બિલકુલ તાજુ અને સ્વચ્છ ઘી જોવા મળી રહ્યું છે ઘી ના જથ્થામાં દરરોજ વધારો થતો જોવા મળે છે જેની મંદિરની બહાર લઈ જવામાં આવતું નથી કે બીજા કોઈ પણ કાર્યમાં તેનો ઉપયોગ થતો નથી.

અંગત 1445 થી અખંડ જ્યોત પ્રજાવલિત છે આ જ્યોત રઘુના પટેલ જેસીંગભાઈ હીરાભાઈ લાવ્યા હતા તેઓનો એવો નિયમ હતો કે મહાદેવજીના દર્શન કર્યા વગર ચા નાસ્તો કે અન્ય કોઈપણ વસ્તુ લેવાની નહીં આવી રીતે તેમનો નિત્યક્રમ ચાલતો હતો ક્યારે તે સમયગાળામાં રઢુ ગામે કોઈ શિવાલય પણ આવેલું ન હતું જેથી તેઓ વાત્રક નદી પાર કરીને સામે કિનારે 7 km દૂર આવેલા પુનાજ ગામે મહાદેવ ના મંદિરે દર્શન કરવા નિયમિત રીતે જવાનો નિયમ બનાવી દીધો હતો એક સમય એવો આવ્યો કે ચોમાસાની ઋતુમાં વાત્રક નદીમાં ભયાનક પાણીનું પૂર આવ્યું નદીમાં પાણીનું પૂર આઠ દિવસ સુધી રહ્યું જેથી તેઓ દર્શન કરવા જઈ શક્યા નહીં તેઓના નિયમ મુજબ ચા અને અન્ય સિવાય 8 દિવસ સુધી તેમને ઉપવાસ કર્યા અને તેઓને આઠમી રાત્રે ભગવાન મહાદેવજી સ્વપ્નમાં આવીને કહ્યું કે વત્સ.... હવે તારી ઉંમર થઈ ગઈ છે તું દર્શન કરવા આવીશ નહીં પરંતુ અહીં આવીને મારી જ્યોત પ્રગટાવીને દીવામાં જેમાં હું સમાઈ જાઉં ત્યારબાદ તેની સ્થાપના કરજે અને રોજ તેની પૂજા કરજે, મને તારા ગામે લઈ જા જેવા બિરાજમાન થઈશ બીજા દિવસે સવારે જેસીંગભાઈ પટેલે સ્વપ્નની વાત ગ્રામજનોની જણાવી અને ગામની ધર્મપ્રેમી જનતા સાથે તેઓ પુનાજ ગામે પહોંચી ગયા અને ત્યાંથી દાદાનો ઘીનો દીવો પ્રગટાવીને પાછા આવી આ સ્થળ ઉપર તેમની સ્થાપના કરી ભયંકર વરસાદ અને પવનની અંદર પણ એ જ્યોત બુઝાઈ નહિ અને દાદાની કૃપાથી રઢુ ગામે આવ્યા ત્યારબાદ રઢુ ગામમાં એક નાની ડેરી બનાવીને સંવત 1445 માં એમની સ્થાપના કરવામાં આવી હતી અને એ શુભ અને પાવન દિવસ એટલે શ્રાવણવદ બારસ. હવે જો તને અખંડ રાખવા માટે ઘીની પણ જરૂરિયાત જણાવવા લાગી જેથી ગામમાં જેના પણ ઘરે ગાય કે ભેસ નું વિયાણ થાય તેના વલોણા નું શુદ્ધ ઘી દાદાની જ્યોતમાં આપવું એવું નક્કી કરવામાં આવતા શ્રદ્ધાળુઓની ભક્તો દ્વારા ઘી નો પ્રવાહ અવિરત પણે ચાલુ થઈ જવા પામ્યો અને સૌની મનોકામનાઓ માનતાઓ પણ પૂર્ણ થવા લાગી ત્યારથી દાદા ની બાધા માનવામાં આવે છે અને સૌ ભક્તોનું ઈચ્છિત કામ પૂર્ણ થતું હોવાનું મનાઈ રહ્યું છે.

દરરોજ આ જ્યોતમાં ૧૦ થી ૧૨ કિલો ઘી નો વપરાશ થાય છે આ સ્થાનકી આજ દિન સુધી ક્યારેય પણ ઘી વેચાતું લાવવું પડ્યું નથી હાલ કામનાથ મહાદેવ જેટલા કાળા માટીના માટલામાં ઘી ખુલ્લું ભરી રાખવામાં આવેલું છે તેમ છતાં પણ આ ઘીની અંદર કીડી મકોડા કે અન્ય કોઈ જીવજંતુ પડતા નથી અને આ ઘીમાં ક્યારેય પણ દુર્ગંધ આવતી નથી અને ઘી બિલકુલ સ્વચ્છ જોવા મળે છે જે પણ દાદા ના ચમત્કારથી વિશેષ કંઈ જ નથી આ ઘી નો ઉપયોગ માત્ર ને માત્ર દીવા માટે અને યજ્ઞ માટે જ કરવામાં આવે છે અને જો કોઈ આ ગીનો દુરુપયોગ કરે છે તો તે ખૂબ જ દુઃખી-દુઃખી થઈ જવા પામે છે. રઢુ ગામના આ કામનાથ મહાદેવ મંદિરમાં સંવત 2056 થી શ્રાવણ માસનો આખો મહિનો હોમાત્મક યજ્ઞ કરવામાં આવે છે દરેક પ્રકારના રોગોની મુક્તિ માટે ઘીના દીવાની માનતા રાખવામાં આવે છે અને મનોકામના પૂર્ણ થાય તેના બદલામાં ઘીના દીપ પેટે મહાદેવને ઘી અર્પણ કરવામાં આવે છે. જે દિવસે દાદાની જ્યોત લાવવામાં આવી હતી તે દિવસ શ્રામણ બારસનો હતો માટે તે દિવસે રઢુ ગામમાં મોટો લોકમેળો ભરાય છે અને દાદાની નગરયાત્રા વાસ્તે ગાસ્તે ગામમાં ભજન મંડળીઓની સાથે નીકળી છે આ દિવસે રઢુ ગામમાં ઘેર ઘેર દાદાની ઉજવણી કરવામાં આવે છે.

સંવત 2024 ના કારતક સુદ પૂનમ દેવ દિવાળી થી અખંડ યજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો છે જેમાં 24 કલાક 365 દિવસ નિરંતર ઘીની ધારા આવીરત પાણી ચાલુ રહે છે જેમાં દરરોજ અંદાજે 60 કિલો ઘી નો વપરાશ થવા પામે છે. દાદાના દર્શન કરવા માટે સૌરાષ્ટ્ર, વડોદરા, મુંબઈ, અમદાવાદ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને દેશ વિદેશથી પણ ધર્મપ્રેમી જનતા આવે છે જેથી તેઓના ભોજન માટે પણ અલગ ભોજનાલય ચલાવવામાં આવે છે.

રઘુ ગામમાં સ્વાતંત્ર્ય સેનાની મુક સેવક પરમ પૂજ્ય શ્રી રવિશંકર મહારાજ નો જન્મ થયો હોવાથી તેમના નામ પરથી શ્રી રવિશંકર મહારાજ અન્નક્ષેત્ર નિશુલ્કપાણી કાર્યરત કરેલ છે વાત્રક, શેઢી, માઝુમ,મેશ્વો અને હાથમતી આમ પાંચ નદીઓના સંગમ સ્થાન પર આવેલ કામનાથ મહાદેવ મંદિર ભક્તો માટે અપાર શ્રદ્ધાનું સ્થાન બની જવા પામ્યું છે રઢુ ગામે આવેલ કામનાથ મહાદેવ ને ભારતનું બીજું કાશી વિશ્વનાથ પણ કહેવામાં આવે છે બાર જ્યોતિર્લિંગ ના દર્શન કરવા જાવ ત્યાં જ્યોતિર્લિંગ અને મુખારવિંદ ની પૂજા થાય છે પરંતુ શ્રી કામનાથ મહાદેવના મંદિરે જ્યોતિ સ્વરૂપે આવેલ હોવાથી જ્યોતિ/લિંગ/મુખારવિંદ ની પૂજા થાય છે.

**જગદીશ ત્રિવેદી -ખારોલ**

# આરોગ્યની અખંડ જ્યોતિ

# એલ.એસ. હોસ્પિટલ

**અત્યાર સુધીમાં આ હોસ્પિટલમાં 40 લાખ દર્દીઓની સેવા કરવામાં આવી છે.આ આંકડો નાનો નથી, અને એક પણ પ્રકારની કોઈ ફરિયાદ વગર આ સેવા સાધના થતી રહી છે**

હમણાં જ 16મી તારીખે સાવરકુંડલા એટલે તપોબળ, ચરિત્રબળ અને સંતુલન બળની ભૂમિમા એક સુંદર કાર્યક્રમ થયો.સ્વ.લલ્લુભાઈ શેઠ જેવા ગાંધીયન મૂર્તિ કે જે તેના વિકાસદ્રષ્ટા અને કલ્યાણ ભાવનાની પલાંઠી વાળીને બેઠેલાં તપસ્વી હતાં.તો અહીં જોગીદાસ ખુમાણ જેવા ચરિત્ર બળ ધરાવતા વટ વચન અને વેર માટે ખપી જનાર ઈતિહાસનું એ અમરપાત્ર આજે પણ નાવલીના એ પ્રવાહમાં ઘુઘવાટા કરી રહ્યું છે. તો બીજી તરફ કાંટા ઉદ્યોગથી જાણીતું થઈને સંતુલિત તાકાતથી જીવતું આ નગર આજે પણ કંઈક ઈતિહાસ સર્જવા માટે મથતું રહે છે. તેથી જ કદાચ ઘોર કળી કાળમાં કે જ્યાં પૈસા માટે ચારે બાજુ રાડારાડી,હારાકીરી અને લૂંટફાટ ચાલી રહી છે. તેમાં પણ આરોગ્યનો વિષય જે હવે વિશ્વાસનો રહ્યો નથી.ત્યારે પુ.મોરારિબાપુના સંકલ્પ બળથી અને તેના ઈશ્વર ભરોસે નિર્મિત થયેલ એક એવી હોસ્પિટલ કે જે અનેક લોકો માટે વિસામો, પ્રાણ, પતિત કેન્દ્રબિંદુ બધું જ છે અને તેનું નામ છે લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર અથવા એલ. એસ.હોસ્પિટલ. સાવરકુંડલાની નાવલી નદીમાં ઉતરો અને કોઈપણને પૂછો કે ખાદી કાર્યાલયનું દવાખાનુ ક્યાં છે? તો તે કહેશે કે મહુવા રોડે આગળ જઈને માર્કેટિંગ યાર્ડના રસ્તા તરફ ડાબી બાજુ વળશો અને ત્યાં તમને આ આરોગ્યનો અનેકનો આશરો આપનારું વટવૃક્ષ મળી જશે.આજથી દસ વર્ષ પહેલાં 2014માં કદાચ એવી કલ્પના હતી કે એક હોસ્પિટલ એવી નિર્માણ થાય કે જ્યાં દર્દીઓને એકદમ અમૂલ્ય પરંતુ માત્ર ભાવનું જ મૂલ ચુકવીને સારવાર કરી શકાય! 'દર્દી દેવો ભવ'ના સૂત્રને સાકાર કરી શકાય તો તે કરવું છે.

હાસ્ય લેખક લેખક શ્રી રતિલાલ બોરીસાગર આ નગરના નગરવાસી અને તેના વિદ્યાર્થીઓએ વિદ્યાગુરુ ફાઉન્ડેશન ઊભું કર્યું. આ હોસ્પિટલની વિભાવના વહેતી થઈ,ગ્રામ સેવા મંડળે તેમના મકાનો આપ્યાં.દર્દીઓનો હાશકારો અને આશીર્વાદ પ્રાપ્ત કરવાની વણઝાર વહેતી થઈ.બાળક, આંખ, કાન- ગળુ, સ્ત્રી બધાની સારવાર કોઈ ફી વગર કે અપેક્ષા વગર ચાલુ થઈ,એટલું જ નહીં દર્દી અને તેની સાથે આવનાર લોકોને ભોજન પણ પ્રેમથી કોઈ ચાર્જ લીધા વગર આપવાનો સિલસિલો ચાલુ થયો તે આજે પણ અવિરત ચાલુ છે.અત્યાર સુધીમાં આ હોસ્પિટલમાં 40 લાખ દર્દીઓની સેવા કરવામાં આવી છે.આ આંકડો નાનો નથી, અને એક પણ પ્રકારની કોઈ ફરિયાદ વગર આ સેવા સાધના થતી રહી છે. 170 જેટલાં કર્મચારી ગણ તથા 25 જેટલા તબીબોની ટીમ સતત દર્દી નારાયણ માટે દર્દ હરક દવા લઈને ઊભા જ હોય છે.દર મહિને 75 લાખ રૂપિયાનો હોસ્પિટલમાં ખર્ચ થાય છે.તે નાણા મુંબઈ અને દેશાવરોમાંથી દાનથી મેળવાઈ રહ્યા છે.ધર્મના નામે અને અન્ય આચાર કે આડંબરોમાં થતા ખર્ચને બચાવીને માનવને મંદિર માનનારા લોકો પણ જગતમાં જીવે છે તેનો અહેસાસ હોસ્પિટલ કરાવી રહી છે. આ સંસ્થાના સંચાલક શ્રી હરેશભાઈ મહેતા કહે છે કે અમે ભરોસાના શિખર ઉપર હંમેશા બેસીએ છીએ. ઈશ્વર સદકાર્યો માટે કોઈને કોઈ મદદ કરવા હંમેશા દોડી આવે છે. તેનો અહેસાસ અમે સતત અનુભવ્યો છે. આજે પણ પૂજ્ય મોરારિબાપુ માટે આ હોસ્પિટલ પોતાના રાજીપાનું સ્મિત બિંદુ બની ગઈ છે.તેનો લાભ અહીં આવનાર દરેક દર્દીઓ પ્રાપ્ત કરી રહ્યા છે.




પૂજ્ય બાપુએ 2018માં આ હોસ્પિટલના લાભાર્થે સાવરકુંડલામાં એક કથાનું ગાન કરીને રૂપિયા 6- 7 કરોડ એકત્રિત કરી આપ્યા હતાં.મુંબઈમાં થનારા કાર્યક્રમમાં બાપુની ઉપસ્થિતિ એ જ પ્રકારની ઊર્જા પુરી પાડે છે. તાજેતરમાં સાવરકુંડલા ખાતે યોજાયેલા આ કાર્યક્રમ દરમિયાન બાપુએ કહ્યું કે હું આ સંસ્થા ને શું આપી શકું? આપું તો આપુ મારા કથા ગાનના થોડા શબ્દો! હું આ સંસ્થા માટે આવતા દિવસોમાં અમેરિકાના વોશિંગ્ટન અથવા શિકાગોમાં કથાનું ગાન કરીને તેનું વધુ ભંડોળ એકત્ર કરવાનો પ્રયાસ કરીશું.બાપુએ આ ભંડોળમાંથી કેળવણી સંસ્થા લોકભારતીને પણ સરખો હિસ્સો આપવાનો મનોરથ જાહેર કર્યો.પરંતુ બાપુ હોસ્પિટલને પ્રાણ આપવા માટે જે દાખડો કરી રહ્યા છે,તે કાબિલે દાદ કહેવાય. કારણ કે તેઓને એહસાસ કરાવવો છે કે આજે પણ આ પ્રકારનું કામ થઈ શકે તેનું ઉદાહરણ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર છે!

આવો, આપણે આરોગ્ય મંદિરના શ્રેય,ધ્યેય અને પેય માટે સાથે જોડાઈ જઈએ.હું યથાયોગ્ય સહયોગ કરીને આ સંસ્થાનું દિવેલ બનતો રહીશ.

**- (તખુભાઈ સાંડસુર દ્વારા)**



કૃષ્ણનમ વંદે જગત ગુરુ..

# બગદાણાના બજરંગ દાસ બાપા હનુમાનજીનું સ્વરૂપ હતા

## બજરંગ દાસ બાપા બગદાણા આવ્યા ત્યારે જે બંડી પોતડી પહેરીને આવ્યા હતા એ અંત સુધી પહેરી હતી

ગુરૂ એટલે શું? ગુરૂ એટલે શિષ્ય ને સાચી દિશા તરફ લઈ જઈને ઉન્નતિ નો ઉતમ માર્ગ ચીંધે.ધર્મ અને કર્મ માં સૌથી પ્રબળ તપ છે, તપ થી મનુષ્ય એના અનેક જન્મો ના કર્મો થી મુક્તિ પ્રાપ્ત કરી શકે છે.દ્વાપર,ત્રેતા,સત અને કળયુગ યુગ એની નિશ્ચિત ગતિ એ આવે અને જાય પરંતુ યુગ ની અસર તપસ્વીઓ પર નથી થતી,તપસ્વીઓ એની સ્પિરૂચ્યુલ જર્ની માં મગ્ન હોય છે. વર્તમાન સમયના મનુષ્ય ની સૌથી મોટી બીમારી ધર્મ તો તન,મન,ધન થી કરે છે પરંતુ એના બદલા માં પોતાના સુખ માટે મેળવવું છે.આ સામન્ય મનુષ્ય થી લઈને ઊંચા પદ પર ખુદ ને પ.પૂ માનનારા અસંખ્ય શિષ્યો ની સંખ્યા ધરવતા કહેવાતા સંત ની પણ મેળવવાની ઘેલછા વધારે હોય છે. સંત એટલે શું? સંત એટલે નિર્વિકાર,દુનિયા થી અલિપ્ત પરમાત્મા માં રમણ કરતો "યુગ પુરુષ" જે કદાચ દીવો લઈને શોધવા છતાંય મળવા મુશ્કેલ છે. આધુનિક સમય ની સમસ્યા એ છે કે સંસારનો માર્ગ છૂટ્યા બાદ પણ સન્યાસી ને લોકો પોતાની ઈચ્છા પૂર્તિ માટે અજમવતા એ સન્યાસી ના બદલે સંસારી ની સમસ્યા માં ફસાઈ ને રહે છે. તપ અને સાધના નો મતલબ અઘોર વિદ્યા દ્વારા પ્રાપ્ત થતા ચમત્કારો નથી હોતા,અઘીર વિદ્યા ની મદદ થી તો સંસારી પણ ચમત્કાર કરી શકે છે. તપ અને સાધના એટલે ઈશ્વર ને પ્રાપ્ત કરવાનો ઉતમ માર્ગ આત્મીય સિધ્ધિઓ નો રસ્તો.આ રસ્તો અપનાવ્યો બાદ તપસ્વી કે યોગીઓ નો પુનઃ જન્મ નથી થતો એ મૃત્યુ બાદ પણ જીવંત રહેતા હોય છે.આ વાત માં પુરે પૂરું સત્ય એટલે છે કે જે સાધકનો ધ્યેય ઈશ્વર પ્રાપ્તિ નો હોય છે એની પાસે અનેક સિધ્ધિઓ હોવા છતાંય એ ગુપ્તા વાસ માં રહે છે એ ક્યારેય જાહેર જીવન માં આવતા નથી.તમને જાણી ને આશ્ચર્ય થશે કે આવા ઉતમ સાધકો ભૂખ તરસ ભૂલી ને તપશ્ચર્યા માં તલ્લીન હોય છે.નિર્જન સ્થળે ગુફાઓ માં યુગો ના યુગો તપ માં લીન રહેવા છતાંય એના કપાળ નું તેજ ઝગારા મારતું દીઠે છે.

સંત શ્રી નીમ કરોલી બાબા આધ્યાત્મિક ગુરુ અને ઉચ્ચ કોટિ ના સંત હતા. માન્યું કે એનો આશ્રમ ઉતરાખંડ માં છે ત્યાં અત્યારે સંત શ્રી નીમ કરોલી બાબા ની જગ્યા ના દર્શન કરવા દેશભરના લોકો જાય છે.ખૂબ ઓછા લોકો ને ખબર હશે કે વરસો સુધી ગુજરાત ના મોરબી ગામે સંત શ્રી નીમ કરોલી બાબા એ નિવાસ કર્યો હતો.ત્યાં એની ખાસ આશ્રમ કે જગ્યા નહતા,દિવસો ના દિવસો મોરબી ની નદીની અંદર બિરાજી ને તપશ્ચર્યા માં લીન રહેતા હતા. ફેસબુક ના પ્રણેતા ઝુકર બર્ગ,વિરાટ કોહલી વગેરે સંત શ્રી નીમ કરોલી બાબા ના ચમત્કાર વિશે ટીવી ઈન્ટરવ્યૂ માં વાત કરતા લોકો ને સંત શ્રી નીમ કરોલી બાબા હનુમાનજી નું સ્વરૂપ હતા એ જાણકારી મળી. વિચારો પ્રગટ સંત શ્રી નીમ કરોલી બાબા મોરબી ના લોકોની સાથે અને સામે હતા છતાંય એને સંત ના માન્યા.કેમ? ચમત્કાર ને નમસ્કાર સમજો.ભાવનગર સ્થિત બગદાણા માં સંત શ્રી બજરંગ દાસ બાપા નું ધામ છે માન્યતા અનુસાર સંત શ્રી બજરંગ દાસ બાપા પણ હનુમાનજી નું સ્વરૂપ હતા. એ ક્યાંથી આવ્યા? કોણ હતા? એ વિશે માહિતીઓ ખાસ નથી.

બાપા ના દર્શન કરનાર લોકો નું કહેવું છે કે બજરંગ દાસ બાપા બગદાણા આવ્યા ત્યારે જે બંડી પોતડી પહેરીને આવ્યા હતા એ અંત સુધી પહેરી હતી. ચા ની દુકાન આગળ ઊભા રહેતા ને કપ ના બદલે રકાબી માં ચા પીતા હતા.બગદાણા ધામ માં જાવ તો ત્યાં પ્રસાદી રૂપે ચા પીવી ફરજિયાત છે.બાપા બાળકો ને નિયમિત એના ખિસ્સા માંથી ટોફીઓ આપતા હતા એટલે બાપા ની સમાધિ માં ભક્તો ટોફી એટલે ચોકલેટ ધરે છે. ઘણા વરસો સુધી બગદાણા ના લોકો બાપા ને સંત માનતા નહતા,ફકીર માનીને લોકો ચા ભોજન આપતા હતા.જ્યારે સૌરાષ્ટ્ર પંથક પર ભયાનક વાવાઝોડા ત્રાટક્યું ત્યારે ભલભલા વજનદાર ઝાડ સાથે અનેક મકાનો,વીજળી ના થાંભલા ધરાશાયી થયા હતા. બાપા નું ખાસ નિવાસસ્થાન ઘેઘૂર વડલા નું ઝાડ આટલા ભયાનક વાવાઝોડા માં અડીખમ હતું,નાનકડી ઝાડ ની ડાળી કે પાંદડા પણ તૂટી ને નીચે ખર્યા નહતા. કેમ? સંત શ્રી બજરંગ દાસ બાપા ઘેઘૂર વડલા ના ઝાડ નીચે સમાધિસ્થ વાવાઝોડા ના ચાર પાંચ દિવસ સુધી બિરાજ્યા હતા. સાચા સંતો તો આપણા બધા વચ્ચે હોય છે પરંતુ સંતને સમજવા માટેની આંખ હોવી જરૂરી છે.



સંત સમાગમ

**- રુપાલી દવે**

તપસ્વી ઓની આધ્યાત્મિક માં મનુષ્યો જ અડખેલી રૂપ બનતા હોય છે એવું નથી ખુદ દેવો પણ તપસ્વી ના તપોબળ થી ભયભીત બની ને એની તપશ્ચર્યા માં ખલેલ પોહચડતા હોય છે. બદ્રીનાથ માં નર નારાયણ ભગવાન તપશ્ચર્યા માં લીન હતા ત્યારે એ બન્નેના તપોબળ થી ભયભીત થઈ ઈન્દ્ર એ બન્ને સમક્ષ પ્રગટ થઈ ઈચ્છિત વરદાન આપવા સૂચવ્યું પરંતુ નર નારાયણ સહેજ પણ વિચલિત ન થયા. સ્વર્ગ ના રાજા ઈન્દ્ર ને નર નારાયણ થી ભય લગતા એણે સ્વર્ગ ની અપ્સરાઓ સાથે કામદેવ ને બદ્રીનાથ મોકલ્યા. કામદેવ એ વસંત ઋતુ નું આહવાન કર્યું અને ૧૦૦૫૦ અપ્સરાઓ એ વિવિધ કમોકત પૂર્ણ રાગ રાગિણી અને નૃત્ય દ્વારા નર નારાયણ નો તપો ભંગ કરવાનો પ્રયત્ન કર્યો. કામદેવ અને અપ્સરાઓ ના લાખ પ્રયત્ન છતાંય નર નારાયણ નું તપ ભંગ ના થયું. નારાયણ ભગવાન એ ૧૦૫૦ અપ્સરાઓ સાથે કામદેવ ને એની પર્ણ કૂટી માં બોલાવ્યા.

સ્વર્ગ ના રાજા ઈન્દ્ર નું કરતૂત જાણી ને નારાયણ ભગવાન એ ગુસ્સામાં એના જમણાં સાથળ માં બેત્રણ વાર હાથ પછાડતા સ્વર્ગ ની અપ્સરાઓ ના સમૂહ વચ્ચે એની જેવીજ ૧૦૫૦ અપ્સરાઓ પ્રગટ થઈ ગઈ. સ્વર્ગ ની અપ્સરા મેનકા અને રંભા કરતા પણ અતિ સુંદર ઉર્વશી ને બધા વચ્ચે પ્રગટ કરી. નારાયણ ભગવાન એ કામદેવ ને ઉદ્દેશી ને કહ્યું કે સ્વર્ગ ની ૧૦૫૦ અપ્સરાઓ સાથે બીજી ૧૦૫૦ અપ્સરાઓ અને અપ્સરા ઉર્વશી સાથે સ્વર્ગ મા પ્રયાણ કરો. કામ,ભોગ બને મોક્ષ ની ઈચ્છા દૂર દૂર સુધી નથી તપ જ નિશ્ચિત ધ્યેય અમારો છે. દુન્યવી કામ,ભોગ,મોક્ષ અમને સહેજ પણ સ્પર્શી શકતા નથી કેમકે અમે ભગવાન વિષ્ણુ ના સ્વરૂપ નર અને છીએ.

કામદેવ ને પોતાની ભૂલ સમજાતાં એણે ભગવાન નર નારાયણ ની ક્ષમા માંગી ને પ્રદક્ષિણા કરી. એ અપ્સરા ઓ સાથે સ્વર્ગ તરફ પ્રયાણ કરવા ભગવાન પાસે રજા માંગી.સ્વર્ગ ની અપ્સરાઓ એ વિનંતી કરી કે પ્રભુ, આપના થી દુર ક્ષણ માત્ર પણ રહેશું નહિ,અમને આપની પત્નીઓ સ્વીકારો.

આપને ના મેળવ્યા તો જીવન બોજ રૂપ બની જશે.ભગવાન નર નારાયણ એ અપ્સરાઓનો અડગ નિર્ણય જોતા કહ્યું કે આપ સૌ અત્યારે સ્વર્ગ તરફ પ્રયાણ કરો,હજાર વર્ષ બાદ મારા કૃષ્ણ અવતાર માં તમને બધાને પત્ની સ્વરૂપે સ્વીકારીશ. ભગવાન નર નારાયણ ના વરદાન બાદ સ્વર્ગ ની અપ્સરાઓ એ કામદેવ સાથે સ્વર્ગ તરફ પ્રયાણ કર્યું હતું. આ સ્વર્ગ ની અપ્સરાઓ કૃષ્ણ જન્મ વખતે ભગવાન શ્રી કૃષ્ણ ની ૧૦૫૦ રાણીઓ બની હતી.

સામન્ય રીતે વિચારવા જેવી વાત છે કે સ્વર્ગ ના ઈન્દ્ર ની ચેષ્ટા થી નર નારાયણ ને પણ તપ માં વિઘ્ન પડ્યું હતું તો સામન્ય મારું તારું કરતા "લોભે લાલો લટકે" ની માફક તકસાધુ ઓ શિષ્યો તરફ થી ભેટ રૂપે મળતી અમૂલ્ય ઈમારત નોકર ચાકર અને સુખ સુવિધા સાથેની સ્વીકારી ને સન્યાસી મટી ને અડધા સંસારી જેવું જીવન વ્યતીત કરવા લાગે છે.જે વર્તમાન માં નજર સામે ખેલાતી નૌટંકી ઓ નિત્ય નિહાળતા હોઈએ છીએ.

મોટાભાગ ના સિદ્ધ યોગીઓ ગિરનાર ની ગિરિમાળા માં અને હિમાલય ના પહાડો માં ઈશ્વર પ્રાપ્તિ ના ધ્યેય ધારણ કરીને તપશ્ચર્યા માં લીન હોય છે. આ સિધ્ધ યોગીઓ સંસાર ની મોહ માયા થી તદન અલિપ્ત રહેતા હોય છે.આધ્યાત્મિક ઉન્નતિ સાધવા એ તપશ્ચર્યા માં લીન રહેતા હોય છે. તપમાં બાધા આવે એટલે મનુષ્ય ની સમક્ષ જીવનપર્યંત આવતા જ નથી. ભગવાન જેવા ભગવાન ની તપ સાધના માં વિઘ્ન થતું હોય તો મનુષ્ય સાધક ની તો શું વિસાત? સંત શ્રી નીમ કરોલીબાબા, સંત શ્રી બજરંગ દાસ બાપા,જલારામ બાપા વગેરે સંતો એ સંસાર વચ્ચે રહીને મનુષ્ય ને સાચો "રામ નામ" માર્ગ ચીંધી ને સાચુ સુખ શેમાં એ સમજાવ્યું હતું.

# ‘હિંદુ છો કે મુસ્લિમ, ગુજરાતી છો કે મારવાડી...?’

## એક્ટ્રેસ યામિની મલ્હોત્રાએ કહ્યું- 2025માં પણ આવા સવાલ પૂછવામાં આવે છે, મુંબઈમાં ઘર મેળવવું મુશ્કેલ



(એજન્સી) મુંબઈ | તા.22

બિગ બોસ 18માં વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી તરીકે એન્ટ્રી કરનાર યામિની મલ્હોત્રાને મુંબઈમાં ઘર નથી મળી રહ્યું. યામિનીના કહેવા પ્રમાણે, તે જ્યાં પણ ઘર ખરીદવા જાય છે, ત્યાં તેને તેના ધર્મ વિશે પૂછવામાં આવે છે. આ પછી પણ જો કોઈ ઘર આપવા માટે રાજી થાય છે તો તે એક્ટ્રેસનું સાંભળીને ના પાડી દે છે.

યામિની મલ્હોત્રાએ હાલમાં જ તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના સ્ટોરી સેક્શનમાં આ અંગે પોતાની નારાજગી વ્યક્ત કરી છે. તેણે લખ્યું છે કે, હેલો મિત્રો, મારે એક એવી વાત શેર કરવી છે જે મારા દિલને ઠેસ પહોંચાડે છે. હું મુંબઈને જેટલો પ્રેમ કરું છું તેટલું મને અહીં ઘર મળવું મુશ્કેલ થઈ રહ્યું છે. મને પ્રશ્નો પૂછવામાં આવે છે કે હું મુસ્લિમ છું કે હિન્દુ. હું ગુજરાતી કે મારવાડી?

તેણે આગળ લખ્યું કે, લોકો એક્ટરનું સાંભળતા જ, મને ઘર આપવાની ના પાડી દીધી. શું એક એક્ટર બનવાથી હું ઘરની માલિકી માટે ઓછી લાયક છું? મને જાણીને નવાઈ લાગી છે કે આ સવાલો 2025માં પણ પૂછવામાં આવે છે. શું આપણે ખરેખર તેને સપનાનું શહેર કહી શકીએ, જ્યારે અહીં સપના માટે ઘણી બધી શરતો છે?

યામિની મલ્હોત્રા સિવાય એક્ટ્રેસ ચારુ અસોપા, આકાંક્ષા જુનેજા, ઉર્ફી જાવેદ, બિગ બોસ ફેમ શહેઝાદી અને શિરીન મિર્ઝાએ પણ આવી સમસ્યાઓનો સામનો કરવાનો ઉલ્લેખ કર્યો હતો.

યામિની મલ્હોત્રા વિશે વાત કરીએ તો, એક્ટ્રેસ રિયાલિટી શો બિગ બોસ 18 માં વાઈલ્ડ કાર્ડ કન્ટેસ્ટન્ટ તરીકે પ્રવેશ કર્યો હતો. દિલ્હીની રહેવાસી યામિનીએ 2016માં આવેલી ફિલ્મ મેં તેરી તુ મેરાથી અભિનયની દુનિયામાં પ્રવેશ કર્યો હતો. આ સિવાય તે નાનક નામ જહાઝ કા, દિલ હોના ચાહિંદા જવાન જેવી પંજાબી ફિલ્મોમાં જોવા મળી છે.

# શિલ્પા શિંદેને લગ્ન પરથી ભરોસો ઊઠી ગયો!

## એક્ટ્રેસે કહ્યું- પતિ-પત્ની વચ્ચે કોમ્પિટિશન ચાલી રહી છે, એકલી રહી જીવન જીવવા માગું છું

(એજન્સી) મુંબઈ | તા.22

બિગ બોસ સીઝન 11ની વિનર શિલ્પા શિંદેએ તાજેતરમાં એક ઈન્ટરવ્યૂ દરમિયાન ખુલાસો કર્યો હતો કે તે લગ્ન કરવા માગતી નથી અને તે આખી જીંદગી એકલા વિતાવવા માંગે છે. જોકે, તેણે એમ પણ કહ્યું કે જો તેને યોગ્ય વ્યક્તિ મળી જશે તો તે ચોક્કસ લગ્ન કરશે.

એક્ટ્રેસ શિલ્પા શિંદેએ ટેલી ટોકને આપેલા ઈન્ટરવ્યૂ દરમિયાન પોતાના લગ્નના પ્લાન વિશે વાત કરી હતી. એક્ટ્રેસે કહ્યું- મેં મારી જાતને ક્યારેય બ્લોક નથી કરી કે મારે એકલા રહેવું પડશે. મેં વિચાર્યું પણ નહોતું કે મારે કોઈની સાથે લગ્ન કરવા પડશે. જો મને લાગે કે મને યોગ્ય વ્યક્તિ મળી ગઈ છે, તો હું ચોક્કસપણે લગ્ન કરીશ.

શિલ્પા શિંદેએ આગળ કહ્યું- હું એવી છોકરી નથી કે જે લિવિંગ રિલેશનશિપમાં રહીને પણ તેને સંબંધ ન કહે. જો આવો સંબંધ હોય તો તેને કોઈ નામ આપવું જોઈએ, પરંતુ લગ્ન જ સર્વસ્વ છે એવું માનતા નથી. આજકાલ લોકો લગ્નનો અર્થ સમજતા નથી. પતિ-પત્ની વચ્ચે હરીફાઈ શરૂ થઈ ગઈ છે.

લગ્નના બે દિવસ પહેલા લગ્ન ન કરવાનો નિર્ણય કર્યો શિલ્પા શિંદેએ ટીવી એક્ટર રોમિત રાજ સાથે સગાઈ કરી હતી, જો કે



થોડા સમય પછી બંને અલગ થઈ ગયા. શિલ્પા અને રોમિત રાજ સિરિયલ માયકા (2007-2009) દરમિયાન મળ્યા હતા. રોમિત શિલ્પા કરતા ત્રણ વર્ષ નાનો હતો. બંને પ્રેમમાં પડ્યા અને પછી 2009માં બંનેએ લગ્ન કરવાનો નિર્ણય લીધો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બંનેએ 29 નવેમ્બર 2009ના રોજ ગોવામાં લગ્ન કરવાનો નિર્ણય લીધો હતો, પરંતુ લગ્નના બે દિવસ પહેલા જ શિલ્પાએ લગ્ન ન કરવાનો નિર્ણય લીધો હતો.

# ‘લોકો મને આઈટમ ગર્લ સમજતા હતા...’ અભિનેત્રીનું દર્દ છલકાયું



(એજન્સી) મુંબઈ | તા.22

ઉર્મિલા માતોંડકર 90ના દાયકાની ફેમસ એક્ટ્રેસ રહી છે, પોતાના એક્ટિંગ ટેલેન્ટથી તેણે કરોડો દિલ પર રાજ કર્યું છે પરંતુ તેને એક વાતનો અફસોસ હંમેશા રહ્યો છે. ઉર્મિલાએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે ‘મને તે સમયે સેક્સ સાયરન અને આઈટમ ગર્લના નામથી ટેગ કરવામાં આવતી હતી. મારા કામમાં કોન?, ભૂત, એક હસીના થી, પિંજર, રંગીલા, મેંને ગાંધી કો નહીં મારા જેવી ફિલ્મો સામેલ છે પરંતુ તેમ છતાં મને આઈટમ ગર્લ કે સેક્સ સાયરન તરીકે જ જોવામાં આવી. રંગીલા પણ એક કોમન યુવતી વિશે છે, જે મોટા સ્વપ્નો જુએ છે. તમે તેની જે સેક્સી ઈમેજ જુઓ છો, તે તેની સ્ક્રીન ઈમેજ કે કોઈ પાત્રની કલ્પના છે. મને ખુશી છે કે આજે મીડિયામાં મહિલાઓ વિશે ઊંડી સમજ અને અલગ દ્રષ્ટિકોણ છે. નહીંતર ત્યારે મારા કાર્યને અવગણીને ટેગ કરવામાં આવતું હતું.

# ‘ભૂલ ભુલૈયા’ની સિક્વલમાંથી મને કાઢી મૂકવામાં આવ્યો હતો...’

(એજન્સી) મુંબઈ | તા.22

અક્ષય કુમાર આ દિવસોમાં ફિલ્મ ‘સ્કાય ફોર્સ’ને લઈને ચર્ચામાં છે. દરમિયાન, એક ઈન્ટરવ્યૂમાં, તેણે ખુલાસો કર્યો કે તે ફિલ્મ ‘ભૂલ ભુલૈયા’ની સિક્વલનો ભાગ કેમ ન બન્યો. તેણે કહ્યું કે તેને ફિલ્મમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો.

પિંકવિલા સાથેની વાતચીત દરમિયાન, એક ચાહકે અક્ષય કુમારને કહ્યું કે તેણે ‘ભૂલ ભુલૈયા 2’ અને ‘ભૂલ ભુલૈયા 3’ માત્ર એટલા માટે જોઈ નથી કારણ કે તમે (અક્ષય કુમાર) ફિલ્મમાં ન હતા. તેના જવાબમાં અભિનેતાએ કહ્યું, ‘દીકરા, મને કાઢી મૂકવામાં આવ્યો હતો. બસ એટલું જ.’

આ સિવાય ફિલ્મ ‘હેરા ફેરી 3’ વિશે વાત કરતા અક્ષય કુમારે કહ્યું, ‘હું પણ હેરા ફેરી 3’ શરૂ થવાની રાહ જોઈ રહ્યો છું. મને ખબર નથી, પરંતુ જો બધું બરાબર રહ્યું તો આ વર્ષે ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ શકે છે. અક્ષયે આગળ કહ્યું, ‘જ્યારે અમે ‘હેરાફેરી’ શરૂ



કરી ત્યારે અમને ખબર નહોતી કે તે આટલી લોકપ્રિય થઈ જશે. જ્યારે મેં ફિલ્મ જોઈ ત્યારે મને સમજણ પણ ન પડી. હા, તે મજેદાર હતી. પરંતુ બાબુ ભૈયા, રાજુ અને શ્યામના પાત્રો આટલાં લોકપ્રિય થશે એવું અમારામાંથી કોઈએ વિચાર્યું ન હતું.

‘સ્કાય ફોર્સ’ 24 જાન્યુઆરીએ રિલીઝ થશે આ દિવસોમાં અક્ષય કુમાર તેની ફિલ્મ ‘સ્કાય ફોર્સ’ના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ ફિલ્મ 24 જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થશે. તેનું નિર્દેશન સંદીપ કેલવાણી અને અભિષેક કપૂરે કર્યું છે. આ ફિલ્મમાં 1965ના ભારત-પાકિસ્તાન યુદ્ધની વાસ્તવિક વાર્તા દર્શાવવામાં આવી છે. અક્ષય કુમાર અને વીર પહાડિયા ઉપરાંત આ ફિલ્મમાં સારા અલી ખાન અને નિમરત કૌર પણ છે. ‘સ્કાય ફોર્સ’ ઉપરાંત, અક્ષય કુમાર ‘જોલી એલએલબી 3’, ‘હાઉસફુલ 5’ અને ‘વેલકમ ટુ ધ જંગલ’માં પણ જોવા મળશે. હાલમાં અક્ષય હોરર કોમેડી ફિલ્મ ‘ભૂત બંગલા’નું શૂટિંગ પણ કરી રહ્યો છે.

# પ્રિયંકાએ બાલાજી મંદિરની લીધી મુલાકાત

(એજન્સી) મુંબઈ | તા.22

ઈન્ટરનેશનલ સ્ટાર બની ગયેલી પ્રિયંકા ચોપરા છેલ્લા કેટલાક દિવસોથી ભારતમાં છે. હાલમાં જ પ્રિયંકા ચોપરા હૈદરાબાદ પહોંચી હતી, જ્યાં તેણે ચિલકુરના શ્રી બાલાજી મંદિરની મુલાકાત લીધી હતી. પ્રિયંકાએ તેની નવી સફર શરૂ કરવા માટે ભગવાનના આશીર્વાદ લીધા છે. પ્રિયંકા ચોપરાએ શ્રી બાલાજી મંદિરની મુલાકાતની કેટલીક તસવીરો શેર કરી છે- તસવીરો શેર કરતી વખતે પ્રિયંકાએ લખ્યું છે - શ્રી બાલાજીના આશીર્વાદ સાથે હું એક નવો અધ્યાય શરૂ કરી રહી છું. આપણા દિલમાં શાંતિ અને આપણી આસપાસ સમૃદ્ધિ રહે. ભગવાનની કૃપા અનંત રહે. ઓમ નમઃ નારાયણ. પ્રિયંકા ચોપરા લાંબા સમયથી ભારતીય સિનેમામાં કમબેકની રાહ જોઈ રહી હતી. દરમિયાન, એક્ટ્રેસ ડિસેમ્બર 2024માં એસએસ રાજામૌલીની આગામી તેલુગુ ફિલ્મ સાઈન કરી છે. આ ફિલ્મ આફ્રિકન જંગલ એડવેન્ચર પર આધારિત હશે, જોકે તેનું ટાઈટલ હજુ નક્કી કરવામાં આવ્યું નથી. આ ફિલ્મમાં પ્રિયંકા સાથે



મહેશ બાબુ એક સંશોધકની ભૂમિકામાં જોવા મળશે. પિંકવિલાના તાજેતરના અહેવાલ મુજબ, બાહુબલી અને RRRની સફળતા પછી, એસએસ રાજામૌલી એક એપિક ફિલ્મ બનાવી રહ્યા છે. નિર્માતાઓએ ફિલ્મની સ્ક્રિપ્ટ તૈયાર કરી લીધી છે. પ્રિયંકા ચોપરા આ ફિલ્મનું શૂટિંગ એપ્રિલ 2025થી શરૂ કરશે, જ્યારે મહેશ બાબુ સાથેની ફિલ્મનું શૂટિંગ 2026માં થશે. ભારત ઉપરાંત આ ફિલ્મનું શૂટિંગ અમેરિકા અને આફ્રિકાના જંગલોમાં પણ થવાનું છે. આ ફિલ્મ 2027માં રિલીઝ થવાની છે. આ તેલુગુ ફિલ્મ સમગ્ર ભારતમાં બનવા જઈ રહી છે, જે હિન્દી, તમિલ, મલયાલમ અને કન્નડ ભાષાઓમાં પણ રિલીઝ થશે. આ ફિલ્મ માટે, એસએસ રાજામૌલી એવી અભિનેત્રીની શોધમાં હતા જે વૈશ્વિક સ્તરે ઓળખાય. છેલ્લા 5-6 મહિનામાં તે ઘણી વખત પ્રિયંકાને મળ્યો અને તેનું નામ ફાઈનલ કર્યું. આ ફિલ્મને વૈશ્વિક સ્તરે લઈ જવા માટે ડિઝની અને સોની પિક્ચર્સ જેવા મોટા સ્ટુડિયો સાથે વાતચીત ચાલી રહી છે. પ્રિયંકા ચોપરા વિશે વાત કરીએ.

# ‘ગેમ ચેન્જર’ અને ‘પુષ્પા-2’ના પ્રોડ્યૂસરોના ઘરે ITની રેડ...

(એજન્સી) મુંબઈ | તા.22

ઈન્કમટેક્સે તાજેતરમાં રામ ચરણ અને કિયારા અડવાણી સ્ટારર ફિલ્મ ‘ગેમ ચેન્જર’ના પ્રોડ્યૂસર દિલ રાજુના હૈદરાબાદના ઘર પર દરોડા પાડ્યા છે. પ્રોડ્યૂસરની સાથે તેની પુત્રી અને 8 સંબંધીઓના ઘરે પણ દરોડા પાડવામાં આવ્યા હતા.

અહેવાલો અનુસાર, તેલંગણા આવકવેરા વિભાગે કરચોરીના આરોપમાં દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી મંગળવારે સવારે હૈદરાબાદમાં દિલ રાજુના ઘરે થઈ હતી. પ્રોડ્યૂસરના અન્ય સ્થળો પર પણ તપાસ ચાલી રહી છે. દિલ રાજુની પુત્રી હંસીતા રેડ્ડી અને તેના બિઝનેસ પાર્ટનર અને પ્રોડ્યૂસર સિરીશ સહિત 8 સંબંધીઓની પણ તપાસ ચાલી રહી છે.

આ સાથે, પુષ્પા 2: ધ રૂલની પ્રોડક્શન કંપની મૈત્રી મૂવી મેકર્સની જગ્યાઓ પર પણ તપાસ કરવામાં આવી રહ્યું છે. આ પ્રોડક્શન હાઉસના પ્રોડ્યૂસર નવીન યેર્નેની, યાલામંચીલી રવિશંકર અને સીઈઓ ચેરીની પણ તપાસ ચાલી રહી છે. હાલમાં દરોડા પાડવાનું કારણ બહાર આવ્યું નથી.

મીડિયા રિપોર્ટ્સમાં વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ઓપરેશન માટે 55 ટીમો બનાવવામાં આવી છે, જે 8 સ્થળોએ દરોડા પાડી રહી છે. દિલ રાજુએ તાજેતરમાં રામ ચરણ અને કિયારા અડવાણી સ્ટારર ફિલ્મ ગેમ ચેન્જરનું નિર્માણ કર્યું છે, જેનું બજેટ રૂ. 450 કરોડ છે. આ ઉપરાંત, તે 14 જાન્યુઆરીએ રિલીઝ થયેલી સાંકૃતિકી વાસ્તુનમના પ્રોડ્યૂસર પણ છે.

# સૈફના ઘરે પહોંચી પોલીસ

## એક્ટરે હોસ્પિટલ લઈ જનારા ઓટો ડ્રાઈવર સાથે મુલાકાત કરી, માતા શર્મિલાએ માન્યો આભાર...

મુંબઈ | હુમલાના છ દિવસ પછી, બાંદ્રા પોલીસ સૈફ અલી ખાનનું નિવેદન નોંધવા માટે તેના ઘરે પહોંચી છે. 21 જાન્યુઆરીએ હોસ્પિટલમાંથી રજા મળ્યા પછી, એક્ટર હોસ્પિટલ લઈ જનારા ઓટો ડ્રાઈવર ભજન સિંહને મળ્યો અને તેમનો આભાર માન્યો. સૈફની માતા શર્મિલાએ પણ સમયસર હોસ્પિટલ પહોંચવા બદલ તેનો આભાર માન્યો.

મંગળવારે એક્ટરને રજા આપવામાં આવી અને તે ઘરે પરત ફર્યો. મુંબઈ પોલીસે 19 જાન્યુઆરીના રોજ મોડી રાત્રે આરોપી શરીફુલની ધરપકડ કરી હતી. આ કેસની તપાસ હવે સુદર્શન ગાયકવાડને બદલે અજય લિંગાનુરકરને સોંપવામાં આવી છે. IO દૂર કરવાનું કારણ આપવામાં આવ્યું ન હતું.

એક્ટર સૈફ અલી ખાન પર હુમલાના કેસમાં, મુંબઈ પોલીસે મંગળવારે મોડી રાત્રે ફરીથી ગુનાના દ્રશ્યને ફરીથી બનાવ્યું. પોલીસ આરોપી શરીફુલ ઈસ્લામને સૈફના ઘરથી લગભગ 500 મીટર દૂર લઈ ગઈ. લગભગ 5 મિનિટ અહીં રહ્યા પછી, પોલીસ આરોપીને લઈને પોલીસ સ્ટેશન પરત ફરી. પોલીસે જણાવ્યું હતું કે આરોપી બાથરૂમની બારીમાંથી સૈફના ઘરમાં પ્રવેશ્યો હતો અને હુમલા પછી તે જ બારીમાંથી બહાર આવ્યો હતો. આરોપીની ટોપી સૈફ-કરીનાના દીકરા જેહ ઉર્ફે જહાંગીરના રૂમમાંથી મળી આવી છે. ટોપીમાં મળેલા વાળને ડીએનએ પરીક્ષણ માટે સ્કૂલ ઓફ મેડિસિનમાં મોકલવામાં આવ્યા છે.

સૈફ અલી ખાન પર સંજય નિરુપમે ઉઠાવ્યા સવાલ શિવસેના (શિંદે)ના નેતા સંજય નિરુપમે સૈફ અલી ખાન પર સવાલ ઉઠાવ્યા છે. તેણે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું, ડોક્ટરોએ કહ્યું કે છરી સૈફ અલી ખાનની ગરદનમાં 2.5 ઈંચ અંદર છરી ઘૂસી ગઈ હતી. તે કદાચ અંદર ફસાઈ ગઈ હશે. ઓપરેશન સતત 6 કલાક સુધી ચાલ્યું. આ બધું 16 જાન્યુઆરીએ થયું. હોસ્પિટલમાંથી બહાર નીકળતાંની સાથે જ સૈફ ફિટ થઈ ગયા? માત્ર 5 દિવસમાં? અદભુત!”

શું કોઈ 4 દિવસમાં આટલું સ્વસ્થ થઈ શકે છે? હોસ્પિટલે કહ્યું કે સૈફ લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ પહોંચ્યો હતો. સૈફના તે સીસીટીવી ફૂટેજ ક્યાં છે? શું કોઈ સગીર બાળક તેના પિતાને હોસ્પિટલ લઈ જઈ શકે છે?

તેમના ઘરમાં 8 નોકરો હતા છતાં આટલો મોટો હુમલો કેવી રીતે થયો. પોલીસે 3 દિવસમાં 3 આરોપીની ધરપકડ પણ કરી. પોલીસના વલણથી અમને પણ તકલીફ થાય છે. આરોપી ખરેખર બાંગ્લાદેશી છે કે નહીં? આપણે જોવું પડશે કે કોઈ રમત ચાલી રહી છે કે નહીં?

સૈફ ઘરે પાછા ફર્યા બાદ કોને મળવા માગે છે? સૈફ અલી ખાન ઘરે પાછા ફર્યા છે. કરીના કપૂરે સૈફનું ખૂબ જ ભવ્ય સ્વાગત કર્યું હતું. તો એક્ટરે હોસ્પિટલમાંથી પાછા ફર્યા પછી પોતાના સ્ટાફને મળવાની ઈચ્છા પણ વ્યક્ત કરી. ઈન્ડિયા ટુડેના અહેવાલ અનુસાર, સૈફ અલી ખાન એલિયામ્મા ફિલિપને પર્સનલી મળવા માગે છે. તે એલિયામ્મા ફિલિપનો આભાર માનવા માગે છે. તેની બહાદુરી માટે તેનું સન્માન કરવા માગે છે. જ્યારે હુમલાખોર સૈફ પર છરી વડે હુમલો કરી રહ્યો હતો, ત્યારે એલિયામ્મા ફિલિપ બંનેની વચ્ચે આવી. આવી સ્થિતિમાં તે પણ સૈફની સાથે ઘાયલ થઈ ગઈ, ત્યાર બાદ કરીનાએ તેની સારવાર કરાવી અને તેને રેસ્ટ કરવા માટેની રજા આપી..

# સૈફને 5 દિવસ બાદ લીલાવતી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી

સૈફ અલી ખાનને હુમલાના 5 દિવસ બાદ મંગળવારે લીલાવતી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. 15મી જાન્યુઆરીના રોજ બપોરે 2.30 વાગ્યાની આસપાસ તેના પર છરીથી હુમલો કરવામાં આવ્યો હતો. સૈફને ગરદન અને કરોડરજ્જુમાં ગંભીર ઈજા થઈ હતી. આ પછી સૈફ ઓટો દ્વારા લીલાવતી હોસ્પિટલ પહોંચ્યો, જ્યાં તેની સર્જરી અને સારવાર થઈ.

સૈફ અલી ખાનને લીલાવતી હોસ્પિટલથી ઘરે પહોંચવામાં લગભગ 15 મિનિટનો સમય લાગ્યો હતો. આ દરમિયાન તે રસ્તા પર લોકોને હસતાં હસતાં અભિવાદન કરતો જોવા મળ્યો હતો.

જ્યારે તે ઘરે પહોંચ્યો ત્યારે તે પોતે કારમાંથી નીચે ઊતરીને બિલ્ડિંગની અંદર ગયો હતો. સૈફે સફેદ શર્ટ, બ્લુ જીન્સ અને કાળા ચશ્માં પહેરેલાં હતાં. તેની પીઠ પર પાટો દેખાતો હતો.

તેમના ઘરની બહાર ભારે સુરક્ષા વ્યવસ્થા છે. બેરિકેડિંગ કરવામાં આવ્યું છે. સૈફ હવે સતગુરુ શરણ એપાર્ટમેન્ટમાં નહીં રહે જ્યાં તેના પર હુમલો થયો હતો. નજીકના ફોર્ચ્યુન હાઈટ્સ બિલ્ડિંગમાં તેમનો સામાન ખસેડવામાં આવ્યો છે, આ અભિનેતાની ઓફિસ છે.



# આ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરો, ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમ (જી.ઓ.એ.ટી) ના વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર સાથે પ્રસારિત થશે, 26મી જાન્યુઆરીના રોજ...!

મુંબઈ | જીઓએટીની સાથે એક જોરદાર અને થ્રિલિંગ અનુભવ માટે તૈયાર થઈ જાઓ, જ્યાં એક્શન, નાટક અને શક્તિશાળી ક્ષણો એક જૂટ થઈને એક ‘સિનેમા’ સ્ટાઈલમાં સામે આવશે. આ પ્રજાસત્તાક દિને, રવિવાર 26મી જાન્યુઆરી બપોરે 12 વાગે અને સાંજે 8 વાગે જૂઓ ‘ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમ’ના વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર સાથે એક રોમાંચક સિનેમેટિક અનુભવ માટે તૈયાર રહો. પાવરહાઉસ પર્ફોર્મર થલાપતિ વિજય અને બહિર્વિધ પ્રતિભાશાળી પ્રભુદેવા અભિનિત આ ફિલ્મ આકર્ષક વણાંકો અને અવિસ્મરણિય દ્રશ્યોથી ભરપૂર છે, જે રાષ્ટ્રને બચાવવાના મિશન પર છે!

હરિફાઈ અને મહાનતાની એક જોરદાર વાર્તા, આ ફિલ્મમાં કૌટુંબિક ભાવના, દેશભક્તિ, એક્શન, ભાવના, રમૂજ અને વિજયના ટ્રેડમાર્ક જાદુનું સંયોજન છે! અણધાર્યા વણાંકો તથા ડિરેક્ટર વેંકટ પ્રભુને શ્રદ્ધાંજલીથી ભરપૂર, આપણે વિજયને એક જોરદાર હીરો તરીકે પાવરહાઉસ પર્ફોર્મન્સ આપવાની સાથોસાથ તથા પ્રભુદેવાને તેમની યોગ્ય શૈલી ઉમેરતા જોઈએ છીએ, જે દરેક દ્રશ્યને યાદગાર બનાવે છે. આ ફિલ્મ ફક્ત એક વાર્તા નથી, તે એક અનુભવ છે અને જ્યારે રાષ્ટ્રને લગતા કોઈપણ પડકારનો સામનો કરવાની વાત આવે તો, જીઓએટી તેના માટે તૈયાર છે!

પ્રભુદેવા કહે છે, “આ ફિલ્મનો ભાગ બનવું એ ખૂબ જ ઉત્સાહિત છે. તો આ એક એવી ફિલ્મ છે, જે સીમાડાઓથી પાર છે, તેમાં જોરદાર એક્શન છે, કેમકે એવી ક્ષણો છે, જે તમને વિચારવા પણ મજબૂર કરે છે. તો ઝી સિનેમાના દર્શકો સમક્ષ તેને રજૂ કરવા હું ખૂબ જ ઉત્સાહિત છું.”ડિરેક્ટર વેંકટ પ્રભુ કહે




છે, “જોરદાર એક્શન, આકર્ષક વાર્તા, દ્રશ્યો તથા મારા કેટલાક પ્રિય કલાકારો સહિત જીઓએટી એ ફિલ્મ નિર્માણમાં મને જે ગમે તે બધું જ છે. વિજય ફરી એકવાર કંઈક અલગ લઈને આવ્યો છે. આ ફક્ત સારા અન ખરાબ વચ્ચેના મુકાબલાની વાત નથી, તેના માટે તમે કેટલે જઈ શકો છો, તેની વાત છે. વિજય અને પ્રભુદેવાની એનર્જી અને પ્રતિભા જે લઈને આવ્યું છે તે કંઈક અલગ જ છે, તો આગળ શું થશે તે ઝી સિનેમાના દર્શકોને દર્શાવવા માટે આતુર છું.”

પ્રશાંત થીઆગરાજન કહે છે, “ધ ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમનો ભાગ બનવાની સફર એક અદ્દભુત સરફ રહી છે અને હું ભારતભરના દર્શકોને ઝી સિનેમા પર તેનો અનુભવ કરાવવા માટે ઉત્સાહિત છું. આ ફિલ્મ એક ઉચ્ચ-કક્ષાની એક્શનથી ભરપૂર માસ મનોરંજક ફિલ્મ છે અને અમને ખાતરી છે કે, દર્શકો પણ તેના વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર દરમિયાન આ અનુભવને માણી શકશે.”

જ્યારે એક માણસનો ભૂતકાળ સામે આવે અને તે જે જીવન પાછું છોડીને આવ્યો છે, તે જીવનમાં પરત ફરવા દબાણ થઈ રહ્યું છે. તે પણ જે ઓપરેશન કર્યું હતું તેના સફળ વર્ષો બાદ, એક ચુનંદા એજન્ટ નિવૃત થયા છે અને શાંત, સામાન્ય જીવનની પસંદગી કરે છે. જો કે, ભૂતકાળનું એક મિશન તેની સામે પાછું આવે છે અને દેશ માટે ભયંકર આપત્તિને રોકવા માટે ટીમ સાથે તે ફરીથી જોડાય છે, જેમ-જેમ ભાગ્ય એકબીજા સાથે જોડાય તેમ-તેમ તેની કસોટી થાય છે અને મહાનતાનો સાચો અર્થ સામે આવે છે. આ પ્રજાસત્તાક દિને ધ ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમ (જી.ઓ.એ.ટી.)નું વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર જોવાનું ચુકશો નહીં આ રવિવાર, 26મી જાન્યુઆરી બપોરે 12 વાગે અને સાંજે 8 વાગે ફક્ત ઝી સિનેમા પર!

# રોહિત શર્મા કરશે કેપ્ટન્સી દિગ્ગજો સંભાળી ચુકયા છે કમાન

મુંબઈ |રોહિત શર્મા ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં પહેલી વખત ભારતીય ટીમનું નેતૃત્વ કરતો આગામી સમયમાં જોવા મળશે. તેની પાસે વધુ એક ICC ટાઈટલ જીતવાની તક હશે. ટીમ ઈન્ડિયા 20 ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે પોતાની પહેલી મેચ રમશે રોહિત શર્મા વધુ એક ICC ટૂર્નામેન્ટમાં ભારતીય ટીમનું નેતૃત્વ કરતો જોવા મળશે જોકે, રોહિત શર્માએ મોટી ટુર્નામેન્ટમાં કેપ્ટનશીપ કરી છે અને તેની પાસે પુષ્કળ અનુભવ પણ છે. પરંતુ ચેમ્પિયન્સ ટ્રોફીમાં તેને પહેલી વાર આ તક મળી છે. રોહિત શર્માએ ગયા વર્ષે T20 વર્લ્ડ કપમાં ભારતીય ટીમને વિજય અપાવ્યો હતો, હવે તેની પાસે બીજી ICC ટ્રોફી ભારતમાં લાવવાની તક છે. રોહિત શર્મા પહેલા પાંચ કેપ્ટનોએ ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં કેપ્ટનશીપ કરી ચુક્યા છે. તેના રેકોર્ડ પર એક નજર કરીએ. સૌરવ ગાંગુલીએ ચેમ્પિયન્સ ટ્રોફીમાં સૌથી વધુ મેચોમાં ભારતનું નેતૃત્વ કર્યું છે. તેમની કેપ્ટનશીપ હેઠળ ભારતીય ટીમ સંયુક્ત ચેમ્પિયન બની હતી. સૌરવ ગાંગુલીએ 2000 થી 2004 સુધી 11 મેચોમાં ભારતીય ટીમનું નેતૃત્વ કર્યું હતું અને 7 ચેમ્પિયન્સ ટ્રોફી મેચ જીતી હતી જ્યારે બેમાં તેમને હારનો સામનો કરવો પડ્યો હતો. બે મેચ એવી હતી જેના પરિણામનો નિર્ણય થઈ શક્યો ન હતો.એમએસ ધોનીની ગણતરી ભારતના તે કેપ્ટનોમાં થાય છે જેમણે આઈસીસી ટ્રોફી જીતી છે. તે 2009 થી લઈ 2013 સુધી ચેમ્પિયન્સ ટ્રોફીમાં કેપ્ટન હતો. આ સમયગાળા દરમિયાન, તેમણે આઠ મેચમાં કમાન સંભાળી અને છ જીતવામાં સફળ પણ રહ્યા. તેમની કેપ્ટનશીપ હેઠળ તેઓ ફક્ત એક જ મેચ હારી ગયા છે. . 2006ની ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતીય ટીમનું નેતૃત્વ રાહુલ દ્રવિડે કર્યું હતું. પછી તેમની કેપ્ટનશીપમાં ભારત ત્રણ મેચ રમ્યું અને ફક્ત એક જ મેચ જીતી શક્યું હતું બાકીની બે મેચમાં હારનો સામનો કરવો પડ્યો. જો આપણે પહેલી ચેમ્પિયન્સ ટ્રોફીની વાત કરીએ, જ્યારે તેનું ઉદ્ઘાટન વર્ષ 1998 માં થયું હતું, ત્યારે ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન મોહમ્મદ અઝહરુદ્દીન હતા.

# Ab De Villiers વિરાટનો ખાસ દોસ્ત મેદાનમાં કરશે વાપસી !



મુંબઈ |સાઉથ આફ્રિકાના પૂર્વ કેપ્ટન એબી ડી વિલિયર્સે ક્રિકેટ મેદાનમાં વાપસીને લઈને મોટો સંકેત આપ્યો છે. તેની આ વાતથી તેના પ્રશંસકો ખૂબ જ ખુશ છે. 2018માં તેની છેલ્લી ઈન્ટરનેશનલ મેચ અને 2021માં તેની છેલ્લી આઈપીએલ મેચ રમનાર આ વિસ્ફોટક બેટ્સમેને સ્પષ્ટપણે કહ્યું કે તે સામાન્ય ક્રિકેટ રમવા માંગે છે. તેણે એ પણ સ્પષ્ટ કર્યું છે કે તે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર કે આઈપીએલમાં વાપસીનો વિચાર નથી કરી રહ્યો.

**'મિસ્ટર 360'ના નામથી જાણીતા ડી વિલિયર્સ |** ‘રનિંગ બિટવીન ધ વિકેટ્સ’ને આપેલા ઈન્ટરવ્યુમાં ડી વિલિયર્સે કહ્યું કે તે ફરી એકવાર ક્રિકેટ રમવાનું શરૂ કરી શકે છે. તેણે કહ્યું કે આ તેના બાળકોના દબાણને કારણે થયું છે. તેણે જાહેર કર્યું કે જો તે કામ કરે તો તે પ્રયાસ કરવા તૈયાર છે. તેણે આગળ કહ્યું, ’હું એક દિવસ ક્રિકેટ રમી શકું છું, પરંતુ હજુ સુધી તેની પુષ્ટિ થઈ નથી. હું ક્યાંક બહાર જઈશ અને સામાન્ય ક્રિકેટ રમીશ. હું ફરી પ્રયાસ કરવા જઈ રહ્યો છું. જોકે આ કોઈ ગંભીર બાબત નથી. હું આરસીબી કે આઈપીએલની વાત નથી કરી રહ્યો.

**ડી વિલિયર્સ ઘણી લીગમાં રમી ચૂક્યો છે |** ’મિસ્ટર 360’ના નામથી જાણીતા ડી વિલિયર્સ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અને T-20 લીગમાં બોલરો માટે દુ:સ્વપ્ન હતા. તે ચોક્કસપણે RCBના શ્રેષ્ઠ બેટ્સમેનોમાંનો એક હતો અને આજે પણ આ ટીમના ચાહકો તેને પસંદ કરે છે. આરસીબીના ખેલાડીઓ વચ્ચેના તાલમેલને કારણે ચાહકો પણ તેને પસંદ કરતા હતા. બીબીએલ, પીએસએલ, બીપીએલ, સીપીએલ અને અન્ય લીગમાં રમ્યા બાદ ડી વિલિયર્સ હાલમાં કેઝ્યુઅલ ક્રિકેટ રમવા માંગે છે. આનો અર્થ કદાચ લિજેન્ડ્સ લીગ ક્રિકેટ અથવા વિશ્વભરમાં ઘણી જગ્યાએ શરૂ થતી સમાન લીગમાં ભાગ લેવાનો હોઈ શકે છે.

# ભારતની પ્લેઈંગ ઈલેવનમાં મોટા ફેરફારની શક્યતા

(એજન્સી) મુંબઈ | તા 22

સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા બુધવારે કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં બે વખત ઈંગ્લેન્ડ સામે ટકરાશે. આ મેચ સાંજે સાત વાગ્યે શરૂ થવા જઈ રહી છે અને બધા તેની રાહ જોઈ રહ્યા છે. આ મહત્વપૂર્ણ મેચમાં ટીમ ઈન્ડિયા કેવા પ્રકારની રણનીતિ લઈને આવે છે તેના પર તમામની નજર રહેશે. ભારતે ટી20 શ્રેણી માટે યુવા ખેલાડીઓને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે ચેમ્પિયન્સ ટ્રોફી 2025ના કારણે ઘણા મુખ્ય ખેલાડીઓ ટીમની બહાર છે.



## આ ખેલાડી ડેબ્યૂ કરી શકે છે

21 વર્ષના યુવા ઓલરાઉન્ડર હર્ષિત રાણાને પણ આ ટીમમાં ડેબ્યૂ કરવાની તક મળી શકે છે, જેણે ગયા વર્ષે IPLમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. મેચ પહેલા પ્રેસ કોન્ફરન્સમાં સુકાની સૂર્યકુમાર યાદવે પોતે કહ્યું કે કોલકાતામાં સાંજના ઝાકળને ધ્યાનમાં રાખીને તેણે મેચની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભારતીય કેપ્ટને કહ્યું, ’જો અમને ખબર છે કે ભારે ઝાકળ પડશે તો તમે ભીના બોલથી તૈયારી શરૂ કરી દો. તમે પ્રેક્ટિસ સેશન દરમિયાન ભીના બોલથી બોલિંગ શરૂ કરો છો. તમે ભીના બોલ સાથે મેદાનમાં ઉતરો છો. તો આ એવી વસ્તુઓ છે જે તમારા નિયંત્રણમાં છે.

## ભારત બે સ્પિનરોને મેદાનમાં ઉતારી શકે છે

કોલકાતામાં હવામાનની સ્થિતિને ધ્યાનમાં રાખીને, ભારત ઈંગ્લેન્ડ સામેની આ મેચમાં માત્ર બે સ્પિનરોને મેદાનમાં ઉતારી શકે છે, કારણ કે સાંજે ઝાકળને કારણે મેચ પ્રભાવિત થવાની સંભાવના છે. વાઈસ-કેપ્ટન અક્ષર પટેલ અને વરુણ ચક્રવર્તી બે સ્પિનરો હશે. આવી સ્થિતિમાં વોશિંગ્ટન સુંદર પોતાનું સ્થાન ગુમાવી શકે છે.

**મોહમ્મદ શમીનું રમવાનું નિશ્ચિત |** સૂર્યકુમાર યાદવે પણ લગભગ પુષ્ટિ કરી દીધી છે કે મોહમ્મદ શમી ઈંગ્લેન્ડ સામેની પ્રથમ T20 મેચ માટે પ્લેઈંગ ઈલેવનનો ભાગ હશે. શમી ઓડીઆઈ વર્લ્ડ કપ 2023ની ફાઈનલ બાદ પ્રથમ વખત ભારત તરફથી રમશે. શમી વિશે સૂર્યાએ કહ્યું, ’તમારી ટીમમાં અનુભવી બોલર હોવું હંમેશા સારું છે અને તે એક વર્ષથી વધુ સમય બાદ વાપસી કરી રહ્યો છે. હું તેને જોવા માટે ખરેખર ઉત્સાહિત છું. મેં તેની યાત્રા જોઈ છે. કેવી રીતે તેણે નેશનલ ક્રિકેટ એકેડમી (NCA)માં તેની બોલિંગ અને રિકવરી પર ધ્યાન કેન્દ્રિત કર્યું. તેને મેદાન પર જોઈને આનંદ થયો. તેણે સારી બોલિંગ કરી છે. પ્રથમ મેચ માટે ભારતની પ્લેઈંગ ઈલેવન આ રીતે હોઈ શકે છે - સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), સંજુ સેમસન (વિકેટકીપર), અભિષેક શર્મા, તિલક વર્મા, હાર્દિક પંડ્યા, વોશિંગ્ટન સુંદર, હર્ષિત રાણા, અક્ષર પટેલ, અર્શદીપ સિંહ, મોહમ્મદ શમી, વરુણ. ચક્રવર્તી.

# વૈષ્ણવી શર્માએ અંડર-19 વર્લ્ડ કપમાં રચ્યો ઈતિહાસ

(એજન્સી) મુંબઈ | તા 22

વૈષ્ણવી શર્માની હેટ્રિક અને 5 વિકેટની મદદથી ભારતે મંગળવારે ICC અંડર-19 મહિલા T20 વર્લ્ડ કપમાં મલેશિયાને 10 વિકેટથી હરાવ્યું. ગ્વાલિયરની વૈષ્ણવીએ આ સાથે ઈતિહાસ રચ્યો છે. તેણે ICC અંડર-19 મહિલા વર્લ્ડ કપમાં અત્યાર સુધીની સર્વશ્રેષ્ઠ બોલિંગ કરી હતી. તેણે માત્ર 5 રન આપીને 5 વિકેટ લીધી હતી. ડાબોડી સ્પિનર વૈષ્ણવી શર્માની હેટ્રિક અને 5 વિકેટની મદદથી ભારતે મંગળવારે ICC અંડર-19 મહિલા T20 વર્લ્ડ કપમાં મલેશિયાને 10 વિકેટથી હરાવ્યું. ગ્વાલિયરની વૈષ્ણવીએ આ સાથે ઈતિહાસ રચ્યો છે. તેણે ICC અંડર-19 મહિલા વર્લ્ડ કપમાં અત્યાર સુધીની સર્વશ્રેષ્ઠ બોલિંગ કરી હતી. તેણે માત્ર 5 રન આપીને 5 વિકેટ લીધી હતી. આ મેચ આજે (21 જાન્યુઆરી) કુઆલાલંપુરના બ્યુમાસ ઓવલ મેદાન પર રમાઈ હતી. જ્યાં ભારતીય ટીમ દ્વારા શાનદાર બોલિંગ કરવામાં આવી હતી. વૈષ્ણવીને તેના શાનદાર પ્રદર્શન માટે પ્લેયર ઓફ ધ મેચનો ખિતાબ આપવામાં આવ્યો હતો. આ સાથે વૈષ્ણવીએ આ વર્લ્ડ કપમાં તેની પ્રથમ હેટ્રિક પણ નોંધાવી હતી. પ્રથમ બોલિંગ કરવાનું



પસંદ કરતા ભારતે મલેશિયાને 14.3 ઓવરમાં 31 રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. વૈષ્ણવીએ 5 રનમાં 5 વિકેટ, આયુષી શર્માએ 8 રનમાં 3 વિકેટ અને જોશિતા વીજેએ 5 રનમાં એક વિકેટ લીધી હતી. ભારતે માત્ર 2.5 ઓવરમાં ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. ગોંગડી ત્રિશાએ 27 રન બનાવ્યા અને શાનદાર જીત નોંધાવી. આ સાથે ભારત ગ્રુપ Aમાં ટોપ પર યથાવત છે. તેણે અત્યાર સુધીમાં 2 મેચ રમી છે અને બંનેમાં જીત મેળવી છે. હવે ભારતીય ટીમનો આગામી મુકાબલો 23 જાન્યુઆરીએ શ્રીલંકા સામે થશે. શ્રીલંકાના પણ 4 પોઈન્ટ છે, પરંતુ ભારતની રન એવરેજ (પ્લસ 9.1) શ્રીલંકા (પ્લસ 5.5) કરતા સારી છે.

# જોકોવિચ 50મી ગ્રાન્ડસ્લેમ સેમિફાઈનલમાં પહોંચ્યા

(એજન્સી) મુંબઈ | તા 22

સર્બિયાના 37 વર્ષીય ટેનિસ સ્ટાર નોવાક જોકોવિચે ઓસ્ટ્રેલિયન ઓપન મેન્સ સિંગલ્સમાં 21 વર્ષીય યુવા ખેલાડી કાર્લોસ અલ્કારાઝને હરાવીને કારકિર્દીમાં ઓવરઓલ 50મી ગ્રાન્ડસ્લેમ સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. વિક્રમી 25મા ગ્રાન્ડસ્લેમ તરફ આગેકૂચ કરી રહેલા જોકોવિચે મેલબોર્ન પાર્ક ખાતે કુલ 300 સેટ્સ રમવાની સિદ્ધિ પણ મેળવી હતી. મેન્સની ક્વાર્ટર ફાઈનલમાં જોકોવિચે પ્રથમ સેટ ગુમાવ્યા બાદ ત્રણ કલાક 37 મિનિટ સુધી સંઘર્ષ કર્યા બાદ અલ્કારાઝને 4-6, 6-4, 6-3, 6-4થી હરાવ્યો હતો. આ સાથે જોકોવિચે ઓસ્ટ્રેલિયન ઓપનમાં 12મી વખત અંતિમ-4માં પણ પ્રવેશ કર્યો છે. જોકોવિચે બંને વચ્ચેનો રેકોર્ડ પાંચ વિજય અને ત્રણ પરાજયનો કર્યો છે. જોકોવિચનો આગામી મુકાબલો બીજા ક્રમાંકિત એલેકઝાન્ડર ઝેવરેવ સામે થશે જેણે ટોમી પોલને 7-6 (1), 7-6 (0), 2-6, 6-1થી હરાવીને નવમી વખત ગ્રાન્ડસ્લેમની સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. જર્મન ખેલાડી ઝેવરેવ સામે જોકોવિચનો રેકોર્ડ 8-4નો અને ગ્રાન્ડસ્લેમમાં 3-0નો છે. બંને છેલ્લે મેલબોર્ન ખાતે 2021ની ક્વાર્ટર ફાઈનલમાં આમનેસામને થયા હતા જેમાં જોકોવિચે ચાર સેટનો મુકાબલો જીત્યો હતો.

# સીરિઝમાં તુટી શકે છે મોટો રેકોર્ડ સૂર્ય-અર્શદીપ પાસે ઈતિહાસ રચવાની તક

(એજન્સી) મુંબઈ | તા 22

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે T20I સીરિઝ આજે 22 જાન્યુઆરીથી શરુ થવા જઈ રહી છે. જેની પ્રથમ મેચ કોલકત્તાના ઈડન ગાર્ડન સ્ટેડિયમમાં રમાશે. આ મેચને લઈ બંન્ને ટીમે પોતાની તૈયારીઓમાં લાગી ચૂકી છે. બંન્ને ટીમ વચ્ચે T20I સીરિઝમાં કુલ 5 મેચ રમાશે. જેમાં કેટલાક મોટા રેકોર્ડ તુટી શકે છે. તેમજ નવા રેકોર્ડ બનવાની શકયતા છે. તો ચાલો જાણીએ કે, ટી20 સીરિઝ દરમિયાન ક્યા ક્યા ખેલાડીઓ નવો ઈતિહાસ રચી શકે છે. ભારતીય ફાસ્ટ



બોલર અર્શદીપ સિંહે ટીમ ઈન્ડિયા માટે 60 ટી20 ઈનિંગ્સમાં 95 વિકેટ લીધી છે. જો આ ફાસ્ટ બોલર પોતાને નામ હજુ 2 વિકેટ લે છે, તો તે યુઝવેન્દ્ર ચહલને પાછળ છોડી T20 ક્રિકેટના ઈતિહાસમાં સૌથી વધારે વિકેટ લેનારો ભારતીય બોલર બની જશે. આ સિવાય અર્શદીપ સિંહ 100 T20 વિકેટ લેનાર સૌથી ફાસ્ટ બોલર બનવા પર ચાહકોની નજર છે. અત્યારસુધી કોઈ પણ ભારતીય બોલર 100 વિકેટ લઈ શક્યો નથી. હવે અર્શદીપ પાસે આ કીર્તિમાન રચવાની તક છે. ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને ઈંગ્લેન્ડના જોસ બટલર બંન્ને પોતાના ટી20 ઈન્ટરનેશનલ કરિયરમાં ક્રમશ 145 અને 146 સિક્સ ફટકારી છે. જો બંન્ને ક્રિકેટર આ સીરિઝ દરમિયાન 150 સિક્સ ફટકારવામાં સફળ રહે છે.

# મેલબોર્ન પાર્કમાં સબાલેન્કોનો સતત 19મો વિજય થયો

(એજન્સી) મુંબઈ | તા 22

બેલારુસની આર્યના સબાલેન્કોએ રશિયાની 27મી ક્રમાંકિત એનાસ્તેસિયા પાવલ્યૂચેન્કોને 6-2, 2-6, 6-3થી હરાવીને મેલબોર્ન પાર્ક ખાતે રમાતી ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટમાં સતત 19મો વિજય હાંસલ કર્યો હતો. વધુ બે વિજયની સાથે સબાલેન્કો ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ જીતવાની હેટ્રિક નોંધાવી શકે છે. જો તે ચેમ્પિયન બનશે તો 24 વર્ષ બાદ ટાઈટલની હેટ્રિક નોંધાવનાર પ્રથમ મહિલા ખેલાડી બનશે. છેલ્લે માર્ટિના હિંગિસે 1997થી 1999માં ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ જીતવાની હેટ્રિક નોંધાવી હતી. સબાલેન્કો 2023 અને 2024માં ઓસ્ટ્રેલિયન ઓપનમાં ચેમ્પિયન બની ચૂકી છે. સેમિફાઈનલમાં તેનો મુકાબલો 11મી ક્રમાંકિત પાઉલા બડોસા સામે થશે. બડોસાએ ક્વાર્ટર ફાઈનલમાં અમેરિકાની કોકો ગોફને 7-5,6-4થી હરાવીને અપસેટ સર્જ્યો હતો. બડોસા પાંચ વર્ષ બાદ સેમિફાઈનલ રમનાર પ્રથમ સ્પેનિશ મહિલા ખેલાડી બનશે. છેલ્લે 2020માં ગાર્બિન મુગુરુઝા અંતિમ-4મા પ્રવેશી હતી. સબાલેન્કોએ જીતવા માટે એક કલાક 53 મિનિટનો સમય લીધો હતો. બે સેટ 1-1થી સરભર રહ્યા બાદ ત્રીજો અને નિર્ણાયક સેટ 3-3થી સરભર હતો ત્યારે સબાલેન્કોએ સતત ત્રણ ગેમ જીતીને મુકાબલો પોતાની તરફેણમાં કરી લીધો હતો.

# ટેબલ ટેનિસ : સિનિયર નેશનલ TTમાં ગુજરાતની વિમેન્સટીમે ઐતિહાસિક મેડલ નિશ્ચિત કર્યો..



(એજન્સી) મુંબઈ | તા 22

પીડીપીયૂ ઈન્ડોર સ્ટેડિયમ ખાતે રમાતી યુટીટી 86મી સિનિયર નેશનલ ઈન્ટર સ્ટેટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં સુકાની ક્રિત્વિકા સિંહા રોયની શાનદાર રમતની મદદથી ગુજરાતની વિમેન્સ ટીમે હાયર રેન્ક ધરાવતી તામિલનાડુની ટીમને હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કરવાની સાથે ઐતિહાસિક મેડલ નિશ્ચિત કર્યો હતો. સિનિયર નેશનલ્સના 86 વર્ષના ઈતિહાસમાં ગુજરાતની વિમેન્સ ટેબલટેનિસ ટીમ પ્રથમ વખત મેડલ જીતશે. ગુજરાતની ટીમમાં ક્રિત્વિકા ઉપરાંત ફ્રેનાઝ છિપીયા, ઓઈશિકી જોઆરદાર, ફિલઝાહ ફાતિમા કાદરી તથા રિયા જયસ્વાલનો સમાવેશ થાય છે. ક્વાર્ટર ફાઈનલમાં ઓઈશિકીએ એસ સેલેનાને 3-2થી પરાજય આપ્યો હતો. ક્રિત્વિકાએ યાશિની સામે 3-1થી વિજય મેળવીને ગુજરાતને 2-0ની લીડ અપાવી હતી. ત્રીજી મેચમાં સુરતની ફ્રેનાઝ બે ગેમથી પાછળ હતી પરંતુ તેણે વળતો પ્રહાર કરીને કાવ્યશ્રી સામે સ્કોર 2-2થી સરભર કર્યો હતો. જોકે તે મેચ હારી જતાં તામિલનાડુએ સ્કોર 1-2નો કર્યો હતો. ક્રિત્વિકાએ બીજી મેચમાં સેલેના સામે 8-11, 11-8, 11-8, 11-8થી વિજય હાંસલ કરીને ગુજરાતનો 3-1થી વિજય નિશ્ચિત કર્યો હતો.

**સિનિયર નેશનલ્સના 86 વર્ષના ઈતિહાસમાં ગુજરાતની વિમેન્સ ટેબલટેનિસ ટીમ પ્રથમ વખત મેડલ જીતશે**

# હાર્દિક પંડ્યાને કેપ્ટનશીપ નહીં, પણ ટીમ ઈન્ડિયામાં મળી છે આ જવાબદારી

(એજન્સી) મુંબઈ | તા 22

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 5 મેચની T20 શ્રેણી 22 જાન્યુઆરીથી શરૂ થઈ રહી છે. આ શ્રેણીમાં ટીમ ઈન્ડિયાની કમાન સૂર્યકુમાર યાદવના હાથમાં છે અને અક્ષર પટેલને વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે હાર્દિક પંડ્યા પણ આ ટીમનો ભાગ છે, પરંતુ તેને કોઈ જવાબદારી આપવામાં આવી નથી. હાર્દિક પંડ્યા 2022 T20 વર્લ્ડ કપથી ભારતીય T20 ટીમની કેપ્ટનશીપ કરી રહ્યો હતો. પરંતુ રોહિત શર્માની T20માંથી નિવૃત્તિ બાદ સૂર્યકુમારને કેપ્ટન બનાવવામાં આવ્યો છે. હાર્દિક છેલ્લા કેટલાક સમયથી T20નો કેપ્ટન બનવાનો પ્રબળ દાવેદાર હતો, પરંતુ હવે તે વાઈસ કેપ્ટન પણ નથી, જેના પર ઘણા



દિગ્ગજોએ સવાલો ઉઠાવ્યા છે. જો કે હવે આ મુદ્દે સૂર્યકુમાર યાદવે પણ મોટું નિવેદન આપ્યું છે. તમને જણાવી દઈએ કે છેલ્લા કેટલાક સમયથી હાર્દિક પંડ્યા T20ના કેપ્ટનની સાથે વનડેમાં વાઈસ કેપ્ટનની જવાબદારી સંભાળી રહ્યો હતો. હાર્દિક પંડ્યા ODI વર્લ્ડ કપ 2023માં ભારતીય ટીમનો વાઈસ કેપ્ટન પણ હતો. પરંતુ ચેમ્પિયન્સ ટ્રોફી માટે શુભમન ગિલને રોહિત શર્માનો ડેપ્યુટી બનાવવામાં આવ્યો છે. જે બાદ સવાલો ઉઠી રહ્યા છે કે શું હાર્દિક પંડ્યા હવે ભારતીય ટીમના લીડરશિપ ગ્રુપનો ભાગ નથી? જો કે, સૂર્યકુમાર યાદવે સ્પષ્ટ કર્યું છે કે હાર્દિક પંડ્યા હજુ પણ ભારતીય ટીમના લીડરશિપ ગ્રુપનો એક ભાગ છે. સૂર્યકુમાર યાદવે ઈંગ્લેન્ડ સામે T20 સિરીઝની શરૂઆત પહેલા પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, ’હાર્દિક સાથે મારા સંબંધો ખરેખર ખૂબ સારા છે. તે માત્ર વધારાની જવાબદારી છે જે મને મળી છે. હાર્દિક લીડરશિપ ગ્રુપનો ભાગ છે અને અમે સારા મિત્રો છીએ. ઘણા લોકો માને છે કે મેનેજમેન્ટ હવે હાર્દિક પંડ્યાને સુકાની તરીકે માનતું નથી, પરંતુ સૂર્યાએ આ અફવાઓ પર પૂર્ણવિરામ મૂક્યું છે.

# ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ કરતા ઈંગ્લેન્ડના ખેલાડીઓને વધુ રૂપિયા મળશે

(એજન્સી) મુંબઈ | તા 22

ભારત અને ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમો વચ્ચે 22મી જાન્યુઆરીથી તરત જ ક્રિકેટ શરૂ થશે. બંને ટીમો વચ્ચે બુધવારથી T20 સિરીઝ રમાવાની છે. પાંચ મેચોની શ્રેણીની પ્રથમ મેચ કોલકાતામાં રમાશે. છેલ્લી મેચ મુંબઈના ઐતિહાસિક વાનખેડે સ્ટેડિયમમાં રમાશે. ક્રિકેટ ચાહકોનું આ ટૂંકા ફોર્મેટથી ભરપૂર મનોરંજન કરવામાં આવશે. પાંચ મેચની સિરીઝને કારણે બંને ટીમના ખેલાડીઓ પર ઘણો ખર્ચ થશે. આવી સ્થિતિમાં, ચાલો એક નજર કરીએ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની T20 શ્રેણી માટે કઈ ટીમને વધુ પૈસા મળશે. ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) વિશ્વનું ત્રીજું સૌથી ધનિક ક્રિકેટ બોર્ડ છે. જેમની પાસે રૂ. 492 કરોડ (લગભગ $59 મિલિયન)ની સંપત્તિ છે. ઈંગ્લેન્ડ



ક્રિકેટ બોર્ડ તેના ખેલાડીઓને તમામ ફોર્મેટ માટે અલગ અલગ મેચ ફી ચૂકવે છે. T-20 ઈન્ટરનેશનલની વાત કરીએ તો ઈંગ્લેન્ડના ખેલાડીઓ એક મેચમાંથી 4500 પાઉન્ડ (રૂ. 4.55 લાખ) કમાય છે. ભારતીય ક્રિકેટ બોર્ડ (BCCI) વિશ્વનું સૌથી ધનિક ક્રિકેટ બોર્ડ છે. BCCI પાસે લગભગ $2.25 બિલિયન (રૂ. 18,700 કરોડ)ની સંપત્તિ છે. જો ટીમ ઈન્ડિયાના ખેલાડીઓની T-20 ઈન્ટરનેશનલ મેચ ફીની વાત કરીએ તો તે ઈંગ્લેન્ડના ખેલાડીઓની સરખામણીમાં ઓછી છે. ભારતીય ખેલાડીઓને T20I મેચ માટે 3 લાખ રૂપિયા ચૂકવવામાં આવે છે. સૂર્યકુમાર યાદવ T20 શ્રેણીમાં ભારતનું નેતૃત્વ કરશે. ઈંગ્લેન્ડનો કેપ્ટન જોસ બટલર છે. ભારત અને ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમો હાલમાં કોલકાતામાં છે. કોલકાતામાં પ્રથમ T20 22 જાન્યુઆરીએ ઈડન ગાર્ડન્સમાં રમાશે. આ પછી બીજી T20 મેચ 25 જાન્યુઆરીએ ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાશે. ત્રીજી મેચ 28 જાન્યુઆરીએ ગુજરાતના રાજકોટમાં, ચોથી મેચ 31 જાન્યુઆરીએ પુણેમાં અને છેલ્લી T20 મુંબઈમાં યોજાશે.

## કેનેડા અને મેક્સિકો પર 25% ટેરિફ લાદ્યો; અમેરિકામાં મોંઘવારી વધવાની આશંકા

# ડોનાલ્ડ ટ્રમ્પ ચીન પર 10% ટેરિફ લાદી શકે છે...

(એજન્સી) વોશિંગ્ટન | તા 22

વોશિંગ્ટન | ડોનાલ્ડ ટ્રમ્પ 20 જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ પદના શપથ લીધા બાદથી સતત ઘણા મોટા નિર્ણયો લઈ રહ્યા છે. તેઓએ પડોશી દેશો કેનેડા અને મેક્સિકો પર 25% ટેરિફ લાદ્યા છે, જ્યારે ચીન પર 10% ટેરિફ લાદવાનું પણ વિચારી રહ્યું છે. આ સિવાય ટ્રમ્પે BRICS દેશો પર 100% ટેરિફ લગાવવાની ધમકી આપી છે.

અમેરિકન માર્કેટમાં વેચાતી ઘણી પ્રોડક્ટ્સ અન્ય દેશોમાંથી આવે છે. આવી સ્થિતિમાં નિષ્ણાતોને ડર છે કે અન્ય દેશો પર ટેરિફ લાદવાના નિર્ણયથી અમેરિકામાં મોંઘવારી વધી શકે છે.હકીકતમાં અમેરિકામાં સ્નીકર્સ, ટી-શર્ટ, મોટાભાગની દવાઓ, ઘરેણાં, બીયર અને અન્ય ઘરગથ્થુ વસ્તુઓ બ્રિક્સ દેશો, મેક્સિકો અને કેનેડા જેવા દેશોમાંથી આવે છે.

જો કે, ટ્રમ્પ વહીવટીતંત્ર અનુસાર તમામ દેશોના તમામ પ્રકારના ઉત્પાદનો અને સેવાઓ પર ટેરિફમાં એક સમાન વધારો થશે નહીં.

ટ્રમ્પે ટેરિફ 10%થી વધારીને 100% કરવાની વાત કરી છે. કેટલાક અહેવાલોમાં તેને માત્ર એક ધમકી તરીકે વર્ણવવામાં આવી છે, પરંતુ ટ્રમ્પે આવા અહેવાલોને નકારી કાઢ્યા છે.

અમેરિકન કંપનીઓ પરિસ્થિતિનો સામનો કરવા માટે બનાવી રહી છે વ્યૂહરચના PWC કન્ઝ્યુમર માર્કેટ લીડર અલી ફરમાને જણાવ્યું હતું કે, ટેરિફ હવે કંપનીઓ વચ્ચે ચર્ચાનો મુખ્ય વિષય બની ગયો છે. જોકે, ટ્રમ્પની નીતિઓ હજુ સંપૂર્ણ રીતે સ્પષ્ટ નથી, પરંતુ કંપનીઓએ દરેક પ્રકારની પરિસ્થિતિનો સામનો કરવા તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેમાં ભાવ વધ્યા બાદ વેચાણ વધારવાની વ્યૂહરચના સામેલ છે.



ચીન પર 60% ટેક્સની તરફેણમાં છે 33% અમેરિકનો પીડબ્લ્યુસીનો સર્વે રિપોર્ટ પણ કહે છે કે, 45% અમેરિકનો ચીન પર 10 ટકા ટેરિફને સમર્થન આપે છે. લગભગ 33% અમેરિકનો ચીન પર 20% ટેરિફ માટે તૈયાર છે. લગભગ સમાન સંખ્યામાં અમેરિકનો ચીની ઉત્પાદનોની આયાત પર 60% ટેરિફ લાદવાની તરફેણમાં છે. મતલબ કે ચીનને લઈને અમેરિકનોમાં ખાસ કડવાશ છે. ટ્રમ્પ આ જાહેર ભાવનાનો ફાયદો ઉઠાવી શકે છે.

ટ્રમ્પ માને છે કે ટેરિફથી અમેરિકામાં ઉત્પાદન અને રોજગારમાં વધારો થશે, પરંતુ તેનાથી રિટેલ કંપનીઓ માટે ખર્ચમાં વધારો થશે, જે તેઓ ગ્રાહકોને આપી શકશે. નેશનલ રિટેલ ફેડરેશન અને કન્ઝ્યુમર ટેક્નોલોજી એસોસિએશને ચેતવણી આપી છે કે ટેરિફ આખરે અમેરિકન વ્યવસાયો અને ગ્રાહકો માટે ખર્ચમાં વધારો કરશે.

67% અમેરિકનો મોંઘવારી વધવાથી ચિંતિત PWC દ્વારા સર્વેક્ષણ કરાયેલા 67% અમેરિકનો માને છે કે કંપનીઓ વધેલા ટેરિફનો બોજ ગ્રાહકો પર નાખશે. એવોકાડો, બાળકોના રમકડા, ચોકલેટ, કપડાં, જ્વેલરી અને કારની કિંમતો દોઢ ગણી વધી શકે છે. આવી સ્થિતિમાં ટ્રમ્પ અચાનક કોઈ મોટો નિર્ણય લે તેવી શક્યતા ઓછી છે.

ભારતીય IT કંપનીઓ અમેરિકામાં ટેરિફમાં વધારા અને અન્ય દેશોના પ્રોફેશનલ્સ માટે મુશ્કેલ પરિસ્થિતિ વિશે પહેલાથી જ વાકેફ હતી. આથી તેઓએ અમેરિકામાં જ વધુ સ્થાનિક કર્મચારીઓની નિમણૂંક કરી છે. રેગ્યુલેટરી ફાઈલિંગ અનુસાર, ઈન્ફોસિસ અને TCS જેવી કંપનીઓએ અમેરિકન હાયરિંગને વેગ આપ્યો છે. આ બંને કંપનીઓએ 25 હજારથી વધુ અમેરિકન સ્ટાફની નિમણૂક કરી છે. ભારતમાં IT કંપનીઓની પ્રતિનિધિ સંસ્થા NASSCOMના જણાવ્યા અનુસાર, અમેરિકન નીતિઓ બદલાતાની સાથે ભારતીય IT કંપનીઓએ હેલ્થ કેર સર્વિસ, રિટેલ અને બેંકિંગ સેક્ટરમાં ફેરફાર માટે તૈયાર રહેવું પડશે.

## જયશંકર અમેરિકી વિદેશ મંત્રી અને NSAને મળ્યા; દ્વિપક્ષીય વાતચીત કરી...

# અમેરિકામાં ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓની બેઠક

વોશિંગ્ટન | ભારતના વિદેશ મંત્રી જયશંકરે અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ બાદ મંગળવારે ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લીધો હતો. નવા ટ્રમ્પ વહીવટીતંત્રમાં યોજાનારી આ પ્રથમ મોટી બેઠક હતી. આ બેઠકમાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રીઓએ પણ ભાગ લીધો હતો.

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોની આ પ્રથમ મુલાકાત હતી. તેઓ કાર્યભાર સંભાળ્યાના 1 કલાક પછી જ તેમાં જોડાયા હતા. જેમાં ઓસ્ટ્રેલિયાના પેની વોંગ અને જાપાનના ઈવાયા તાકેશીએ ભાગ લીધો હતો. ચારેય નેતાઓએ ગ્રુપ ફોટો પણ પડાવ્યો હતો. અમેરિકી વિદેશ મંત્રીએ આ બેઠકને સહયોગી સાથે કામ કરવાની પ્રતિબદ્ધતા ગણાવી. જયશંકરે X પર પોસ્ટ કરીને મીટિંગ માટે તેમના સાથીદારોનો આભાર માન્યો.

જયશંકર અને રૂબિયો વચ્ચે દ્વિપક્ષીય બેઠક ક્વાડ મીટિંગ બાદ ભારત અને અમેરિકાના વિદેશ મંત્રીઓ વચ્ચે પ્રથમ દ્વિપક્ષીય બેઠક પણ થઈ હતી. આ બેઠક એક કલાકથી વધુ સમય સુધી ચાલી હતી. તેમાં ભારતીય રાજદૂત વિનય મોહન ક્વાત્રા પણ હાજર હતા.

મીટિંગ પછી રુબિયો અને જયશંકરે હાથ મિલાવ્યા અને સ્મિત કર્યું કારણ કે તેઓ ફોટો સેશન દરમિયાન મીડિયાની સામે કેમેરા સામે પોઝ આપતા હતા.



**જયશંકરે X પોસ્ટ કરીને લખ્યું- :** સેક્રેટરી ઓફ સ્ટેટ તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ માર્કો રુબિયો સાથે પ્રથમ દ્વિપક્ષીય બેઠક કરીને આનંદ થયો. અમે અમારી વ્યાપક દ્વિપક્ષીય ભાગીદારીની સમીક્ષા કરી. વિદેશ મંત્રી રૂબિયો તેના સમર્થક રહ્યા છે. પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાનપ્રદાન કર્યું.

આ પછી જયશંકરે વ્હાઈટ હાઉસમાં અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈક વોલ્ટ્ઝ સાથે બેઠક પણ કરી હતી.

ટ્રમ્પ ક્વાડ માટે ભારત આવી શકે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આ વર્ષે ક્વાડ દેશોની બેઠક માટે ભારતની મુલાકાત લઈ શકે છે. ભારત ઓસ્ટ્રેલિયા, જાપાન અને યુએસના નેતાઓ સાથે ક્વાડ સમિટનું આયોજન કરશે. આ કોન્ફરન્સ એપ્રિલ અથવા ઓક્ટોબરમાં યોજવામાં આવી શકે છે.

આ સિવાય વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આ વર્ષના અંત સુધીમાં અમેરિકા જઈ શકે છે. આ દરમિયાન તેઓ વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પ સાથે ઔપચારિક બેઠકમાં ભાગ લેશે. આ પહેલા પીએમ મોદીએ ગયા વર્ષે ડેલાવેરમાં જો બાઈડન સાથે ક્વાડ મીટિંગમાં ભાગ લીધો હતો.

ક્વાડ 2024નું આયોજન ભારતમાં થવાનું હતું, પરંતુ જો બાઈડનના આગ્રહ પર ભારતે તેમની યજમાની અમેરિકાને આપી. અમેરિકામાં ગેરકાયદે રહેતા 18 હજાર ભારતીયો તેમના દેશ પરત ફરશે. અમેરિકન વેબસાઈટ બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, તેમની પાસે અમેરિકન નાગરિકતા નથી અને તેમની પાસે ત્યાંની નાગરિકતા મેળવવા માટેના સાચા દસ્તાવેજો પણ નથી.

# ટ્રમ્પના શપથગ્રહણમાં જોવા મળ્યો પન્નુ

## ખાલિસ્તાન ઝિંદાબાદના નારા લગાવ્યા, ટ્રમ્પના જૂથે બોલાવ્યો હોવાનો દાવો; સોશિયલ મીડિયા પર વીડિયો વાઈરલ

(એજન્સી) વોશિંગ્ટન | તા 22

ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના 47મા રાષ્ટ્રપતિ બન્યા છે. તેમણે સોમવારે રાત્રે ભારતીય સમય અનુસાર 10:30 કલાકે યુએસ સંસદ કેપિટલ હિલ ખાતે પદના શપથ લીધા હતા. ટ્રમ્પના શપથ ગ્રહણમાં દેશ અને દુનિયાના ઘણા મહેમાનો અને નેતાઓએ પણ હાજરી આપી હતી. તેમાં ભારતનો મોસ્ટ વોન્ટેડ ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુ પણ જોવા મળ્યો હતો.

મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ટ્રમ્પના શપથ ગ્રહણ સમયે પન્નુ ત્યાં હતો અને ખાલિસ્તાની ઝિંદાબાદના નારા લગાવી રહ્યો હતો. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. પન્નુએ દાવો કર્યો છે કે તેને ટ્રમ્પ જૂથ દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું હતું. કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે પન્નુએ તેના સંપર્ક દ્વારા ટિકિટ ખરીદી હતી અને પછી શપથ સમારોહમાં પહોંચ્યો હતો. વાઈરલ વીડિયોમાં પન્નુ ટ્રમ્પના સ્ટેજ પાસે દેખાયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોમાં જોઈ શકાય છે કે ટ્રમ્પ તેમની પત્ની મેલાનિયા સાથે સ્ટેજ પર હાજર છે. તેના સ્ટેજ પાસે ખાલિસ્તાની આતંકવાદી દેખાય છે. વીડિયોમાં જનતા યુએસએ, યુએસએના નારા લગાવી રહી છે, ત્યારબાદ પન્નુ ખાલિસ્તાન ઝિંદાબાદના નારા લગાવવા લાગે છે. અમેરિકાએ ભારત પર પન્નુની હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો હતો અમેરિકાએ આરોપ લગાવ્યો હતો કે ભૂતપૂર્વ ભારતીય અધિકારીએ ન્યૂયોર્કમાં પન્નુની હત્યાનું કાવતરું ઘડ્યું હતું. આ માટે એક શૂટર ભાડે રાખવામાં આવ્યો હતો. આ સાથે અમેરિકાએ પૂર્વ ભારતીય અધિકારી પર મની લોન્ડરિંગનો પણ આરોપ લગાવ્યો હતો. અમેરિકન કોર્ટે આ કેસમાં બે લોકોને



આરોપી બનાવ્યા હતા. જેમાં નિખિલ ગુપ્તા અને CC1 નામની વ્યક્તિનો સમાવેશ થાય છે. અમેરિકાની જાસૂસી સંસ્થા એફબીઆઈએ CC1ની ઓળખ વિકાસ યાદવ તરીકે કરી હતી. ભારતીય સેનાના યુનિફોર્મમાં તેનો ફોટો પણ બહાર પાડવામાં આવ્યો હતો. FBIનું કહેવું છે કે વિકાસ ભારતીય ગુપ્તચર એજન્સી RAW સાથે સંકળાયેલો હતો. વિકાસ પર મની લોન્ડરિંગનો પણ આરોપ હતો.

આ પછી, કેન્દ્ર સરકારે ડ્રગમાફિયા અને ગુનાહિત ગેંગ સાથે એજન્ટના સંબંધોની તપાસ માટે એક સમિતિની રચના કરી હતી.

વિકાસ યાદવની 2023માં દિલ્હીમાં ધરપકડ કરાઈ હતી અમેરિકામાં વોન્ટેડ વિકાસ યાદવની દિલ્હી પોલીસે 18 ડિસેમ્બર 2023ના રોજ ધરપકડ કરી હતી. દિલ્હીના એક વેપારીએ તેની સામે હત્યાના પ્રયાસ અને અપહરણનો કેસ દાખલ કર્યો હતો. આ પછી પોલીસે વિકાસ અને તેના એક સહયોગીની ધરપકડ કરી હતી.

# ટ્રમ્પે ચોંકાવ્યા! લાદેનના 'મિત્ર'ને જેલમાંથી મુક્ત કર્યો, તાલિબાને 2 અમેરિકન નાગરિક છોડ્યા...

(એજન્સી) વોશિંગ્ટન | તા 22

અમેરિકાના નવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એક પછી એક ચોંકાવનારા નિર્ણય લઈ રહ્યા છે. હવે તેણે કાર્યભાર સંભાળતા જ કુખ્યાત આતંકી ઓસામા બિન લાદેનના ખાસ મિત્ર કહેવાતા ખાન મોહમ્મદને ગ્વાંતાનામો જેલથી મુક્ત કરીને સૌને ચોંકાવી દીધા છે. જોકે તેના બદલામાં અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે 2 અમેરિકન નાગરિકોને જેલથી આઝાદ કરી દીધા છે. જોકે એક પાકિસ્તાની નાગરિક ડૉક્ટર આફિયા અંગે અમેરિકન સરકારે હજુ સુધી કોઈ નિર્ણય લીધો નથી. તાલિબાને કથિત અપરાધોના આરોપોમાં અમેરિકન નાગરિકોને બંધક બનાવ્યા હતા. તાલિબાને માગ કરી હતી કે અમેરિકન નાગરિકોના બદલામાં અમેરિકાની જેલમાં કેદ અફઘાની આતંકી અને એક પાકિસ્તાની આતંકી ડૉક્ટર આફિયાને મુક્ત કરવામાં આવે.



આ મામલે લાંબી મંત્રણા થઈ. બાઈડેન સરકારે શરૂઆતમાં જ તાલિબાનની માગને ફગાવી દીધી હતી. તાલિબાનની અફઘાન સરકારે અમેરિકાથી 3 અમેરિકન કેદીઓના બદલામાં એક અફઘાની કેદી ખાન મોહમ્મદને મુક્ત કરવાની માગ કરી હતી. ખાન મોહમ્મદ લાદેનનો ખાસ મિત્ર ગણાતો હતો. તાલિબાને કહ્યું હતું કે જ્યાં સુધી ખાન મોહમ્મદને મુક્ત નહીં કરાય ત્યાં સુધી અમે કોઈ કેદીને મુક્ત નહીં કરીએ. ખાન મોહમ્મદની આદશે બે દાયકા પહેલા નંગરહાર પ્રાંતમાંથી ધરપકડ કરાઈ હતી અને કેલિફોર્નિયામાં આજીવન કારાવાસની સજા ફટકારઈ હતી.

જોકે હવે ટ્રમ્પ સરકારે બાઈડેન સરકારનો નિર્ણય પલટી નાખતાં બે અમેરિકન નાગરિક રાયન કોર્બેટ અને વિલિયમ મેકેન્ટીના બદલામાં ખાન મોહમ્મદને મુક્ત કરી દીધો છે.

## હમાસના હુમલાને ન રોકી શક્યાની જવાબદારી લીધી, હરઝેઈ હલેવી 6 માર્ચે પદ છોડશે

# ઈઝરાયેલના સેના પ્રમુખે રાજીનામું આપ્યું...

(એજન્સી) તેલ અવીવ | તા 22

ઈઝરાયલ ડિફેન્સ ફોર્સિસ (IDF)ના ચીફ ઓફ સ્ટાફ લેફ્ટનન્ટ જનરલ હરઝેઈ હલેવીએ મંગળવારે રાજીનામું આપ્યું. ટાઈમ્સ ઓફ ઈઝરાયેલ અનુસાર, તેણે 2023માં ઈઝરાયેલ પર હમાસના હુમલાની જવાબદારી લેતા 7 ઓક્ટોબરે રાજીનામું આપ્યું હતું.

હલેવીની સાથે IDF સધર્ન કમાન્ડના ચીફ મેજર જનરલ યારોન ફિંકલમેને પણ રાજીનામું આપ્યું છે. "આ નિર્ણય ઘણા સમય પહેલા લેવામાં આવ્યો હતો," હલેવીએ કહ્યું. હવે, યુદ્ધના તમામ ક્ષેત્રોમાં આઈડીએફનું વર્ચસ્વ અને અન્ય બંધક પરત કરાર સાથે, સમય આવી ગયો છે.'

હલેવીએ વડાપ્રધાનને રાજીનામું પત્ર મોકલ્યું છે, જેમાં જણાવાયું છે કે તેઓ 6 માર્ચે IDF છોડી દેશે. તે જ સમયે, ફિન્કલમેને રાજીનામાની તારીખ આપી નથી. ગાઝામાં યુદ્ધવિરામ અમલમાં આવ્યાના બે દિવસ બાદ બંને અધિકારીઓએ રાજીનામું આપી દીધું છે.

હમાસ હુમલાની જવાબદારી લેનાર સૌથી વરિષ્ઠ અધિકારી હલેવીએ પત્રમાં લખ્યું- 7 ઓક્ટોબરની સવારે મારી કમાન્ડ હેઠળની સેના ઈઝરાયેલના નાગરિકોની સુરક્ષાના પોતાના મિશનમાં નિષ્ફળ ગઈ. ઈઝરાયલે આની ભારે કિંમત ચૂકવી છે. આ ભયંકર નિષ્ફળતા માટે મારી જવાબદારી દરરોજના દરેક કલાકે મારી સાથે રહે છે. જીવનભર પણ મારી સાથે રહેશે.

તેમણે કહ્યું કે તેઓ તેમના વચન મુજબ રાજીનામું આપી રહ્યા છે. હલેવીએ લેબનોનમાં હિઝબોલ્લાહ, સીરિયામાં અસદ સરકાર અને હમાસને યુદ્ધવિરામ સોદામાં દબાણ કરવા સહિતની તેમની અને IDFની સફળતાઓનો પણ ઉલ્લેખ કર્યો.

સીએનએન અનુસાર, ઈઝરાયેલના સંરક્ષણ પ્રધાન ઈઝરાયેલ કાત્ઝે હમાસની હુમલાને રોકવામાં નિષ્ફળતાની તપાસ પૂર્ણ કરવા માટે હલેવીને 30 જાન્યુઆરીની સમયમર્યાદા આપી હતી. સુરક્ષા ભંગને કારણે રાજીનામું આપનાર તે સૌથી વરિષ્ઠ ઈઝરાયેલ અધિકારી છે.

વિપક્ષી પાર્ટીએ પીએમ નેતન્યાહુના રાજીનામાની માંગ કરી હરઝેઈ હલેવી જાન્યુઆરી 2023 માં ઓફિસમાં ત્રણ વર્ષનો કાર્યકાળ શરૂ કરે છે. ગાઝામાં યુદ્ધની શરૂઆતથી, હલેવીએ 7 ઓક્ટોબરના હુમલાને રોકવા માટે ઘણા પ્રસંગોએ જવાબદારી લીધી છે.

હલેવીના રાજીનામા બાદ ઈઝરાયેલના વિપક્ષી નેતા યાયર લેપિડે પીએમ નેતન્યાહુના રાજીનામાની માંગ કરી છે. લેપિડે કહ્યું કે તેઓ સૈન્ય પ્રમુખ હરઝેઈ હલેવીને પદ છોડવા બદલ સલામ કરે છે, પરંતુ હવે સમય આવી ગયો છે કે પીએમ અને તેમની સરકાર જવાબદારી સ્વીકારે અને રાજીનામું આપે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લા 15 મહિનાથી ચાલી રહેલું યુદ્ધ 19 જાન્યુઆરી, રવિવારે બંધ થઈ ગયું છે. ઈઝરાયેલે યુદ્ધવિરામના પ્રથમ દિવસે 90 પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કર્યા છે. આ પહેલા હમાસે ઈઝરાયેલની 3 મહિલા બંધકોને પણ મુક્ત કરી હતી. આ બંધકોના નામ રોમી ગોનેન, એમિલી ડામારી અને ડોરોન સ્ટેઈનબ્રેચર છે. ટાઈમ્સ ઓફ ઈઝરાયેલના અહેવાલ મુજબ રેડ ક્રોસની મદદથી ત્રણેય બંધકોને ઈઝરાયેલ પરત લાવવામાં આવ્યા હતા.

# 'પુતિન વાતચીત નહીં કરે તો બૅન લગાવી દઈશ...' યુદ્ધ ખતમ કરવા અંગે ટ્રમ્પની મોટી ધમકી

(એજન્સી) વોશિંગ્ટન | તા 22

અમેરિકાના પ્રમુખ તરીકે શપથ લીધા પછી તરત જ ડોનાલ્ડ ટ્રમ્પે ઝડપી નિર્ણયોથી દુનિયાને આશ્ચર્યચકિત કરી દીધી છે. વ્હાઈટ હાઉસમાં પહેલા જ દિવસે તેમણે દેશની દક્ષિણ સેના પર ઈમરજન્સી લાદવાથી લઈને WHO અને પેરિસ ક્લાયમેટ એગ્રીમેન્ટમાંથી ખસી જવા સુધીના અનેક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા.

આ દરમિયાન તેમણે રશિયાના પ્રમુખ પુતિનને ચેતવણી પણ આપી હતી. ટ્રમ્પે તેમના રાષ્ટ્રપતિ કાર્યકાળના પહેલા દિવસે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને ઘણા પ્રશ્નોના જવાબ આપ્યા હતા. તેમણે કહ્યું કે જો વ્લાદિમીર પુતિન યુક્રેન યુદ્ધ અંગે વાટાઘાટો કરવા ટેબલ પર નહીં આવે તો અમે રશિયા પર પ્રતિબંધો લાદીશું.

અમેરિકન પ્રમુખે કહ્યું કે હું ગમે ત્યારે રશિયન રાષ્ટ્રપતિ પુતિનને મળવા માટે તૈયાર છું. પરંતુ તેમણે ચેતવણી પણ આપી હતી કે જો પુતિન યુક્રેન મુદ્દા પર વાટાઘાટોના ટેબલ પર નહીં આવે તો રશિયા પર પ્રતિબંધો લાદવામાં આવશે. યુક્રેન યુદ્ધ શરૂ કરવાની જરૂર જ નહોતી. જો



અમેરિકામાં પ્રમુખ સક્ષમ હોત તો આ યુદ્ધ ન થયું હોત.

ટ્રમ્પે કહ્યું કે હું પુતિન સાથે સારા તાલમેલ ધરાવું છું. જો હું પહેલો રાષ્ટ્રપતિ હોત, તો રશિયા ક્યારેય યુક્રેન પર હુમલો ન કરત. આવું ક્યારેય બન્યું ન હોત. પુતિને બાઈડેનનો અનાદર કર્યો છે. તે ખૂબ જ હોશિયાર છે. જોકે, તેમણે સ્પષ્ટતા કરી કે રશિયા પર વધારાના પ્રતિબંધો લાદવામાં આવે તેવી શક્યતા છે.

# Israelમાં ટૂરિસ્ટ વિઝા પર ઘૂસ્યા આતંકી... તીક્ષ્ણ હથિયારથી 4 લોકો પર કર્યો હુમલો

(એજન્સી) ઇસ્લામાબાદ | તા 08

ઈઝરાયેલના તેલ અવીવમાં આતંકી હુમલો થયો છે. એક આતંકવાદીએ ચાકુ વડે તીક્ષ્ણ હુમલામાં ચાર લોકોને ઘાયલ કર્યા છે. પ્રાથમિક તપાસ બાદ પોલીસે તેને આતંકવાદી હુમલો જાહેર કર્યો છે. પોલીસે જણાવ્યું હતું કે હુમલાખોરે નહલાત બિન્યામીન સ્ટ્રીટ પર ત્રણ લોકોને ચાકુ માર્યા હતા, પછી નજીકની ગ્રુઝેનબર્ગ સ્ટ્રીટ પર ચોથા વ્યક્તિ પર હુમલો કર્યો હતો.

ઈઝરાયેલ પોલીસના જણાવ્યા અનુસાર, આ હુમલો કરનાર આતંકવાદી અબ્દેલ અઝીઝ કદી મોરોક્કનો નાગરિક છે. તેની પાસેથી અમેરિકન ગ્રીન કાર્ડ પણ મળી આવ્યું છે. ઈઝરાયેલ પોલીસે આતંકીને ઠાર કર્યો છે. હુમલાખોર પાસેથી એક આઈડી પણ મળી આવ્યું છે. તે 18 જાન્યુઆરીએ ટૂરિસ્ટ વિઝા પર ઈઝરાયેલ આવ્યો હતો.

ટાઈમ્સ ઓફ ઈઝરાયલના અહેવાલ મુજબ સુરક્ષા



એજન્સી શિન બેટના અધિકારીઓએ જણાવ્યું કે આતંકવાદી અબ્દેલ અઝીઝને ઈઝરાયેલમાં પ્રવેશ કરતી વખતે સુરક્ષાકર્મીઓએ રોક્યો હતો, પરંતુ બાદમાં તેને પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી હતી. ઈઝરાયેલમાં ત્રણ દિવસમાં આ બીજો આતંકવાદી હુમલો છે. છરીના હુમલામાં ઘાયલ 4 લોકોની ઉંમર 24 થી 59 વર્ષની વચ્ચે છે.

મળતી માહિતી મુજબ હુમલાખોરે પહેલા ત્રણ લોકોને ચાકુ માર્યા હતા. ઘટના બાદ અફરાતફરી મચી ગઈ હતી અને લોકો દોડવા લાગ્યા હતા. આતંકવાદીએ ભાગી રહેલા લોકો પર હુમલો કર્યો અને એક વ્યક્તિને ચાકુ માર્યું.

# કેન્દ્ર સમક્ષ પૂર્વ મુખ્યમંત્રી કેજરીવાલની સાત માગ

## મધ્યમ વર્ગ માટે કોઈપણ પાર્ટી વાત કરવા તૈયાર નથી. એક બાદ એક સરકાર આવી અને તમામે મધ્યમ વર્ગને દબાવીને નીચોવી દીધા છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 22

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે વિધાનસભા ચૂંટણી વચ્ચે હવે મધ્યમ વર્ગને આકર્ષવા માટે મોટું પગલું ભર્યું છે. આમ આદમી પાર્ટીના પ્રમુખ અરવિંદ કેજરીવાલે કેન્દ્ર સરકારને મધ્યમ વર્ગને રાહત આપવાની માંગ કરી છે. કેજરીવાલે કેન્દ્ર સરકાર સામે 7 માંગ મૂકી હતી અને તેને મધ્યમ વર્ગ માટે પોતાનો ચૂંટણી ઢંઢેરો જણાવ્યો.અરવિંદ કેજરીવાલે કહ્યું કે, 'અમારી પાર્ટી દેશમાં પહેલીવાર મધ્યમ વર્ગ માટે ચૂંટણી ઢંઢેરો જાહેર કરી રહી છે.' જોકે, તેમાં તેઓએ કોઈ વચન નથી આપ્યું કે, જો ચોથીવાર દિલ્હીમાં તેમની સરકાર બની તો કેવી રીતે મધ્યમ વર્ગને રાહત પહોંચાડવામાં આવશે. પરંતુ, તેઓએ કેન્દ્ર સરકાર સામે 7 માંગ મૂકી છે અને કહ્યું કે, 'આ જ અમારો મધ્યમ વર્ગ માટે મૅનિફેસ્ટો છે'.અરવિંદ કેજરીવાલે કહ્યું કે, મધ્યમ વર્ગ માટે કોઈપણ પાર્ટી વાત કરવા તૈયાર નથી. એક બાદ એક સરકાર આવી અને તમામે મધ્યમ વર્ગને દબાવીને નીચોવી દીધા છે. મધ્યમ વર્ગ માટે કંઈ કર્યુ નથી, પરંતુ જ્યારે સરકારને જરૂર પડે છે ત્યારે સરકાર મધ્યમ વર્ગ પર ટેક્સનું હથિયાર ચલાવી દે છે. મધ્યમ વર્ગ સરકાર માટે એટીએમ બનીને રહી ગયો છે. ભારતનો મધ્યમ વર્ગ ટેક્સ ટેરેરિઝમનો શિકાર બની રહ્યો છે. મધ્યમ વર્ગના શું સપના હોય છે? પોતાના માટે એક સારી નોકરી-બિઝનેસ, બાળકો માટે શિક્ષણ અને પરિવારનું સારૂ સ્વાસ્થ્ય. જેના માટે તે આખી જિંદગી મહેનત કરે છે અને સરકાર પાસે થોડી રાહતની અપેક્ષા કરે છે. પરંતુ, સરકાર ન તો તેમના માટે સારી શાળા બનાવી રહી છે, ન સારા હોસ્પિટલ અને ન રોજગાર આપી રહી છે.' કેજરીવાલે કહ્યું કે, કોઈ દેશમાં મધ્યમ વર્ગને આટલો હેરાન કરવામાં નથી આવતો. જો કોઈ વર્ષે 12 લાખ કમાય છે તો તમામ ટેક્સ મળીને 50 ટકાથી વધારે આવક ફક્ત ટેક્સમાં જતી રહે છે. દૂધ-દહીં, પૂજાના સામાન પર પણ ટેક્સ ભરવો પડે છે. ઘર લેવું હોય તો ટેક્સ, વેચો તો ટેક્સ, ગાડી ખરીદો તો ટેક્સ અને વેચો તો ટેક્સ. જીવતે જીવ તો ટેક્સ આપવો જ પડે છે, હવે તો મોત બાદ પણ ટેક્સ ભરવો પડે છે.



### કેજરીવાલની 7 માંગ

1. શિક્ષણનું બજેટ 2 ટકાથી વધારીને 10 ટકા કરવામાં આવે. આખાય દેશમાં પ્રાઈવેટ સ્કૂલની ફી પર લગામ લગાવવામાં આવે.
2. ઉચ્ચ શિક્ષણ માટે સબસિડી અને સ્કોલરશિપ આપવામાં આવે.
3. હેલ્થ બજેટ પણ વધારીને 10 ટકા કરવામાં આવે અને હેલ્થ ઈન્સ્યોરન્સ પરથી ટેક્સ દૂર કરવામાં આવે.
4. ઈન્કમ ટેક્સ છૂટ સીમાને ઓછામાં ઓછી 10 લાખ કરવામાં આવે.
5. જીવન જરૂરિયાતની વસ્તુઓ પરથી જીએસટી દૂર કરવામાં આવે.
6. સિનિયર સિટીઝન માટે મજબૂત રિટાયરમેન્ટ પ્લાન અને પેન્શનની યોજના બનાવવામાં આવે અને દેશભરની તમામ હોસ્પિટલમાં મફત સારવાર મળે.
7. વડીલોને રેલવેમાં પહેલાં 50 ટકા છૂટ મળતી હતી, તેને ફરી શરૂ કરવામાં આવે.

# ભારતના કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ 2025માં ભારતનાં વિઝનનું પ્રતિનિધિત્વ કર્યું

(એજન્સી) નવી દિલ્હી । તા.22

કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ 2025માં ભારતનાં વિઝનનું પ્રતિનિધિત્વ કર્યું હતું. વૈષ્ણવે જણાવ્યું હતું કે, 'પ્રધાનમંત્રી મોદીજીએ હંમેશા અમને વૈશ્વિક સ્તરે શ્રેષ્ઠ પ્રયાસોને માપદંડબદ્ધ કરવા માટે માર્ગદર્શન આપ્યું છે. આજની મુલાકાત પણ આ દિશામાં જ છે. અમારા મેડ ઈન ઈન્ડિયા ઉત્પાદનો માટે વિશ્વભરમાં ઘણી રુચિ છે. '

સ્વિટ્ઝર્લેન્ડ ભારતને વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનાં દ્રષ્ટિકોણને




અનુરૂપ, ભારતનાં રેલ્વે, ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી તથા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ 2025 માટે આગળ વધતાં પહેલાં આજે સ્વિટ્ઝર્લેન્ડમાં શ્રેણીબદ્ધ વ્યૂહાત્મક જોડાણોમાં ભાગ લીધો હતો. આ ચર્ચાઓ આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રોત્સાહન આપવા અને રેલવે ક્ષેત્રમાં નવીન ટેકનોલોજીને અપનાવવાની ભારતની કટિબદ્ધતા પર ભાર મૂકે છે.

આ પ્રસંગે શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, 'પીએમ મોદીજીએ હંમેશા અમને વૈશ્વિક શ્રેષ્ઠ લોકો માટે અમારા પ્રયત્નોને બેંચમાર્ક બનાવવા માટે માર્ગદર્શન આપ્યું છે. આજની મુલાકાત પણ આ દિશામાં જ છે. અમારા મેડ ઈન ઈન્ડિયા ઉત્પાદનો માટે વિશ્વભરમાં ઘણી રુચિ છે. '

ઝુરિચમાં દિવસની શરૂઆત સ્વિસ ફેડરલ રેલવેઝ (એસબીબી) દ્વારા કરવામાં આવેલી રજૂઆતથી થઈ હતી, જ્યાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડાયગ્નોસ્ટિક્સમાં નવીનતમ પ્રગતિનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મંત્રી વૈષ્ણવે સ્વિસ નિષ્ણાતો સાથે ભારતીય રેલવે વ્યવસ્થાની અંદર કાર્યકારી કાર્યદક્ષતા અને સુરક્ષાને વેગ આપી શકે તેવી અત્યાધુનિક ટેકનોલોજીને સમજવા માટે ચર્ચા કરી હતી.

આ પછી રેલવે ક્ષેત્રનાં અગ્રણી એસએમઇ સાથે બેઠક યોજાઇ હતી. જેમાં રોમબર્ગ સેર્સા એજી. સિલેક્ટ્રોન, યુસેન્ટ્રીક્સ, ઓટેક અને ન્યુ ગ્લાસનો સમાવેશ થાય છે. આ આદાનપ્રદાન સંભવિત ભાગીદારી અને ટેકનોલોજી હસ્તાંતરણો, ખાસ કરીને સ્માર્ટ રેલવે સોલ્યુશન્સ અને સ્થાયી ઉત્પાદન પદ્ધતિઓ જેવા ક્ષેત્રોમાં સંભવિત ભાગીદારી અને ટેકનોલોજી હસ્તાંતરણની સંભાવનાઓ ચકાસવા પર કેન્દ્રિત હતું.

# કર્ણાટકમાં મોટી કરુણાંતિકા, ફળ-શાકભાજી વેચવા જતાં 30 લોકો સાથે ટ્રક પલટી, 10ના મોત

(એજન્સી) કન્નડ । તા. 22

કર્ણાટકના ઉત્તર કન્નડ જિલ્લામાં બુધવારે એક ટ્રકનો ભયાનક અકસ્માત સર્જાયો હતો. જેમાં લગભગ 10 લોકો મૃત્યુ પામી ગયા જ્યારે અન્ય 15 લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ દુર્ઘટના અરેબૈલ અને ગુલ્લાપુરા વચ્ચે નેશનલ હાઈવે નંબર 63 પર યેલ્લાપુર નજીક સર્જાઈ હતી.

આ મામલે પોલીસ અધીક્ષક નારાયણ એમ.એ જણાવ્યું કે પીડિત લોકો શાકભાજી વેચવા માટે સાવનુરથી કુમટા બજાર જઈ રહ્યા હતા. ટ્રકમાં ફળ-શાકભાજીનો જથ્થો હતો અને તેમાં 30થી વધુ મુસાફરી પણ કરી રહ્યા. જોકે આ ટ્રકને અકસ્માત નડતાં ચીસાચીસ મચી ગઈ હતી. અકસ્માત સવારે લગભગ 5:30 વાગ્યે સર્જાયો હતો. માહિતી અનુસાર આ અકસ્માત ટ્રક ચાલક



દ્વારા બીજા વાહનને રસ્તો આપવાનો પ્રયાસ કરતી વખતે સર્જાયો હતો. ટ્રકમાં વજન વધુ હોવાને કારણે તે એકબાજુ લહેરાઈ ગયો હતો અને 50 મીટર નીચે એક ખીણમાં ખાબકી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ઈમરજન્સી રિસ્પોન્સ ટીમના સભ્યો ત્વરિત ઘટનાસ્થળે પહોંચ્યા હતા. શરૂઆતમાં 8 લોકોના મોતની પુષ્ટી થઈ હતી પરંતુ પછીથી મૃત્યુઆંક વધીને 10 પર પહોંચી ગયો હતો. ઘાયલોની હાલમાં નજીકની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

## 50 દેશોના શેફ, 1000 વૈભવી કાર....

# કેવો ભવ્ય હશે જીત અદાણીનો લગ્ન સમારોહ?

(એજન્સી) મુંબઈ । તા.22

દેશના સૌથી મોટા ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીનું પ્રિ વેડિંગ ઘણુ ચર્ચામાં રહ્યું હતું. પ્રિ વેડિંગમાં વિશ્વભરના દિગ્ગજોએ હાજરી આપી હતી. ત્યારે હવે ગૌતમ અદાણીના પુત્ર જીત અદાણીના લગ્નને લઈને ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. તેમના પ્રી-વેડિંગ ઉદયપુરમાં થયા છે. પણ લગ્ન હજુ થયા નથી. રિપોર્ટ અનુસાર, જીત અદાણીના લગ્નમાં ઘણા પ્રખ્યાત ચહેરાઓ પણ હાજરી આપશે.મહત્વનું છે કે ગૌતમ અદાણીના પુત્ર જીત અદાણી 7 ફેબ્રુઆરીએ લગ્ન કરવા જઈ રહ્યા છે. ત્યારે આ લગ્ન સમારોહમાં 50 દેશ કરતા પણ વધારે શેફ બોલાવ્યા હોવાનું ન્યૂઝ 18ના રિપોર્ટ દ્વારા જાણવા મળ્યું છે. બોલિવૂડથી લઈને હોલિવૂડ સુધી અનેક સેલિબ્રિટી હાજર રહી શકે છે. મહત્વનું છે કે અદાણીના દિકરા જીત અદાણીના લગ્ન ગુજરાતના હીરાના વેપારી જૈમિન શાહની દીકરી દિવા સાથે થઈ રહ્યા છે.જીત અને દીવાએ 12 માર્ચે સગાઈ કરી હતી. તેમણે તેમના સંબંધોને ખાનગી રાખ્યા હતા. પરંતુ તેમના પ્રિવેડિંગ સમારોહ બાદ લગ્ન વિશે ચર્ચાઓ અનંત અંબાણીની જેમ જ શરૂ થઈ ગઈ. હવે એવા અહેવાલો આવી રહ્યા છે કે પ્રખ્યાત હોલીવુડ ગાયિકા ટેલર સ્વિફ્ટ જીતના લગ્નમાં પરફોર્મ કરી શકે છે.

એવા અહેવાલો છે કે જીત અને દિવા શાહનો લગ્ન સમારોહ અનંત અંબાણીના લગ્ન કરતાં પણ વધુ ભવ્ય હોઈ શકે છે. તેમના લગ્નમાં ભારત અને વિદેશની ઘણી પ્રખ્યાત હસ્તીઓ હાજરી આપી શકે છે. અહેવાલ મુજબ, મ્યુઝિક આઈકોન ટ્રેવિસ સ્કોટ અને હની સિંહ પરફોર્મ કરી શકે છે. આ ઉપરાંત ગ્લોબલ આઈકોન કાઈલી જેનર, કેન્ડલ જેનર, સેલેના ગોમેઝ અને સિડની સ્વીની પણ આ કાર્યક્રમમાં હાજરી આપી શકે છે.જ્યારે ટેલર સ્વિફ્ટના આગમનના અહેવાલો પણ છે. જોકે, તેમના આગમન અંગે હજુ પણ ચર્ચાઓ ચાલી રહી છે. એવું માનવામાં આવે છે કે તે જીત અને દિવાના લગ્ન સમારોહમાં હાજરી આપી શકે છે. હાલમાં તેમના તરફથી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.



### 1000થી વધુ લક્ઝરી કાર

ગૌતમ અદાણી દેશના સૌથી મોટા ઉદ્યોગપતિઓમાંના એક છે. તેમના પુત્રના લગ્ન છે, તેથી દેશની જાણીતી હસ્તીઓ ચોક્કસપણે તેમાં હાજરી આપશે. આ ઉપરાંત વિદેશથી પણ મહેમાનો આવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે લોકો 1000 થી વધુ લક્ઝરી અને મોંઘી કારમાં આવશે અને તેમની સેવા અને ભોજન સુવિધાઓ માટે, 58 દેશોના પ્રખ્યાત અને શ્રેષ્ઠ શેફને બોલાવવામાં આવશે.

## PMએ બેટી બચાઓ, બેટી પઢાઓ આંદોલનનાં 10 વર્ષ પૂર્ણ કર્યા

# બેટી બચાઓ, બેટી પઢાઓ અભિયાન લૈંગિક ભેદભાવને દૂર કરવામાં મદદરૂપ બન્યું : PM

(એજન્સી) નવી દિલ્હી । તા.22

બેટી બચાઓ, બેટી પઢાઓ આંદોલનને આજે 10 વર્ષ પૂર્ણ થવાનાં પ્રસંગે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આ આંદોલન પરિવર્તનકારી, જનશક્તિશાળી પહેલ બની ગયું છે અને જીવનનાં તમામ ક્ષેત્રોનાં લોકો પાસેથી સહભાગીતા પ્રાપ્ત કરી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, બેટી બચાઓ, બેટી પઢાઓએ લિંગ ભેદભાવ દૂર કરવામાં અને બાળકીઓને સશક્ત બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. શ્રી મોદીએ વધુમાં નોંધ્યું હતું કે, ઐતિહાસિક રીતે બાળકોનું લિંગપ્રમાણ ઓછું હોય તેવા જિલ્લાઓમાં નોંધપાત્ર સુધારો નોંધાયો છે તથા આ આંદોલનને પાયાનાં સ્તરે જીવંત બનાવનાર તમામ હિતધારકોની પ્રશંસા કરી હતી.

### X પર થ્રેડ પોસ્ટમાં, તેમણે લખ્યું

'આજે આપણે ★BetiBachao BetiPadhao આંદોલનનાં 10 વર્ષ પૂર્ણ કરી રહ્યાં છીએ. છેલ્લા એક દાયકામાં, તે એક પરિવર્તનકારી, લોકો દ્વારા સંચાલિત પહેલ બની ગઈ છે અને જીવનના દરેક ક્ષેત્રના લોકોની ભાગીદારી મેળવી છે.'

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, 'લોકો અને વિવિધ સામુદાયિક સેવા સંસ્થાઓનાં સમર્પિત પ્રયાસોને કારણે નોંધપાત્ર સીમાચિહ્નો હાંસલ કર્યા છે. ઐતિહાસિક રીતે નીચા બાળ લૈંગિક ગુણોત્તર ધરાવતા જિલ્લાઓમાં નોંધપાત્ર સુધારો નોંધાયો છે અને જાગૃતિ અભિયાનોએ લિંગ સમાનતાના મહત્ત્વની ઊંડી સમજ પેદા કરી છે.'



# પ્રમિલા શર્મા દ્વારા લખાયેલા નાટકને ગાંધી મેમોરિયલ ફંડનો પ્રતિષ્ઠિત પુરસ્કાર મળ્યો

(એજન્સી) મુંબઈ । તા.22

મુંબઈ શહેરના વરિષ્ઠ સાહિત્યકાર અને મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમી, મુંબઈના સભ્ય શ્રીમતી પ્રમિલા શર્મા દ્વારા લખાયેલ અને ચેમ્બુરની રાયન ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા મંચન કરાયેલ ભવ્ય નાટક 'સત્ય-અહિંસા કે સાથ ગાંધીજી' 'ગાંધી' દ્વારા રજૂ કરવામાં આવ્યું છે. મેમોરિયલ ફંડ અને મણિ ભવન ગાંધી મ્યુઝિયમ 'દ્વારા આયોજિત નાટક સ્પર્ધામાં તેમને પ્રતિષ્ઠિત પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો'.

ઉલ્લેખનીય છે કે 'ગાંધી મેમોરિયલ ફંડ અને મણિ ભવન ગાંધી મ્યુઝિયમ' દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં મુંબઈની સોથી વધુ શાળાઓ અને કોલેજોએ ભાગ લીધો હતો. ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫, મંગળવારના રોજ ચર્ની



રોડ સ્થિત ભારતીય વિદ્યા ભવનના ઓડિટોરિયમ ખાતે આયોજિત ઈનામ વિતરણ સમારોહમાં બોમ્બે હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ ગૌતમ પટેલ દ્વારા સ્પર્ધાઓના વિવિધ વિજેતાઓને પુરસ્કાર આપવામાં આવ્યા. ચેમ્બુરની રાયન ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ નાટક સ્પર્ધામાં 'સત્ય-અહિંસા કે સાથ ગાંધી જી' નાટક રજૂ કર્યું હતું, જેને બધા પ્રેક્ષકોએ ખૂબ પ્રશંસા આપી હતી. આ નાટકના અસરકારક મંચ માટે રાયન સ્કૂલને બીજું ઈનામ આપવામાં આવ્યું હતું. શ્રીમતી પ્રમિલા શર્મા દ્વારા લખાયેલ, આ નાટકનું દિગ્દર્શન શ્રીમતી નિવેદિતા ગાંગુર્ડે દ્વારા કરવામાં આવ્યું હતું.

આ નાટકમાં મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવનારા અને વિવિધ પાત્રોને જીવંત કરનારા વિદ્યાર્થીઓમાં અદિતિ શાહ, તારિણી શ્રીકાંત, નમિષ કટારે, અન્વીની ફોકમારે, હિનલ ઓસવાલ, નિવી રાઠોડ, અનન્યા ભોસલે, મનસ્વી આગાઝ, આરાધ્યા તિવારી અને અહેમદ ખાનનો સમાવેશ થાય છે. નાટક સ્પર્ધામાં, રાયન ઈન્ટરનેશનલ સ્કૂલની વિદ્યાર્થીની અદિતિ શાહને ઉત્તમ દિગ્દર્શન માટે પ્રથમ ઈનામ મળ્યું.

# પ. બંગાળ સરકારે સંજય રોયની આજીવન કેદની સજાને કલકત્તા હાઈકોર્ટમાં પડકારી

(એજન્સી) કોલકાતા । તા.22

પશ્ચિમ બંગાળ સરકારે આરજી કર બળાત્કાર અને હત્યા કેસમાં સિયાલદહ કોર્ટની વિશેષ કોર્ટની સજા વિરુદ્ધ કલકત્તા હાઈકોર્ટનો સંપર્ક સાધ્યો છે. કોલકાતા રેપ અને મર્ડરના દોષિત સંજય રોયને સોમવારે સિયાલદહ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી.

આ ચુકાદાની વિરુદ્ધ મમતા સરકાર હવે કલકત્તા હાઈકોર્ટ પહોંચી ગઈ છે. બંગાળ સરકારની તરફથી એડવોકેટ જનરલ કિશોર દત્તાએ સિયાલદહ કોર્ટની વિરુદ્ધ અરજી દાખલ કરી છે. તેમણે જણાવ્યું હતું કે દોષિત સંજય રોયને આજીવન કેદની સજા પૂરતી નથી તેના માટે ફાંસીની સજા યોગ્ય છે.આ અગાઉ કલકત્તા હાઈકોર્ટે સરકારી આર જી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ડોક્ટરથી બળાત્કાર અને તેની હત્યાના કેસમાં સિયાલદહ કોર્ટ દ્વારા સંજય રોયને આજીવન કેદની સજાના આદેશની વિરુદ્ધ મંગળવારે રાજ્ય સરકારને અપીલ દાખલ કરવાની પરવાનગી આપી હતી.એડવોકેટ કિશોર દત્તાએ કેસમાં એક માત્ર દોષિત રોયને મૃત્યુ દંડની સજા ફટકારવાની માંગ કરતી અપીલ ન્યાયમૂર્તિ દેબાંગસુ બસાકની અધ્યક્ષતાવાળી ખંડપીઠની સમક્ષ અપીલ દાખલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે સિયાલદેહ કોર્ટે ફાંસીની સજાની માંગ ફગાવતા જણાવ્યું હતું કે આ કેસ રેરેસ્ટ ઓફ ધ રેર ન હોવાથી મૃત્યુ સુધી કેદની સજા યોગ્ય છે. આ કોર્ટે રોયને ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. કોર્ટે રાજ્ય સરકારને પીડિતાના પરિવારને ૧૭ લાખ રૂપિયા વળતર ચુકવવાનો પણ આદેશ આપ્યો છે.

# મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સરકારના નિર્ણયસામે શિવસૈનિકોલાલઘૂમ

(એજન્સી) મુંબઈ । તા.22

મહારાષ્ટ્રમાં નાસિક અને રાયગડના પ્રભારી મંત્રીઓ મુદ્દે વિવાદ સતત વધી રહ્યો છે. શિવસેનાના નેતા અને રોજગાર ગેરેંટી મંત્રી ભરત ગોગાવલેના સમર્થકોએ પક્ષના અધ્યક્ષ એકનાથ શિંદેના ઘરે ધરણા શરૂ કર્યા છે. મંગળવાર સાંજે સાઉથ મુંબઈમાં સ્થિત એકનાથ શિંદેના નિવાસ મુક્તાગિરીની બહાર ગોગાવલેના સમર્થકોએ સુત્રોચ્ચાર સાથે વિરોધ દર્શાવ્યો હતો. શિવસેનાના કોઈપણ નેતાને પ્રભારી મંત્રી ન બનાવતાં પક્ષ સતત વિરોધ કરી રહ્યું છે. જેના લીધે દેવેન્દ્ર ફડણવીસ સરકારે નાસિકમાં ગિરીશ મહાજન અને રાયગડમાં એનસીપી અદિતિ તટકરેને પ્રભારી મંત્રી બનાવવાના આદેશ પર પ્રતિબંધ લાદ્યો હતો.

શિવસેનાએ રાયગડ જિલ્લાના પ્રભારી મંત્રી (ગાર્ડિયન મિનિસ્ટર) ગોગાવલેને બનાવવાની માગ કરી છે. આ મુદ્દે ગોગાવલેના સમર્થક બે ધારાસભ્ય મહેન્દ્ર થોર્વે અને મહેન્દ્ર ડલવી રાજ્યના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે મુલાકાત કરશે. ગોગાવલે આ વિસ્તારમાં મોટા પ્રમાણમાં જનાધાર રાખતાં હોવાથી શિવસેનાએ આ માગ કરી છે. ઉલ્લેખનીય છે કે, શિવસેના એનસીપી નેતા અદિતિ તટકરેને રાયગડના પ્રભારી મંત્રી બનાવવામાં આવતાં આક્રોશમાં છે. પ્રભારી મંત્રીની પસંદગીમાં મહાયુતિ સરકારે શિવસેનાને અવગણી હોવાનો આરોપ મૂકાઈ રહ્યો છે. નાસિકમાં ભાજપ નેતા ગિરીશ મહાજનને પ્રભારી મંત્રી બનાવવામાં આવ્યા છે. જેનો શિવસેનામાંથી ધારાસભ્ય દાદા ભૂસે અને તેમના સમર્થક વિરોધ કરી રહ્યા છે. દાદા ભૂસેએ અગાઉ આ જિલ્લાની જવાબદારી સંભાળી હતી. શનિવારે ગોગાવલેના સમર્થકોએ મુંબઈ અને ગોવા હાઈવે પર ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શનો કર્યા હતા. બીજી તરફ રાયગડમાં ગોગાવલે અને તટકરે વચ્ચે લાંબા સમયથી મતભેદો છે. બંને એકબીજાની વિરૂદ્ધ રાજકારણના દાંવ રમે છે. હવે એક જ સરકારમાં સામેલ હોવા છતાં તેમના સંબંધોની આ ખટાશ દૂર થઈ શકી નથી.

## ભારે વરસાદ અને હાડ થીજાવતી ઠંડી, દિલ્હી-NCRમાં વરસાદની શક્યતા

(એજન્સી) નવી દિલ્હી । તા. 22

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દેશમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થયું છે, જેના કારણે દિલ્હી-એનસીઆરમાં આજે અને આવતીકાલે વરસાદનું એલર્ટ છે. આજે દિલ્હી-એનસીઆરમાં સવારથી જ ગાઢ વાદળો છવાયા હતા. સવારે 7:13 વાગ્યે સૂર્ય ઉગ્યો અને થોડીવાર પછી તે તડકો બની ગયો. સાંજે 5:51 કલાકે સૂર્યદેવ અસ્તવ્યસ્ત થશે. ગઈકાલે મંગળવારે દિલ્હીમાં મહત્તમ તાપમાન 24 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 10.6 ડિગ્રી હતું. આજે, 22 જાન્યુઆરી, બુધવારે સવારે મહત્તમ તાપમાન 19.76 ડિગ્રી છે.

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**પ્રોજેક્ટ સુપરવિઝન સર્વિસ એજન્સીની નિમણૂક**

ઇ-ટેન્ડર નં : DyCSTE_Works_BRC_PSSA_01 તારીખ 21/01/2025 ટેન્ડર નંબર : DyCSTE_Works_BRC_PSSA_01 વિભાગ : સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન. એક્ઝિક્યુટિવ: ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર વર્ક્સ, પશ્ચિમ રેલ્વે, વડોદરા. કાર્ય અને સ્થાન : પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગમાં S&T વિભાગના વિવિધ સિગ્નલિંગ પ્રોજેક્ટ્સ માટે પ્રોજેક્ટ સુપરવિઝન સેવાઓ પૂરી પાડવા માટે પ્રોજેક્ટ સુપરવિઝન સર્વિસ એજન્સીની નિમણૂક. કામનો અંદાજિત ખર્ચ : ₹69330951.84 ટેન્ડર ફોર્મનો ખર્ચ : Nil વિશેષ કાર્યાલય જ્યાં ઇ-ટેન્ડર ખુલશે : ડેપ્યુટી ચીફ સીએસટીઇ / વર્ક્સ (એસ એન્ડ ટી), બીજો માળ, એનેક્સી બિલ્ડીંગ, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ, પ્રતાપનગર, વડોદરા - 390 004. અર્નેસ્ટ મની ડિપોઝિટ : ₹496700.00 પૂર્ણતા સમયગાળો : 24 મહિના ઓફરની માન્યતા : ખુલવાની તારીખથી 120 દિવસ ઇ-ટેન્ડરનો પ્રકાર : ઓપન ઇ-ટેન્ડર, સિંગલ સ્ટેજ ટુ પેકેટ સિસ્ટમ પ્રી-બિડ કોન્ફરન્સ તારીખ અને સમય : 07/03/2025 (15:00 કલાક IST) ટેન્ડર બંધ થવાની તારીખ : 03/03/2025 (15:00 કલાક IST) ટેન્ડર વેબસાઇટ http://www.ireps.gov.in પર જોઈ શકાશે. 278

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**AVAILABLE FOR SALE**

| MAKE | MODEL | REG.NO |
|---|---|---|
| TATA/ACE GOLD | 2023 | GJ-01-KT-7866 |
| TATA/ACE GOLD | 2023 | GJ-27-TF-0125 |
| VE CV EICHER/PRO 2059 | 2023 | GJ-01-KT-5356 |

IN " AS IS WHERE IS CONDITION"
Contact : SUNDARAM FINANCE LIMITED.
212- 214, B WING, SUND WEST BANK BUILDING,
OPP VALLBH SADAN, ASHRAM ROAD AHMEDABAD 380009
WITHIN 3 DAYS PH: 9723708989

**પશ્ચિમ રેલવે**
**સામગ્રી વ્યવસ્થાપન વિભાગ**
**ઇ-ઓક્શન સેલ પ્રોગ્રામ માટે સુધારાત્મક**
**Pway અને અન્ય વિવિધ સ્ક્રેપ માટે ફેબ્રુઆરી 2025 દરમિયાન વધારાનો ઈ-ઓક્શન સેલ પ્રોગ્રામ.**

કૃપા કરીને આ ઓફિસ ઈ-ઓક્શન સેલ નોટિફિકેશન નંબરનો સંદર્ભ લો:- SIII/ઓક્શન પ્રોગ્રામ-1/ફેબ્રુઆરી-2025, તારીખ:- 07-01-2025. નીચેના ડેપો માટે ફેબ્રુઆરી-2025માં પી-વે સ્ક્રેપ સામગ્રીના નિકાલ માટેનો નીચેનો વધારાનો ઈ-ઓક્શન કાર્યક્રમ યોજાશે.

| વિભાગ | ફેબ્રુઆરી-2025 નો વધારાનો ઈ-ઓક્શન કાર્યક્રમ | પ્રભારી વિભાગીય અધિકારી | વિભાગ |
|---|---|---|---|
| અમદાવાદ | 04.02.2025 | વરિષ્ઠ વિભાગીય સામગ્રી મેનેજર - અમદાવાદ. | 07922205888 09724093750 |

અન્ય તમામ નિયમો અને શરતો યથાવત રહેશે.
વધુ માહિતી માટે કૃપા કરીને મટિરિયલ મેનેજમેન્ટ વિભાગની પશ્ચિમ રેલવેની વેબસાઈટ www.wr.indianrailways.gov.in તેમજ www.ireps.gov.in ઈ-ઓક્શન પોર્ટલની મુલાકાત લો.
(નંબર:- SIII /AUCTIONPROGRAMME-2/ફેબ્રુઆરી 2025. તારીખ:- 22-01-2025) 1001

અમને લાઇક કરો facebook.com/WesternRly • અમને ફોલો કરો X.com/WesternRly

## રાજ્યમાં અદ્યતન ટેકનોલોજીથી બનશે 607 આંગણવાડી કેન્દ્ર

ગાંધીનગર: નાના બાળકોને આંગણવાડીમાં ખુબ મજા આવે છે. ત્યાં બાળક પોતાના સમવયસ્કો સાથે જ્ઞાન સાથે ગમ્મત કરતા જોવા મળે છે. હવે ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, અદ્યતન અને સુવિધા સભર આંગણવાડી કેન્દ્રોનું નિર્માણએ વિકસિત ભારત @ ૨૦૪૭ના નિર્ધારમાં વિકસિત ગુજરાતથી અગ્રેસર રહેનારી ભાવિ પેઢીનો મજબૂત પાયો છે. મુખ્યમંત્રી રાજ્ય સરકારના સાહસ GSPC અને તેની ગ્રુપ કંપનીઝ દ્વારા CSR અંતર્ગત નિર્માણ થનારી ૬૦૭ આંગણવાડી કેન્દ્રો-નંદઘરના નિર્માણનો ઈ-શુભારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા.

સિટી
# એક્સપ્રેસ
THURSDAY 23 JANUARY-2025
AHMEDABAD

## મણિયારા રાસનો સમગ્ર દેશમાં વાગ્યો ડંકો, ગુજરાતીઓ માટે ગૌરવ સમાન

ગાંધીનગર: ૭૬ મા ગણતંત્ર દિનની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી નવી દિલ્હી ખાતે થનાર છે. જેમાં વિવિધ રાજ્યો દ્વારા અલગ અલગ થીમ આધારિત ટેબ્લો રજૂ થશે. આ ટેબ્લોમાં રજૂ થનાર સાંસ્કૃતિક કાર્યક્રમોની સ્પર્ધા ૨૧મી જાન્યુઆરીએ દિલ્હી ખાતે યોજાઈ હતી. જેમાં ગુજરાત ટેબ્લો સાથે આવેલા કલાકારો દ્વારા રજૂ કરવામાં આવેલા સાંસ્કૃતિક પરફોર્મન્સ ત્રીજા ક્રમે વિજેતા બન્યું છે જે સૌ ગુજરાતીઓ માટે ગૌરવ સમાન છે. સાંસ્કૃતિક દ્રષ્ટિએ પ્રતિનિધિત્વ કરતા કલાકારો દ્વારા રાષ્ટ્રીય રંગશાળા શિબિર દિલ્હી કેન્ટોન્મેન્ટ ખાતેના "ઝંકાર હોલ"ખાતે સાંસ્કૃતિક સ્પર્ધા યોજાઈ હતી.



# ગુજરાત વિધાનસભાનું કેલેન્ડર જાહેર, બજેટ સત્રમાં 27 બેઠકો યોજાશે

(એજન્સી) ગાંધીનગર | તા.22

ગુજરાત વિધાનસભાનું વર્ષ 2025-26નું બજેટ સત્ર આ વર્ષે બેઠકો માટે કાર્યરત રહેશે. જેમાં તારીખ 20મી ફેબ્રુઆરીએ રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઇ બજેટ રજૂ કરશે. 27 બેઠકો માટે ચાલનાર આ સત્ર તારીખ 19મી ફેબ્રુઆરી 2025 થી 28 માર્ચ 2025 સુધી ચાલશે. આ સત્ર દરમિયાન પ્રથમ દિવસે રાજ્યપાલનું સંબોધન- આભાર પ્રસ્તાવ હશે, શોક દર્શક ઉલ્લેખ અને સરકારી વિધેયક રજૂ કરવામાં આવશે. બજેટ સત્ર હોવાથી 20મી ફેબ્રુઆરીએ બજેટ રજૂ થશે. જેમાં વર્ષ- 2009-2010 અને 2010-2011ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકોની રજૂઆત, વર્ષ 2024-2025ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત અને વર્ષ 2025-2026ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત કરવામાં આવશે. આ ઉપરાંત, અંદાજપત્ર - બજેટ પર ચર્ચા, સરકારી સંકલ્પો, માંગણીઓ પર ચર્ચાઓ અને સરકારી- બિન સરકારી વિધેયકો પણ રજૂ કરવામાં આવશે.




**પંદરમી ગુજરાત વિધાનસભાનું છઠ્ઠુ સત્ર 19 ફેબ્રુઆરીથી મળશે : ઋષિકેશ પટેલ**

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે પંદરમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્ર વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, આગામી તા. 19 ફેબ્રુઆરીથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર મળશે. 19 ફેબ્રુઆરીથી શરૂ થનાર બજેટ સત્ર 28 માર્ચ સુધી ચાલશે. જેમા કુલ 27 બેઠકો મળશે. 26 દિવસ ચાલનારા બજેટ સત્રમાં પ્રથમ દિવસે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના સંબોધનથી શરૂઆત થશે. નાણા મંત્રી કનુભાઈ દેસાઈ સત્રના બીજા દિવસ 20મી ફેબ્રુઆરીએ ગુજરાતનું વર્ષ 2025-26નું બજેટ રજૂ કરશે.

### આગામી વર્ષ માટેની નાણાકીય યોજનાઓ-વિકાસની રૂપરેખા આપશે સરકાર

આ મહત્ત્વપૂર્ણ સત્રમાં નાણામંત્રી કનુ દેસાઈ રાજ્ય બજેટ રજૂ કરશે, જેમાં આગામી વર્ષ માટે સરકારની નાણાકીય યોજનાઓ અને વિકાસ પહેલની રૂપરેખા આપવામાં આવશે. સત્રની શરુઆત રાજ્ય બજેટ રજૂ કરવા સાથે થશે, જેમાં માળખાગત સુવિધાઓ, શિક્ષણ, આરોગ્ય સંભાળ અને સામાજિક કલ્યાણ સહિતના વિવિધ ક્ષેત્રો માટે મુખ્ય ફાળવણીઓ જાહેર થવાની અપેક્ષા છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સરકારની કામગીરીની ચકાસણી કરશે, બેરોજગારી અને ખ્યાતિ હૉસ્પિટલના કૌભાંડ જેવા મુદ્દાઓ પર ચિંતા વ્યક્ત કરશે તેવી અપેક્ષા છે.

## ઉમરગામ અને કપરાડામાં યોજાશે તાલુકા પંચાયતની ચૂંટણી

રાજ્ય ચૂંટણી આયોગે મહાપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણીઓની જાહેરાત કરી છે,રાજ્ય ચૂંટણી પંચે વલસાડ, પારડી અને ધરમપુર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓની જાહેરાત કરી છે, જે છેલ્લા બે વર્ષથી ઝવેરી કમિશનના રિપોર્ટને કારણે મુલતવી રાખવામાં આવી હતી.

**44 બેઠકો માટે ચૂંટણી યોજાશે**

વલસાડ નગરપાલિકામાં સૌથી વધુ 11 વોર્ડની 44 બેઠકો માટે ચૂંટણી યોજાશે,જેમાં 97,932 મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. આ વિસ્તારની કુલ વસ્તી 1.52 લાખ છે. પારડી નગરપાલિકામાં 7 વોર્ડની 28 બેઠકો અને ધરમપુર નગરપાલિકામાં 6 વોર્ડની 24 બેઠકો માટે મતદાન થશે.વલસાડમાં પણ અલગ-અલગ સમસ્યાઓ છે ત્યારે આ વખતે જનતા કોને મત આપે છે અને કોણ જીતે છે તે મહત્વનું રહેશે,ભાજપ બાજી મારશે કે કોંગ્રેસ બાજી મારશે તેની પર સૌ કોઈની મદાર છે.

## ધો.10-12ની બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર, શિક્ષણ બોર્ડે કર્યો જાહેર

(એજન્સી) ગાંધીનગર | તા.22

ગુજરાતમાં આગામી 27 ફેબ્રુઆરીથી ધો.10-12ની બોર્ડની પરીક્ષા શરુ થવાની છે, ત્યારે વિદ્યાર્થીઓ પરીક્ષાની તનતોડ મહેનતમાં લાગી ગયા છે. આ દરમિયાન બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં શિક્ષણ વિભાગે ધો.10-12ની બોર્ડની પરીક્ષાને ધ્યાનમાં રાખીને ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે. રાજ્યમાં આગામી ફેબ્રુઆરી અને માર્ચ મહિના દરમિયાન ધો.10-12ની બોર્ડની પરીક્ષા યોજાવાની છે, ત્યારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે વિદ્યાર્થી, વાલીઓ અને શાળાને માર્ગદર્શન માટે ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે. જેમાં આગામી 27 જાન્યુઆરીથી 17 માર્ચ દરમિયાન આ સુવિધા કાર્યરત રહેશે. શિક્ષણ વિભાગે જાહેર કરેલો બોર્ડની પરીક્ષાનો ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર 18002335500 છે. જેમાં બોર્ડની પરીક્ષા સંબંધિત મુંઝવણને લઈને વિદ્યાર્થી, વાલીઓ કે શાળા જણાવેલા ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર પર સવારે 11 વાગ્યાથી સાંજના 6 વાગ્યા સુધીમાં સંપર્ક કરી શકશે.

### અમદાવાદમાં કોલ્ડપ્લે કોન્સર્ટ : ટિકિટની કાળાબજારી કરનાર બે લોકો ઝડપાયા

અમદાવાદ : અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આગામી 25મી અને 26મી જાન્યુઆરીએ કોલ્ડપ્લે કોન્સર્ટ યોજાશે. આ કોન્સર્ટની ટિકિટનું વેચાણ શરૂ થયા બાદ અમુક સમયમાં હજારો ટિકિટ વેચાઈ ગઈ હતી. થોડા દિવસ પહેલા અમદાવાદમાં કોલ્ડપ્લે કોન્સર્ટની ટિકિટના કાળા બજારી કરનારો શખ્સ ઝડપાયો હતો. ત્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાંચની ટીમે બાતમીના આધારે વધુ ભાવે ખોટી રીતે કોલ્ડપ્લે કોન્સર્ટની ટિકિટનું વેચાણ કરતાં વધુ બે શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે. સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી.

## ધોળકાના ગોડાઉનમાંથી 24 લાખથી વધુની કિંમતની 7,355 દારૂની બોટલ LCBએ ઝડપી



**રાજ્યમાં બુટલેગરો બેફામ બનતા જઈ રહ્યાં છે. બુટલેગરોને જાણે પોલીસનો કોઈ ખૌફ ન હોય તેમ દારૂની હેરાફેરી કરી રહ્યાં છે. ત્યારે હવે ધોળકામાંથી દારૂ ભરેલ ગોડાઉન ઝડપાયું છે.**

(એજન્સી) ધોળકા | તા.22

મળતી માહિતી મુજબ, LCBએ ધોળકાના બદરખા ગામેથી દારૂ ભરેલ ગોડાઉન ઝડપી પાડ્યું છે. બદરખા દારૂનું ગોડાઉન ભરેલું હતું અને ધોળકા પોલીસ ઉંઘતી રહી અને LCB ત્રાટકી હતી. અમદાવાદ ગ્રામ્ય એલસીબીએ બાતમીના આધારે દારૂનું ગોડાઉન ઝડપી પાડ્યું છે. બદરખા ગામે આવેલ આઈ.ટી.આઈ પાસે આવેલ ગોડાઉનમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો છે. ત્યારે હવે બુટલેગરો અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં દારૂનું કટીંગ વેચાણ તો કરી રહ્યા છે પરંતુ હવે ગોડાઉનનો પણ દારૂ ભરીને રાખી રહ્યા છે. અમદાવાદ ગ્રામ્ય એલસીબીએ વિદેશી દારૂની બોટલ નંગ ૭૩૫૫ બે મોબાઈલ, રોકડ, એકટીવા, સહિત કુલ ૨૪,૪૬,૬૫૦ ના મુદ્દામાં સાથે બે બુટલેગરો ને ઝડપી પાડ્યા છે. આરોપી રમેશભાઈ આઈદાન ચૌધરી અને રાજુભાઈ દાનારામ ભીલ બંને રહે. ઉમંગ નગર નારોલ અમદાવાદ વાળાને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

## હવામાન વિભાગની આગાહી
### રાજયમાં ફરીથી ઠંડીનો રાઉન્ડ શરૂ થશે



(એજન્સી) ગાંધીનગર | તા.22

ઠંડીને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે જેમાં રાજ્યમાં ફરીથી ઠંડીનો રાઉન્ડ શરૂ થશે સાથે સાતે 24 કલાક બાદ ઠંડીનું જોર વધશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે,લઘુતમ તાપમાન 2 થી 3 ડિગ્રી ઘટી શકે તેવી આગાહી કરવામાં આવી છે.મહત્વનું છે કે,રાજસ્થાનમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે અને સર્ક્યુલેશનથી વાદળછાયું વાતાવરણ રહી શકે છે ગુજરાતમાં તેવી આગાહી કરવામાં આવી છે.

**24 કલાક બાદ ઠંડી વધશે**

હવામાન વિભાગની આગાહી પ્રમાણે વાત કરવામાં આવે તો લઘુતમ તાપમાન 2 થી 3 ડિગ્રી ઘટશે સાથે સાથે નલિયામાં 9 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે,રાજ્યના હવામાન વિભાગનું અનુમાન છે કે,અમદાવાદ 14 થી 15 ડિગ્રી અને ગાંધીનગર 13 થી 14 ડિગ્રી તાપમાન જઈ શકે છે.

બે દિવસ બાદ ઠંડીનો નવો રાઉન્ડ શરૂ થવાની શક્યતા છે, જેને પગલે ઠંડીનો પારો 13 ડિગ્રી સુધી ગગડવાની આગાહી કરવામાં આવી છે, જે આ સિઝનની સૌથી વધુ ઠંડી નોંધાઇ શકે એમ છે. કારણ કે, આ સિઝનમાં અત્યાર સુધીમાં લઘુતમ તાપમાન 14 ડિગ્રીના નીચે ગયું નથી.છેલ્લા બે દિવસથી ઉત્તર ભારતમાં બરફ વર્ષા શરૂ થઈ છે, જેને પગલે તાપમાન ફ્રીઝિંગ પોઇંટ પર છે.

### નડિયાદમાં લવજેહાદ બેફામ!
## ધાક ધમકી આપીને નડિયાદના બુટલેગર રઈશ મહીડાએ મહિલાનું કર્યું શોષણ

(એજન્સી) નડિયાદ | તા.22

નડિયાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં વધુ એકવાર લવજેહાદનો મામલો સામે આવ્યો છે. એક મુસ્લિમ બુટલેગર દ્વારા હિન્દૂ મહિલાનો શોષણ કર્યું હોવાની પ્રાથમિક વિગતો મળી રહી છે. બુટલેગર રઈશ મહીડા મહિલાનું શોષણ કરતો હોવાનું સામે આવ્યું છે. નડિયાદના કુખ્યાત બુટલેગર રઈશ મહીડાએ હિન્દુ મહિલાનું ધાક ધમકીથી શોષણ કરતો હતો. પોલીસ ફરિયાદમાં પેરાલિસીસથી પીડિત નાગરિકના પત્નીનુ શારીરિક અને આર્થિક શોષણનો ચોકાવાનારો ઘટસ્ફોટ થયો છે. આ વિર્ધર્મી શખસે ફરસાણની દુકાન ધરાવતા પરિવારની દુકાન ચલાવતી મહિલાને ફસાવી હતી. મહિલાના પતી સાથે મુલાકાત કરી વિધર્મી રઈશ મહીડા ઘર સુધી પહોંચી ગયો હતો. તાજેતરમાં જ SMCના દરોડામાં મહીડાનો લાખોનો દારૂ ઝડપાયો હતો. આરોપી રઈશ મહીડા ઉપર પાંચ પ્રોહી ગુના દાખલ છે. નડીયાદ પશ્ચિમ પોલીસમાં ભારે દબદબો ધરાવતો બુટલેગરનો વિસ્તારમાં ભારે ખોફ પણ છે. અનેક પ્રયત્નોના અંતે નડિયાદ પશ્ચિમ પોલીસ મથકે આ અંગે ફરિયાદ દાખલ કરી આગળથી વધુ કાર્યવાહી હાથ ધરાઈ છે. બુટલેગર નડિયાદ પશ્ચિમ પોલીસમાં ભારે દબદબો ધરાવતો હોવાથી મહિલાને ન્યાય મળે અને નિષ્પક્ષ તપાસ થાય તેવી મહિલા માગ કરી રહી છે.



**નડિયાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં વધુ એકવાર લવજેહાદનો મામલો સામે આવ્યો છે. એક મુસ્લિમ બુટલેગર દ્વારા હિન્દૂ મહિલાનો શોષણ કર્યું હોવાની પ્રાથમિક વિગતો મળી રહી છે. બુટલેગર રઈશ મહીડા મહિલાનું શોષણ કરતો હોવાનું સામે આવ્યું છે**

### રાજ્ય સરકારનો નિર્ણય
## નવી મનપામાં વર્ગ 1 અને 2ની જગ્યાઓ પર ભરતી જાહેર થશે

(એજન્સી) ગાંધીનગર | તા.22

ગુજરાતની મહાનગર પાલિકાઓમાં ભરતી પ્રક્રિયાને લઈને સમાચાર સામે આવ્યા છે. જેમાં રાજ્યમાં જાહેર કરાયેલી નવી મહાનગર પાલિકાઓમાં ક્લાસ 1 અને 2ના પદ પર ભરતી કરવાને લઈને સરકારે મંજૂરી આપી છે. ભરતી પ્રક્રિયા GPSC દ્વારા હાથ ધરવામાં આવશે. સમગ્ર મામલે GPSCના ચેરમેન હસમુખ પટેલે પોસ્ટ શેર કરીને જાણકારી આપી છે.

**નવી મહાનગર પાલિકાઓમાં ભરતી કરાશે**

ગુજરાતમાં 9 નવી મહાનગર પાલિકાની સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. જેમાં મોરબી, સુરેન્દ્રનગર, આણંદ, નડિયાદ, વાપી, નવસારી, મહેસાણા, ગાંધીધામ અને પોરબંદરને મહાનગર પાલિકાનો દરજ્જો આપવામાં આવ્યો હતો. જ્યારે રાજ્ય સરકારે નવી જાહેર કરાયેલી મહાનગર પાલિકાઓમાં ભરતીને લઈને જગ્યા ભરવા માટે મંજૂરી આપવામાં આવી છે.

## ફી મુદ્દે હેરાન કરતી શાળાઓ સામે લેવાશે પગલાં, સુરતની ઘટના બાદ અમદાવાદ શહેર DEOનો પરિપત્ર

(એજન્સી) અમદાવાદ | તા.22

સુરતમાં વિદ્યાર્થિનીના આપઘાત અમદાવાદ શહેર ડી.ઇ.ઓ.એ એક પરિપત્ર જાહેર કરી ફીને લઇને શાળાના બાળકોને માનસિક ત્રાસ અને માનસિક કનડગત ન કરવાની કડક ચેતવણી આપી છે. જો કોઈપણ વ્યક્તિ દ્વારા આ જોગવાઈનું ઉલ્લંઘન થતું માલૂમ પડશે અથવા તએ અંગે કોઈ રજૂઆત કે ફરિયાદ મળશે અને તેમાં તથ્ય જણાશે તો તેવી વ્યક્તિ સામે તેને લાગુ પડતાં શિસ્ત વિષય નિયમોનુસાર શિસ્તભંગના પગલાં લેવામાં આવશે. અમદાવાદ શહેર ડી.ઇ.ઓ.એ પરિપત્રમાં વધુમાં જણાવ્યું હતું કે બાળકના સર્વાંગી વિકાસનું કાર્ય શાળાઓ દ્વારા થતું હોય છે. આવા ઉમદા કાર્યના ભાગીદાર થવું તે દરેક શાળાનો ધ્યેય હોવો જોઈએ. શિક્ષક દ્વારા બાળકને સૌમ્યભરા વાતાવરણમાં શિક્ષણ કાર્ય થાય તે ખૂબ જ જરૂરી છે. કેટલીક શાળાઓ દ્વારા વિદ્યાર્થીની ફી બાકી હોવાને કારણે વિદ્યાર્થીને પરિક્ષામાં ન બેસાડવા, હોલ ટીકીટ ન આપવા, રીજલ્ટ ન આપવા જેવી ફરિયાદ આવતી હોય છે.



### ડી.ઇ.ઓનો પરિપત્ર જાહેર

અમદાવાદ શહેર ડી.ઇ.ઓ.એ પરિપત્રમાં વધુમાં જણાવ્યું હતું કે બાળકના સર્વાંગી વિકાસનું કાર્ય શાળાઓ દ્વારા થતું હોય છે. આવા ઉમદા કાર્યના ભાગીદાર થવું તે દરેક શાળાનો ધ્યેય હોવો જોઈએ. શિક્ષક દ્વારા બાળકને સૌમ્યભરા વાતાવરણમાં શિક્ષણ કાર્ય થાય તે ખૂબ જ જરૂરી છે. કેટલીક શાળાઓ દ્વારા વિદ્યાર્થીની ફી બાકી હોવાને કારણે વિદ્યાર્થીને પરિક્ષામાં ન બેસાડવા, હોલ ટીકીટ ન આપવા, રીજલ્ટ ન આપવા જેવી ફરિયાદ આવતી હોય છે. તેમજ શાળા દ્વારા ફી ભરવા બાબતે વિદ્યાર્થી સાથે વારંવાર મૌખિક રજુઆત કરવામાં આવે છે. જેથી બાળકના કુમળા માનસ પર વિપરિત અસર થાય છે. જેથી તમામ શાળાઓને ફી બાકી અંગે વાલી જોડે જ રજુઆત કરવાની રહેશે. તેમજ વિદ્યાર્થીની ફી બાકી હોવાને કારણે વિદ્યાર્થીને પરિક્ષામાં બેસાડવા, હોલ ટીકીટ આપવા, રીજલ્ટ આપવા જણાવવામાં આવે છે. બાળકો માટે શાળા અને શિક્ષક એક આદર્શ હોય છે અને તેઓ દ્વારા આવા અઘટિત કાર્ય કરવામાં આવે તો બાળકોના માનસપટલ પર વિપરિત અસર કરે છે. જેના લીધે બાળક માનસિક રોગનાભોગી પણ બની શકે છે. જો કોઈપણ વ્યક્તિ દ્વારા આ જોગવાઈનું ઉલ્લંઘન થતું માલૂમ પડશે અથવા તે અંગે કોઈ રજૂઆત કે ફરિયાદ મળશે અને તેમાં તથ્ય જણાશે તો તેવી વ્યક્તિ સામે તેને લાગુ પડતા શિસ્ત વિષય નિયમોનુસાર શિસ્તભંગના પગલાં લેવામાં આવશે.

### વાંધા સૂચનો પર ચર્ચા પછી નિર્ણય : રાજ્ય સરકાર
## રાજ્યમાં જંત્રીના ભાવ ઘટાડવા મુદ્દે સરકારને 61% જેટલી અરજીઓ મળી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ઋષિકેશ પટેલ દ્વારા કેબિનેટ બેઠક મુદ્દે માહિતી આપવામાં આવી હતી જેમાં આવનાર રાજ્યના વર્ષ 2025-26ના બજેટ મુદ્દે ચર્ચા થઈ હતી. જેમાં કુલ 27 બેઠક થશે અને કામકાજના 26 દિવસો રહેશે. 20 નવેમ્બર 2024 ના રોજ, જાહેર હિતમાં ઓન લાઈન ઓફ લાઈન વાંધા અરજીઓ સ્વીકારવામાં આવી હતી. જેમાં શહેરમાંથી 5400 અને ગ્રામ્યમાંથી 5600 વાંધા અરજીઓ આવી છે. 11,046 અરજીઓ મળી છે જેમાં 61% જેટલી અરજીઓ જંત્રીના રેટ ઘટાડવાની મળી છે. જ્યારે જંત્રીના દર વધારે છે એવી 1753 અરજી કરવામાં આવી છે. એટલું જ નહી જંત્રીના દર ઓછાથી વધારવાની પણ અરજીઓ પણ મળી છે. તમામ અરજીઓને કમિટી સલાહ સૂચન સાથે વિગતે રાજ્ય સરકારને મોકલશે. ત્યારબાદ આગામી



દિવસોમાં જંત્રીને લઈને અંતિમ નિર્ણય લેવાશે. ઋષિકેશ પટેલે જણાવ્યું કે રાજ્ય સરકારને મળેલા વાંધા સૂચનો પર ચર્ચા કરીને પછી જંત્રી મુદ્દે નિર્ણય લેવામાં આવશે. તેમણે જણાવ્યું કે જિલ્લા લેવલે સ્ક્રૂટિની થયા બાદ આ અરજીઓ મળી છે. રાજ્ય કક્ષાએ આખરી થયેથી આની જાહેરાત કરવામાં આવશે. ભાજપના ધારાસભ્ય અરવિંદ લડાની દ્વારા કરવામા આવેલા આક્ષેપ જેમાં રાજકોટમાં મગફળી ખરીદીમાં ભ્રષ્ટાચાર મુદ્દે ઋષિકેશ પટેલે જણાવ્યું કે આ મુદ્દે ફરીયાદની ગ્રેવીટી જોયા બાદ કાર્યવાહી કરવામાં આવશે.ખેડા અને બનાસકાંઠા જિલ્લામાં ચૂંટણી થવાની હતી જેમાં બનાસકાંઠા જિલ્લાનું નવસર્જન થતાં અને ખેડા જિલ્લા પંચાયતના નડિયાદ મહાનગરપાલિકામાં 10 જેટલાં ગામો ભળી જતાં પુન: ગઠન થવાનું હોય ચૂંટણી જાહેર કરવામાં આવી નથી.




**ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં કચ્છના ચાંદ્રાણી ખાતે શ્રી સ્વામીનારાયણ વૈદિક ગુરુકુળનો શિલાન્યાસ**

## રાજ્યના રોડ-રસ્તાં પહોળા કરવા ભૂપેન્દ્ર પટેલ સરકારે ફાળવ્યા 467.50 કરોડ

વિજયવીર યાદવ

ગુજરાતને વધુ વેગવન્તુ બનાવવા માટે સરકારે વધુ એક મોટો પ્રયાસ કર્યો છે, સરકારે કેટલાક કામોને મોટા પાયે મંજૂરી આપી છે. રાજ્યમાં ભૂપેન્દ્ર પટેલ સરકારે રોડ રસ્તાં પહોળા કરવા અને અન્ય સુવિધાઓને વધારવા માટે જુદીજુદી કેટગરીમાં કરોડો રૂપિયાની ફાળવણી કરી છે. જેમાં સૌથી વધુ રોડ અને રસ્તાને પહોળા કરવા માટે 400 કરોડથી વધુ રૂપિયા ફાળવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉત્તરોત્તર સંગીન બનાવીને લોકોને અને ઉદ્યોગ વ્યાપારને ઈઝ ઓફ ટ્રાન્સપોર્ટેશન આપવાનો સુચારુ અભિગમ અપનાવ્યો છે. તેમણે આ સંદર્ભમાં રાજ્યમાં ફૉરલેન માર્ગોની સાપેક્ષમાં જે હયાત પુલો અને સ્ટ્રક્ચર્સ સાંકડા છે તેને પહોળા કરવાના 11 કામો માટે 467.50 કરોડ રૂપિયા ફાળવવાની મંજૂરી આપી છે. નાગરિકોને વાહનવ્યવહાર માટે સરળ અને સલામત માર્ગો મળે તથા પરિવહન ઝડપી બનાવી શકાય તેવો હેતુ મુખ્યમંત્રીએ આ માર્ગો-પુલોના સ્ટ્રેન્થનીંગ અને વાઈડનીંગમાં રાખ્યો છે. ભૂપેન્દ્ર પટેલે આ અગાઉ સાંકડા પુલો-સ્ટ્રક્ચર્સને પહોળા કરવા 20 રસ્તાઓના કામો માટે 245.30 કરોડ રૂપિયા મંજૂર કરેલા છે હવે વધુ 11 માર્ગોને પહોળા કરવા 467.50 કરોડ રૂપિયા તેમણે માર્ગ-મકાન વિભાગને ફાળવ્યા છે. આના પરિણામે 11 સ્થળોએ બૉટલનેક પરિસ્થિતિનું નિવારણ આવશે તથા વધુ સુવિધાયુક્ત સલામત રસ્તા લોકોને મળશે. સીએમ ભૂપેન્દ્ર પટેલે આ ઉપરાંત અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણય લઈને ઔદ્યોગિક અને ક્વૉરી વિસ્તારોને જોડતા ૨૯ રસ્તાઓના મજબૂતીકરણ, વિસ્તૃતિકરણ અને કાચા માર્ગોથી પાકા માર્ગો બનાવવા 189.90 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.